# પ્રકરણ ૧

# સ્વપ્નવાસ્તવ:

# સંજ્ઞા અને સિદ્ધાંતચર્ચા

'સ્વપ્નવાસ્તવ' સંજ્ઞા બે અલગ અલગ સંજ્ઞા 'સ્વપ્ન' અને 'વાસ્તવ'નો સમન્વય છે. સ્વપ્નરૂપી વાસ્તવ એટલે સ્વપ્નવાસ્તવ અથવા સ્વપ્નનું વાસ્તવ એટલે સ્વપ્નવાસ્તવ કહી શકાય. સ્વપ્નવાસ્તવને સમજતા પહેલા આ બંને સંજ્ઞાને સમજવી આવશ્યક છે. સ્વપ્નની વાત કરતાં પહેલા આપણે વાસ્તવને સમજવાનો પ્રયત્ન કરીએ. કેમકે વાસ્તવને સમજ્યા વિના સ્વપ્નનું વાસ્તવ સમજી શકાશે નહિ. અહીં આપણે સ્વપ્નને સમજવાનું છે અને વાસ્તવને પણ સમજવાનું છે. તેની સાથે તેનું નવલકથામાં નિરૂપણ કેવી રીતે થાય છે તે પણ જોવાનું છે.

## ❖ ૧.૧ વાસ્તવ સંજ્ઞા અને વિભાવના

આ વાસ્તવ સંજ્ઞા અંગ્રેજીના Real શબ્દ પરથી ઉતરી આવેલ છે. જેના પર્યાય તરીકે 'Actual', 'Existing', 'Notificational', 'Genuine', 'Authentic', 'Confide', 'True', 'Unfeigned', 'Unpretended', 'Heart fact', 'Proper' જેવા શબ્દો પ્રયોજાય છે. આ Real શબ્દ પરથી જ Reality શબ્દ આવ્યો છે. Reality એટલે સચ્ચાઇ, એવું તથ્ય જે તેના મૂળ સાથે સામ્ય ધરાવતું હોય. પ્રત્યક્ષપણે સાચું સ્વરૂપ, સત્ય, વાસ્તવિકતા, વસ્તુસ્થિતિનું ખરાપણું, તેનું અસ્તિત્વ, હયાતીપણું એટલે Reality (વાસ્તવિકતા). 'વિનયન શબ્દકોશ'માં અંગ્રેજી સંજ્ઞા Realનું ગુજરાતી કરતાં જણાવે છે કે બ્રાઝિલમાં Real એક નાણું પણ છે. જ્યારે વિશેષણ તરીકે Real એટલે તથ્યપૂર્ણ, યથાર્થ, વાસ્તવિક, સત્ય, તાત્વિક, અસલ, અસલી, અન્વર્થ, અકૃત્રિમ, અકલ્પિત, પ્રાકૃતિક, નૈસર્ગિક, સ્વાભાવિક, સહજ, સ્થાવર, અચલ. (વિનયન શબ્દકોશ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્ય-અમદાવાદ, સં. ભટ્ટ નરહરિ, પાના નં. ૮૫૦) ગુજરાતી શબ્દકોશ 'ભગવદ્ગોમંડલ'માં 'વાસ્તવ' શબ્દને સમજાવતા લખ્યું છે કે, 'વાજબીપણું, સત્યભૂત પદાર્થ, સાચી હકીકત, નિશ્ચિત; નક્કી કરેલું, પ્રત્યક્ષ, મૂર્ત, વાસ્તવિક; બરોબર; ખરેખર; યોગ્ય; ઘટીત; યથાર્થ; સાચું; ખરું; વાજબી.' (ભગવદ્ગોમંડળ, પ્રવીણ પુસ્તક ભંડાર-રાજકોટ, ૧૯૮૬, પાના નં.૮૦૨૪) 'બૃહદ્ ગુજરાતી શબ્દકોશ' અને 'શબ્દાર્થકોશ'માં પણ આ જ બાબતોનું પુનરાવર્તન થાય છે.

'સાર્થ જોડણીકોશ' મુજબ વાસ્તવ એટલે યથાર્થવાદી, વાસ્તવિક કલ્પના કે, ભાવનાથી પ્રેરાઇને નહીં એવો અર્થ રજૂ થાય છે. તો 'બૃહદ્ ગુજરાતીકોશ'માં 'વાસ્તવ' એટલે વાસ્તવિક, હોવાપણું, વસ્તુસ્થિતિ, સાચી હકીકત કે વાજબી હોવાપણું જેવા અર્થો સૂચવાયા છે. (બૃહદ

ગુજરાતીકોશ, સં. કે. કા. શાસ્ત્રી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય-અમદાવાદ, ૧૯૮૬, પાના નં. ૨૦૬૦)

'બૃહદ હિન્દી કોશ'માં પણ વાસ્તવ સંજ્ઞાને આવા જ પર્યાય દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. `वास्तव, यथार्थ, सत्य, निश्चित, असल तत्त्व, परमार्थभूत पदार्थ, सत्यतः, सचमूच.' (બૃહદ હિન્દી કોશ, દ્વિતીય આવૃત્તિ-૨૦૧૩, પ્રકાશક જ્ઞાનમંડલ-બનારસ)

'હિન્દી વિશ્વકોશ'માં બધાથી વિપરીત વાસ્તવને અધ્યાત્મ સાથે જોડવામાં આવે છે. `હિન્દી વિશ્વ કોશ' મુજબ વાસ્તવ એટલે 'वास्तव यानि ब्रह्म और ब्रह्म द्वारा निर्मित.' 'હિન્દી વિશ્વકોશ' મુજબ જગત મિથ્યા છે કેમ કે જગતમાં સત્ય એકમાત્ર બ્રહ્મ છે. આમ જોવા જઈએ તો 'હિન્દી વિશ્વકોશ' પણ વાસ્તવ એટલે સત્ય એ બાબતનો સ્વીકાર તો કરે જ છે. (હિન્દી વિશ્વકોશ, સંપાદક-નગેન્દ્રનાથ વસુ, વોલ્યુમ ૨૧, પ્રકાશકઃ નગેન્દ્રનાથ વસુ અને વિશ્વનાથ વસુ-કલકત્તા, પાના નં.૨૩૭)

આમ, વાસ્તવ માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ત્રણેય ભાષામાં અમુક અપવાદને બાદ કરતા સમાન વાત જ કરવામાં આવી છે. એ રીતે આમ વાસ્તવ સંજ્ઞાને સત્યભૂત તત્ત્વ સાથે સંબંધ છે. જેનું હોવાપણું નકારી ના શકાય તે વાસ્તવ. વાસ્તવ સંજ્ઞાને વિશેષ સમજાવતા Oxford Dictionary'માં લખ્યું છે કે 'Actually existing as a thing or occur sing in fact; not imagined, or supposed' (https://www.lexico.com/en/definition/real Dated:24/11/2019 03:31 pm)

આમ Realનો ગુજરાતી અર્થ જોઈએ તો, પ્રત્યક્ષ હસ્તી ધરાવતું કે થતું, વસ્તુનિષ્ઠ માની લીધેલું નહિ પણ વાસ્તવિક. કાલ્પનિક નહિ પરંતુ વિદ્યમાન. ઉપજાવી કાઢેલું નહિ તેના બદલે નિર્ભેળપણે સાચું, કૃત્રિમ નહિ અસલ અને સ્થાવર સ્વરૂપનું જે ખરેખર હોય એવો થાય છે.

વાસ્તવનો શબ્દકોશીય અર્થ તપાસતા ઉપરની તમામ વિભાવના આપણને સ્થૂળ વાસ્તવ તરફ દોરી જાય છે. વાસ્તવના ગૂઢ અર્થ સુધી પહોંચવા માટે તત્ત્વજ્ઞાન તરફ જવું આવશ્યક બને છે. તત્ત્વજ્ઞાનની ભાષામાં વાસ્તવ એટલે કોઇક વસ્તુ કે પરિસ્થિતિની પૂર્વ શરત. કોઇપણ પદાર્થ, તે

પરિસ્થિતિની હાજરીનું પ્રમાણ, તેનું હોવાપણું. કોઈ પદાર્થના હોવાપણાના અલગ અલગ પરિમાણ હોઈ શકે છે અને એટલે જ આ વાસ્તવને આપણે અહીં અનેક પરિમાણ પર તપાસવું રહ્યું. વળી, આ વાસ્તવ શબ્દ પ્રવાહી છે. જેવા પાત્રમાં નાખો તેવો આકાર લઇ લે છે. વિજ્ઞાનમાં તે પરિમાણ અને સ્થૂળ દેહે વિચરે છે જેને આપણે ભૌતિક તત્ત્વ કહીએ છીએ. તત્ત્વજ્ઞાનમાં તે વસ્તુસ્થિતિ પરિસ્થિતિ બને છે. તો કલામાં આ બંને પરિમાણ ઓગળીને એક વિશિષ્ટ ઘાટ પામે છે.

Henry James પોતાની 'The portrait of lady' નામની નવલકથાની પ્રસ્તાવનામાં નવલકથાની મહત્ત્વની લાક્ષણિકતા અને નવલકથાના સર્વોચ્ચ ગુણ તરીકે વાસ્તવને પ્રતિપાદિત કરતા કહે છે કે, 'The air or Reality is the supreme virtue of the novel' (Henry James, Introdurction, The Potrait of Lady). તો David Goldknopf 'The Life of the Novel' નામના પોતાના પુસ્તકમાં જણાવે છે તે મુજબ Reality એટલે વાસ્તવ 'જેને આપણે ગ્રહણ કરી શકીએ તેવા આપણા અનુભવો' આ બંને વ્યાખ્યા આપણને સ્થૂળ વાસ્તવથી અલગ એક અનુભવના વાસ્તવ તરફ લઇ જાય છે.

આપણે વાસ્તવ, વાસ્તવિકતા અને વાસ્તવવાદને ભેળસેળ કરી દઇએ છીએ પરંતુ આ ત્રણેય એક નથી. ડૉ. ત્રિભુવનસિંહના કહેવા મુજબ યથાર્થ અને યથાર્થવાદ વચ્ચે ભેદરેખા છે. આપણે ત્યાં જે કંઇ ચર્ચા થઈ છે તે વાસ્વવાદ સંદર્ભે થઈ છે. વાસ્તવ અને વાસ્તવવાદમાં મણકા અને માળા જેટલો ભેદ છે. વાસ્તવના વિવિધ મણકાઓ ભેગા થઈને વાસ્તવવાદનો સંપ્રદાય બન્યો છે.

દર્શનશાસ્ત્રમાં વાસ્તવ માટે બે મૂળભૂત માન્યતાઓ દર્શાવવામાં આવી છે.

- (૧) વસ્તુઓ અથવા તો જ્ઞાન મનથી બાહ્ય સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે.
- (૨) જ્ઞાનથી જાણેલ પદાર્થમાં કોઇ પ્રકારનું પરિવર્તન નથી આવતું. પદાર્થ જે સ્વરૂપે હોય છે તે જ સ્વરૂપે તે ઓળખાય છે.

વિજ્ઞાન અને દર્શનશાસ્ત્ર મુજબ જોવા જઇએ તો કોઈ બાબત કે પદાર્થનું સત્ય એક જ છે. જેમ કે કાળો રંગ અમુક રંગોના મિશ્રણથી બને છે. આ બાબત વિજ્ઞાનનું સત્ય છે. કાળા રંગનું વૈજ્ઞાનિક વાસ્તવ છે. આજ કાળો રંગ દર્શનશાસ્ત્રમાં આવે છે એટલે સ્થળ, કાળ, સમય, પરિવેશ

મુજબ કાળા રંગનું અસ્તિત્વ(વ્યક્તિત્વ) બદલાય છે. જે Philosophyનું વાસ્તવ છે. અમુક સમય, સ્થળ, સમાજમાં આ કાળો રંગ અશુભ છે તો ક્યાંક શુભ. આ બંન્ને સત્યની ઉપર છે કલાનું સત્ય-કલાનું વાસ્તવ. જે આ બંન્નેના સંયોજનથી નીપજે છે.

'વાસ્તવ' સંજ્ઞા તેના વિશેષણ પર વધારે આધારિત છે. તેની સાથે જોડાતા વિશેષણની અર્થછાયા ગ્રહણ કરીને આપણી સમક્ષ પ્રગટ થાય છે. આમ, વાસ્તવનું સ્વતંત્ર અસ્તિત્વ વર્ણવવું અઘરું છે. વાસ્તવ એક અનુભૂતિ છે; અવર્ણનીય અનુભૂતિ. પાણી એટલે શું? એવો પ્રશ્ન થાય તો તે સમજાવવું અઘરું છે. શું એમ કહેવું પૂરતું છે કે, $H_2O$ એટલે પાણી. જેમ પાણી સાથે વિવિધ રંગ ભેળવતા પાણી તે રંગને ગ્રહણ કરી લે છે. જે પાત્રમાં ભરશો તેનો આકાર ગ્રહણ કરશે. બસ, એ જ રીતે વાસ્તવ શબ્દ પણ પ્રવાહીની જેમ જે વિશેષણ સાથે જોડાય છે તેના જેવી અર્થછાયા ગ્રહણ કરી લે છે.

આપણે મરચાંને જોઈએ તો તેને મરચાં તરીકે ઓળખી લઈએ છીએ ને? આ મરચાંનો રંગ, આકાર તેનું મરચાં તરીકેનું વાસ્તવ ખરું પણ તેની ખરી વાસ્તવિકતા તો તીખાશ છે. 'નરી આંખે દેખાય છે, જે ઠોસ નક્કર છે, જેને સ્પર્શી શકાય છે તે જ વાસ્તવ નથી. આવી દષ્ટિગોચર વાસ્તવિકતાની સૃષ્ટિ ઉપરાંત મન અને ચેતનથી એક બીજી સૃષ્ટિ છે. આપણે જેમ બહારના વસ્તુ જગતની વાસ્તવિકતા અનુભવીએ છીએ તેમ આપણી અંદર પણ ચિત્તની એક વાસ્તવિક સૃષ્ટિ છે. એ સૃષ્ટિમાં આપણે કલ્પના, તરંગ, સ્વપ્ન કે તંદ્રાની ભૂમિકાએ જીવીએ છીએ.' (નવલકથા શિલ્પ અને સર્જન, નરેશ વેદ, ૨૦૧૦, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, પાના નં. ૬૬) આમ આપણી જ્ઞાનેન્દ્રિય દ્વારા અનુભવાતું, વસ્તુ, પદાર્થ, પરિસ્થિતિનું અસ્તિત્વ એટલે વાસ્તવ. જેમ કે કોઈ પદાર્થને આંખથી જોઈ શકીએ કે સ્પર્શી શકીએ છીએ તો એ તેની સપાટીનું બાહ્ય વાસ્તવ છે. કોઈ પદાર્થને સુંઘીને કે ચાખીને તેનો અનુભવ કરીએ તે સ્વાદની અનુભૂતિનું વાસ્તવ છે. કોઈ પદાર્થ કે તરંગનો અવાજ પણ જે તે પદાર્થનું અસ્તિત્વ જ બયાન કરે છે.

વાસ્તવ વિશે વધારે સુક્ષ્મ રીતે વાત કરતા જયંત ગાડીત કહે છે કે, 'વાસ્તવ એટલે ઇન્દ્રિય પ્રત્યક્ષ વસ્તુ જગત જ નહિ એ વસ્તુ જગતના સંનિર્ષકથી સભાન-અભાન ચિત્તમાં ઉઠતા અનેકાનેક વિચારો એષણાઓ, ઝંખનાઓને લાગણીઓમાંથી બંધાતુ વિવિધ રૂપોવાળું મનુષ્યનું સંકુલ મનોવિશ્વ એ પણ એક પ્રકારનું વાસ્તવ છે. એ ચૈતસિક વાસ્તવ છે.' (ગાડીત જયંત,

નવલકથા વાસ્તવ અને વાસ્તવવાદ, ૧૯૮૫, પાના નં.૧૩) જયંત ગાડીતની આ વ્યાખ્યા આપણને ચૈતસિક વાસ્તવ સુધી પહોચાડે છે. સ્થૂળ વાસ્તવનો સબંધ બાહ્ય દેખાવ અને પદાર્થના દેખીતા રૂપ સાથે છે જ્યારે ચૈતસિક વાસ્તવનો સબંધ પદાર્થ અને વસ્તુ, સ્થિતિના અનુભવ સાથે છે. આ તો થયો વાસ્તવનો પ્રાથમિક અને પ્રચલિત અર્થ પરંતુ કળામાં જ્યારે આ વાસ્તવ આવે છે, ત્યારે ઘણાં પ્રશ્નો ઉદ્ભવે છે. વ્યવહારનું સત્ય અને સાહિત્યનું સત્ય ભિન્ન હોય છે. જેમ મોટાભાગના ગ્રંથો કહે છે તે મુજબ વાસ્તવ એટલે સત્ય અને સાહિત્ય એટલે કલ્પના. કલ્પના અને સત્ય બંને સામસામેની બાબતો છે ત્યારે કલાના વાસ્તવને સત્ય કેવી રીતે કહીશું એવો પ્રશ્ન થાય. આ બાબતને એ રીતે સમજાવી શકાય કે, સાહિત્ય હંમેશા વાસ્તવદર્શી જ હોય છે. ભલે તેમાં કલ્પના હોય. કેમ કે વાસ્તવ વિના કલ્પના શક્ય જ નથી. જે બાબતનું જગતમાં અસ્તિત્વ ન હોય. જે ઘટના, પદાર્થ સ્થળ વિશે સર્જક કે કોઈ પણ માનવ જાણતો ન હોય તે બાબત કળામાં આવવી અસંભવ છે.

સમય-સ્થળ-પરિવેશ મુજબ આ વાસ્તવનું રૂપ બદલાતું રહે છે. વાસ્તવ તરફ જોવાનો સર્જકોનો અભિગમ પણ બદલાતો રહે છે. આથી વાસ્તવ વિશે કોઇ નિશ્ચિત ખ્યાલ બાંધવો મુશ્કેલ છે. બિપિન આશર તો ત્યાં સુધી કહે છે કે, 'વાસ્તવ અને વાસ્તવવાદ સંજ્ઞાને કોઇ એક નિશ્ચિત વ્યાખ્યાના પિંજરામાં પુરવી મુશ્કેલ જ નહીં અશક્ય લાગે છે.' (આશર બિપિન, વાસ્તવવાદ અને..., પ્રકાશકઃ પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૬, પાના નં. ૦૫) આ અશક્યતાનું કારણ આપતા આગળ કહે છે કે, 'અશક્ય એટલા માટે કે આ વિશ્વ માનવીય સૃષ્ટિ કે માનવજીવન અનેકાનેક પ્રકારના વૈવિધ્યથી ભરેલા છે. ક્યાંક કોઇ વસ્તુમાં, વ્યક્તિમાં, પરિસ્થિતિમાં, અનુભવોમાં સામાજિક, આર્થિક સ્થિતિમાં સામ્ય જોવા મળતું નથી. આ જગતમાં ગંદગી છે તો સૌંદર્ય પણ છે.' (આશર બિપિન, વાસ્તવવાદ અને...., પ્રકાશકઃ પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૬, પાના નં.૦૫)

વાસ્તવ બહુરૂપી છે. તેના અસંખ્ય ચહેરાઓ છે. અનેક છાયાઓ છે. જેટલા ચહેરા એટલા જ વાસ્તવના પ્રકારો છે. વાસ્તવ સાથે જોડાતા વિશેષણો વાસ્તવને એક વિશિષ્ટ અર્થ આપે છે. જેને આપણે વાસ્તવના પ્રકાર ગણાવી શકીએ. તો હવે આ વાસ્તવના પ્રકારો વિશે વાત કરીએ.

## ❖ ૧.૨ વાસ્તવના પ્રકારો

વાસ્તવ એટલે શરીર, મન કે પદાર્થની સ્થિતિ-પરિસ્થિતિ. આ વાસ્તવ સંજ્ઞા સાથે અનેક વિશેષણો જોડાતા વિવિધ પ્રકારો આપણને જોવા મળે છે. નરેશ વેદ તેમના પુસ્તક 'નવલકથાઃ શિલ્પ અને સર્જન'માં ભૌતિક વાસ્તવ, સામાજિક વાસ્તવ, ચૈતસિક વાસ્તવ અને ભાષાકીય વાસ્તવ એમ ચાર પ્રકાર જણાવી તેની વિગતે ચર્ચા કરે છે. જયંત ગાડીત 'નવલકથા વાસ્તવ અને વાસ્તવવાદ' પુસ્તકમાં વસ્તુનિષ્ઠ વાસ્તવ, સામાજિક વાસ્તવ અને મનોવૈજ્ઞાનિક વાસ્તવ એમ વાસ્તવના ત્રણ પ્રકારો વિશે સ્પષ્ટતા કરે છે. અજય રાવલ તેમના સંશોધનગ્રંથ 'નવલકથાઃ સમય સંદર્ભ અને સમય સંકલના'માં વાસ્તવના ચાર પ્રકારોમાં ભૌતિક વાસ્તવ, માનસિક વાસ્તવ, સામાજિક વાસ્તવ અને ભાષાકીય વાસ્તવને સ્થાન આપે છે. બિપિન આશર સ્પષ્ટ શબ્દોમાં વાસ્તવના બે પ્રકારો જણાવે છે. બાહ્યવાસ્તવ અને આંતરવાસ્તવ. તેમના કહેવા મુજબ બાકી બધા જ વાસ્તવ એના પેટા પ્રકારો છે.

વાસ્તવના બીજા બે પ્રકારો પણ ગણાવી શકાયઃ સ્થૂળવાસ્તવ  અને સૂક્ષ્મવાસ્તવ. જે કોઈ વસ્તુ કે પદાર્થને જોઈ અને સ્પર્શી શકાય તેને સ્થૂળવાસ્તવ કહેવાય છે. જ્યારે વસ્તુસ્થિતિને ભૌતિક તત્ત્વો દ્વારા જોઇ ન શકાય પણ તેની ઉપસ્થિતિનો આભાસ કે અણસાર કરી શકાય તો તેને સૂક્ષ્મવાસ્તવ ગણવામાં આવે છે. મનુષ્ય શરીર સ્થૂળ છે. પણ તેનું ચેતનતત્ત્વ સૂક્ષ્મ છે. પુષ્પ સ્થૂળ છે, પરંતુ તેમાં રહેલ સુગંધ સૂક્ષ્મ છે. લાડુ, પેંડા, ખાંડ, મિઠાઇઓ વગેરે સ્થૂળ છે, પણ તેમા રહેલ રસ-સ્વાદ સૂક્ષ્મ છે. આવી જ રીતે સંસારની દરેક સ્થૂળ વસ્તુઓમાં એક સૂક્ષ્મતત્ત્વ રહેલું હોય છે. નવલકથાની આ સ્થૂળ અને સૂક્ષ્મ વાસ્તવ જ નવલકથાની સામગ્રી બને છે. આપણી આંખ અને ત્વચા જે જોઈ અને સ્પર્શીને અનુભવ કરે છે તે સ્થૂળ વાસ્તવ અને છઠ્ઠી ઇન્દ્રિય મન દ્વારા જે અનુભવાય છે તે આંતર વાસ્તવ, સૂક્ષ્મ વાસ્તવ કે  મનોવૈજ્ઞાનિક વાસ્તવ છે. ભૌતિક વાસ્તવ એટલે સ્થૂળ વાસ્તવ અને મનોવૈજ્ઞાનિક વાસ્તવ એટલે સુક્ષ્મ વાસ્તવ. આ બન્નેથી અલગ એક વાસ્તવ વિશે સાહિત્યમાં ચર્ચા થઈ રહી છે તે છે સામાજિક વાસ્તવ. આમ તો સામાજિક વાસ્તવમાં સુક્ષ્મ અને સ્થૂળવાસ્તવનું અસ્તિત્ત્વ જોવા મળે છે. જેમ ગુલાબની વિશેષતા તેનું રૂપ અને સુગંધ છે તેમજ દરેક સમાજને તેની આગવી વિશેષતાઓ હોય છે. તે આગવી ઓળખ સામાજિક વાસ્તવ કહેવાય છે  આમ વાસ્તવને તેની વિશેષતા મુજબ આપણે ત્રણ વિભાગમાં વહેંચી શકાય છેઃ

(૧) ભૌતિક વાસ્તવ

(૨) સામાજિક વાસ્તવ

(૩) ચૈતસિક વાસ્તવ

- ભૌતિક વાસ્તવ :

વસ્તુ, પદાર્થ કે પરિસ્થિતિનું સમગ્ર સૃષ્ટિમાં એક વિશિષ્ટ અસ્તિત્વ એ ભૌતિક વાસ્તવ છે. ભૌતિકતા આમ તો Scienceનો શબ્દ છે. જેમાં ભૌતિકવિજ્ઞાન એક આખી શાખા રૂપે ફૂલ્યું ફાલ્યું છે. જેમાં ઊર્જા રૂપાંતરણ અને પદાર્થ વચ્ચેના સંબંધોની ચર્ચા કરવામાં આવે છે. આકાશ, સમય, ગતિ, પદાર્થ, વિદ્યુત, પ્રકાશ, ઉષ્મા, ધ્વનિ વગેરે ભૌતિકશાસ્ત્રના સંશોધન ક્ષેત્રો છે. વિજ્ઞાનની બીજી અનેક શાખાઓ આ ભૌતિકશાસ્ત્ર પર આધારિત છે. રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન, અવકાશવિજ્ઞાન, અણુવિજ્ઞાન જેવી શાખાઓ ભૌતિકવિજ્ઞાનમાંથી જ અલગ પડી છે. વિશ્વ આજે ભૌતિક વિજ્ઞાનના જોરે જ ચંદ્ર અને મંગળ સુધી પહોંચ્યો છે.

ભૌતિક શબ્દ 'ભૂત' ધાતુ પરથી આવેલ છે. 'ભૂત' એટલે પંચમહાભૂત- અગ્નિ, જળ, વાયુ, ભૂમિ અને આકાશનો બનેલો કોઇપણ સજીવ-નિર્જીવ પદાર્થ. આમ સમગ્ર બ્રહ્માંડ અને તેનું રહસ્ય ભૌતિક વાસ્તવમાં સમાવિષ્ટ છે. આ ભૌતિકવાસ્તવને બે ભાગમાં વિભાજીત કરી શકાયઃ (૧) નૈસર્ગિક વાસ્તવ (૨) કૃત્રિમ વાસ્તવ. નૈસર્ગિક વાસ્તવમાં આ દૂનિયાની તમામ સજીવ સૃષ્ટિ જે વિકસે છે, વૃદ્ધિ પામે છે, જેમાં પ્રાણતત્ત્વ છે. જેનું અસ્તિત્વ કુદરતી છે. તેનાથી વિપરીત કૃત્રિમ એટલે જે આપમેળે વિકાસ કે, વૃદ્ધિ પામતું નથી, જેમાં જીવન નથી. અને તેનું અસ્તિત્વ માનવ નિર્મીત છે. દા.ત પર્વત નૈસર્ગિક છે પણ તેમાંથી મળતાં પત્થરની બનેલ મૂર્તિ કૃત્રિમ છે. આ બંન્ને ભૌતિકવાસ્તવને પોતાની આગવી ઓળખના અનેક પરિમાણો રહેલા હોય છે. રંગ, આકાર, પરિમાણ, દ્રવ્યતા, અવાજ, ગંધ, સ્વાદ, વજન, ગતિ આ તમામ પરિમાણો ભૌતિક પદાર્થ કે સજીવ સુષ્ટિનું વાસ્તવ છે. આ વાસ્તવ માનવની અનુભૂતિ પર આધાર રાખે છે. આ પદાર્થનું પરિવર્તન થાય તેમ તેનું વાસ્તવ પણ પરિવર્તન પામે છે. જેમ કે, ઘઉં એ કણ સ્વરૂપે હોય ત્યારે તેનું વાસ્તવ અલગ છે, તે કણમાંથી ઉગતા છોડનું વાસ્તવ, તેમાં આવતા ડુંડાનું વાસ્તવ, તે દાણાને પીસીને બનાવેલ ઘઉંના લોટનું વાસ્તવ, એ લોટમાંથી બનેલ રોટલીનું વાસ્તવ... આમ વાસ્તવ પરિવર્તનશીલ

છે. સ્થાપત્ય, શિલ્પ અને ચિત્ર કળામાં આ ભૌતિક વાસ્તવ ઉપયોગી બને છે. થોડાંક અંશે સંગીતમાં પણ આ વાસ્તવ સહભાગી બને છે.

નવલકથામાં આ વાસ્તવ પરિવેશ સ્વરૂપે જોઈ શકાશે. ગામની ભાગોળ, કે રાજાનો મહેલ, ખેડૂતનું ખેતર અને તેમાં ઉભેલ ચાડિયો, કોઈ વસાહત કે ફૂટપાથ આ દરેક બાબત ભૌતિક વાસ્તવનો ભાગ છે.

- સામાજિક વાસ્તવ :

સમાજની આગવી વિશેષતા કે ઓળખ એટલે સામાજિક વાસ્તવ. સમાજ એટલે કોઇ માનવોનું નિશ્ચિત જૂથ કે સમૂહ. જેની આગવી ભાષા, રહેણી-કરણી, માન્યતાઓ, રિવાજો, પહેરવેશ, ખાન-પાન, બોલ-ચાલ હોય. તેની સમસ્યાઓ, ખાસિયતો તેને અન્ય સમાજથી અલગ તારવતી હોય છે. તેમની પ્રદેશગત લાક્ષણીકતાઓ, તત્કાલીન પરીબળો આ તમામ સામાજિક વાસ્તવમાં સ્થાન પામે છે. 'દિવ્યચક્ષુ'માં ભારતની આઝાદીના ચળવળનું નિરૂપણ થયું છે. તેમાં ચળવળમાં ભાગ લેનારની મનોદશા અને વિચારોના આંતરિક વાસ્તવ ચૈતસિક ભૂમિકાએ રજૂ થયા છે. સત્યાગ્રહ આશ્રમની છણાવટ ભૌતિક વાસ્તવ ગણી શકાય. આ બંને દ્વારા અંતે તો તે સમયનો સમાજ જ નજર સમક્ષ ઉપસ્થિત થાય છે. સામાજિક નવલકથામાં આ સામાજિક વાસ્તવને અલગ તારવી મૂલ્યાંકન થઈ શકશે. આપણી નવલકથાઓમાં સૌથી વધુ આ સામાજિક વાસ્તવ પ્રગટ થતું જોવા મળશે. નવલકથા સહિત તમામ સાહિત્ય અંતે તો સમાજનું જ પ્રતિબિંબ ગણાય છે. સમાજની સારી નરસી છબી દરેક કાળમાં અલગ અલગ સ્વરૂપે પ્રગટ થતી આવી છે.

સમાજિક વાસ્તવ આંતરિક અને બાહ્ય બંને વાસ્તવ સાથે સંકળાયેલ છે. જ્યારે આપણે સમાજના પહેરવેશ કે ખાનપાનની વાત કરીએ તો એ બાહ્ય અટલે કે ભૌતીક વાસ્તવ થયું. જ્યારે આપણે સમાજની માન્યતાઓની વાત કરીએ છીએ ત્યારે તે આંતરિક વાસ્તવ થયું જેને આપને મનોવૈજ્ઞાનિક વાસ્તવ કહીએ છીએ.

- મનોવૈજ્ઞાનિક વાસ્તવ :

મનોવૈજ્ઞાનિક વાસ્તવને ચૈતસિક વાસ્તવ પણ કહી શકાય. મન અને ચેતના બંને સંજ્ઞાને જોડી મનોચૈતસિક વાસ્તવ પણ કહી શકાય. ભૌતિક અને સામાજિક વાસ્તવના અનુભવ રૂપે

મનમાં રચાતું વાસ્તવ એટલે ચૈતસિક વાસ્તવ. જેમ કોઇ વસ્તુ, પદાર્થ, પરિસ્થિતિને જાણવા અર્થે તેના વિશેની આપણી ચેતના કેવી છે તે જાણવું જોઈએ. પદાર્થ, ઘટના, પરિવેશને તેના અંતઃતત્ત્વને તેના સમગ્ર રીતે તેના સ્વરૂપમાં પામવા માટે ચેતના જ સર્વોપરી છે. હવે પ્રશ્ન એ થાય કે, આ ચેતના એટલે શું ? તો આ ચેતના એટલે જ્ઞાન, ભાન, જાગૃતિ... ચેતના કોઇ પદાર્થ કે વસ્તુ નથી એ તો વ્યાપાર છે અને આ વ્યાપાર અગમ્ય છે. વ્યક્તિના જીવનની અગત્યની પ્રવૃત્તિઓના મૂળ તેની ચેતનામાં એટલે કે તેના મનમાં, તેના અનુભવોમાં પડેલા છે.

એક નાની એવી બોધ કથા છે જે બાળપણમાં આપણે સાંભળી હશે ગધેડાની માથે મીઠાની ફેરી થતી હોય છે એક વાર નદીના વહેણ માંથી આ ફેરી થતી હતી ત્યારે અચાનક ગધેડાનો પગ લપસી જાય છે અને તે પડી જાય છે સાથે તેની મીઠાની ગુણ પણ પડી જાય છે. તેના પર ફરી ગુણ મૂકી માલિક આગળ વધે છે. ગધેડાને અચાનક તેનો ભાર હળવો લાગે છે અને તેના ચેતનામાં મનમાં વિચાર આવે છે જે કઈ હોય પાણીમાં ગુણ પડી જવાથી તેનો બોજ હળવો થાય છે. પછી કથા તો ઘણી મોટી છે.

પરંતુ મૂળ વાત એ છે કે માનવનું ચૈતસિક વાસ્તવ એટલે તેના અનુભવો અને એ અનુભવે લાધેલ બોધ. આ અનુભવોથી જ માનવ તેની જન્મગત(ભૂખ, મૂળભૂત વૃત્તિઓ) અને આદર્શો, પ્રાપ્ત કરે છે. માનવ તેની ચેતનાને તેના વર્તન, વ્યવહાર દ્વારા પ્રગટ કરે છે.

આજે માણસ જેટલો બહાર જીવે છે તેનાથી વધુ તે અંદર જીવે છે. માણસનું મન ચંચળ હોય છે માણસને બાહ્ય પરિબળોથી તો બાંધી શકાય છે પરંતુ તેના મનને બાંધી શકતું નથી. માણસનું મન સતત કાર્યશીલ હોય છે. જેનો પ્રભાવ તેના સ્વભાવ પર અને તેના બાહ્ય વર્તન પર પડે છે. ક્યારેક માણસ તેના વર્તન પર કાબુ મેળવી લેતો હોય છે તો ઘણી વાર તેનું મન તેના વર્તન પર હાવી થઈ જતું હોય છે. માનવના મનની અટપટી લાગણીઓ એષણાઓ વિવિધ સ્વરૂપે પ્રગટતી રહે છે. જેનો અભ્યાસ મનોવિજ્ઞાન કરે છે.

મનોવૈજ્ઞાનિક વાસ્તવ સંપૂર્ણપણે આંતરિક વાસ્તવ છે. નવલકથામાં જે લાગણીઓ, સંઘર્ષો રજૂ થાય છે તે મનોવૈજ્ઞાનિક વાસ્તવનો ભાગ છે. માનવ તેના જીવન કાળમાં સ્થિતપ્રજ્ઞ રહી શકતો નથી. માનવ સાથે બનતી ઘટનાઓથી તેને ક્યારેક ખુશી, શોક, દુઃખ, ક્રોધ, ઈર્ષા, કરુણા, જુગુપ્સા,

ભય જેવી લાગણીઓ જન્મે છે. આ લાગણીઓ વખતનો માનવનો કે પાત્રનો વ્યવહાર નવલકથામાં મનોવૈજ્ઞાનિક વાતાવરણ ઊભું કરે છે.

ઓગણીસમી સદીના ઉતરાર્ધમાં જ્યારે ભૌતિકશાસ્ત્રો વિકાસની ચરમસીમા પર હતાં અને બુદ્ધિવાદનું સામ્રાજ્ય હતું ત્યારે બુદ્ધિથી અગમ્ય, અગોચર એવા મનનો સ્વીકાર ફ્રોઇડે કરાવ્યો. મનના વિજ્ઞાનનું મૂળ મનમાં છે અને આ મનનું મૂળ વ્યક્તિની મૂળભૂત વૃત્તિઓમાં રહેલું છે. માનવ શરૂઆતમાં જંગલી દશામાં સદીઓ સુધી જીવ્યો. માનવ અન્ય પશુની જેમ જ વર્તન કરતો એટલે કે ભૂખ લાગે તો ખાઈ લેવું અને ઊંઘ આવે તો સુઈ જવું. આમ તે સંપૂર્ણ પ્રાકૃતિક દશામાં જીવતો. કાળક્રમે માણસે પોતાની અલગ સંસ્કૃતિનું નિર્માણ કર્યું. જેમાં દરેક કાર્ય માટે સાધક બાધક નિયમો બનાવ્યા. આ નિયમોની સૌથી વધુ અસર માણસની મૂળભૂત વૃતિઓને થઈ. આ મૂળભૂત વૃત્તિઓ એટલે કઈ તેને જાણવાનો પ્રયત્ન કરીએ.

## ❖ ૧.૩ વ્યક્તિની મૂળભૂત વૃત્તિઓ

મૂળ શબ્દ એટલે કે જે પહેલાથી છે અથવા તો મૂળમાં કારણમાં રહેલ છે તે. અમુક બાબતમાં દરેક સજીવ અને દરેક દેશ વિદેશનો માનવ સમાન છે.. જેમ કે, દરેક પ્રાણીને ભૂખ લાગે છે. દરેક માનવને હર્ષ, શોકની લાગણીઓ હોય છે. આ ભૂખ મટાડવા દરેક સજીવ અલગ અલગ આહાર લેતો હોય છે અને લાગણીઓના ઉન્માદમાં અલગ અલગ રીતે પ્રગટ થતો હોય છે. દર્શનશાસ્ત્રમાં વ્યક્તિની મૂળભૂત વૃત્તિઓ તરીકે ધર્મ, અર્થ કામ અને મોક્ષને માનવામાં આવે છે. સમાજે આમ તો આ ચારેય વૃતિઓને આચરણમાં સ્થાન આપ્યું છે. ધર્મ, અર્થ અને મોક્ષ વિશે સમાજ છૂટથી ચર્ચા કરે છે. પરંતુ કામ શબ્દ આપણા વ્યવહારમાં ટેબુ બની ગયો છે જેને ફ્રોઇડ લીબેડો કહે છે. ફ્રોઇડના મત મુજબ આ લીબેડો વ્યક્તિની મૂળ વૃતિઓમાંની એક છે. બાહ્ય ઉત્તેજનાઓને દુર કરી આંતરિક સમતુલા જાળવવાનું કાર્ય આ મૂળભૂત વૃત્તિઓ કરે છે. જે તમામ સજીવમાં સમાન રીતે કાર્ય કરે છે. સજીવ માત્ર સમક્ષ બે ધ્યેય હોય છેઃ આત્મસંરક્ષણ અને વંશસંરક્ષણ. આત્મસંરક્ષણનું કાર્ય અહમ કરે છે અને વંશસંરક્ષણનું કાર્ય જાતીય વૃત્તિ કરે છે. જો આ કાર્યોમાં વિઘ્નો આવે તો આત્મસંરક્ષણ અર્થે વ્યક્તિ બચાવ પ્રયુક્તિનો ઉપયોગ કરે છે અને જાતીયવૃત્તિ માટે દમનનો માર્ગ અપનાવે છે.

માનવ બુદ્ધિની બાબતમાં અન્ય સજીવોથી અલગ પડે છે. માનવ સભ્યતાનું ઘડતર કરતા કરતા સમાજ નિર્માણ અને તેને ટકાવી રાખવા જે નિયમો બન્યા તેની સાથેની નિસ્બતે માનવને બચાવ પ્રયુક્તિ તરફ ધકેલ્યા. જો માનવની જરૂરિયાતો સંતોષાય નહિ તો તે પશુની જેમ આક્રમક નથી થતો. કોઈ ઇચ્છા પૂરી ન થાય તો નાસીપાસ ન થતા બચાવ પ્રયુક્તિનો સહારો લે છે. જો તે આ બચાવ પ્રયુક્તિ ન અપનાવે તો સંભવ છે કે માનવની ઇચ્છાઓ અને લાલસાઓ તેની લાગણીઓને કુંઠિત કરી નાખે અને વ્યક્તિ  માનસિક રોગી બની શકે છે અથવા વિકૃતિ તરફ પણ જઈ શકે છે. તો આ બચાવ પ્રયુક્તિઓ વિશે સમજવાનો પ્રયત્ન કરીએઃ

## ❖ ૧.૪ બચાવ પ્રયુક્તિઓ

બચાવ પ્રયુક્તિઓ આંતરિક સંઘર્ષને નિવારવા અર્થે પ્રયોજાતી હોય છે. ઈડ જ્યારે મૂળભૂત વૃત્તિઓ સંતોષવા તીવ્ર દબાણ કરે છે અને સુપર ઈગો ઠપકો આપે છે ત્યારે ઈગો આ બંનેથી બચવા જે વચ્ચેનો માર્ગ અપનાવે છે તે માર્ગ એટલે બચાવ પ્રયુક્તિઓ. આ બચાવ પ્રયુક્તિઓ એટલે યૌક્તિકીકરણ, અસ્વીકાર, પ્રતિક્રિયા રચના, પ્રક્ષેપણ, પરાગતિ, વિભાજિત વ્યક્તિત્વ, સ્થાનાંતર, રૂપાંતર, ઉર્ધ્વીકરણ, તાદાત્મય,

- **યૌક્તિકીકરણઃ** વ્યક્તિની આદિમ ઇચ્છાઓ જ્યારે ઈડ દ્વારા સંતોષાતી નથી ત્યારે અહમથી બચવા મન વાસ્તવિકતાને મારી મચડીને સ્વીકારે છે. જેમ કે, કોઈ સ્ત્રી સામાન્ય દેખાવ ધરાવે છે અને તેનાથી કોઈ પુરુષ આકર્ષણ અનુભવતો નથી ત્યારે તે સ્ત્રી પોતાનો અહં એ રીતે સંતોષે છે કે હું કોઈ એવી સ્ત્રી નથી કે જેનું કામ પુરુષોને આકર્ષવાનું હોય.
- **અસ્વીકારઃ** વાસ્તવિકતા જ્યારે દુઃખદ હોય પીડાદાયક હોય ત્યારે તે બાબત અસ્તિત્વમાં છે જ નહીં તેવો વ્યક્તિ ઢોંગ કરે છે. તે બાબતને ગણકારતી નથી. અહીં દ્રાક્ષ ખાટી છે વાળો મહાવરો બંધ બેસે છે. અણગમતા વિચારો પોતે કર્યા જ નથી તેવું મનને ઠસાવવાના પ્રયત્ન કરે છે.
- **પ્રતિક્રિયા રચના (Reaction) :** આ બચાવ પ્રયુક્તિમાં વ્યક્તિના આંતર મનમાં જે વિચારો ચાલી રહ્યા હોય વાસ્તવમાં તે તેનાથી વિપરીત વર્તન કરે છે. જેમ કે કોઈને પોતાનો જીવનસાથી પસંદ ન હોવા છતાં તે તેની સાથે ખુશ હોવાનો ડોળ કરે.

- **પ્રક્ષેપણ (Projection)** : બાળક અણગમતી વસ્તુને બહાર કાઢી નાખવાનું વલણ ધરાવતું હોય છે. આ વૃત્તિ મોટા થવાની સાથે જુદું સ્વરૂપ ધારણ કરે છે. પોતાની અનૈતિક અને અસ્વીકાર્ય ઇચ્છાઓ પોતાની નથી પણ બીજાની છે તેવું માનવા લાગે છે. જેમ કે કોઈ વ્યક્તિ તેના અજાગ્રત મનમાં કોઈને ધિક્કાર કરે છે અથવા પ્રેમ કરે છે ત્યારે તેની સામે વાળી વ્યક્તિ જ આવું કરે છે; પોતાના મનમાં તો આવું કશું જ નથી તેવી ભ્રામક સૃષ્ટી ઉભી કરે છે.
- **પરાગતિ(Regression)** : મોટી ઉંમરે બાલ્ય અવસ્થા મુજબ વર્તન કરી સલામતીનો ભાવ અનુભવવો એટલે કે પુખ્તવય થઈ હોવા છતાં બાલ્ય વયના સ્નેહીઓ તરફ જકડાઈ રહેવું. જેમ કે દરેક પુખ્તવયની વ્યક્તિ તેની માતા પ્રત્યેનું આકર્ષણ છોડી શકતી નથી.
- **વિભાજીત વ્યક્તિત્વ (Fragmented)** : એક જ વ્યક્તિમાં બે કે તેથી વધુ વિરોધી સ્વરૂપોનું અસ્તિત્વ હોવું. જેમ કે 'અપરિચિત' ફિલ્મ જેવું. અહિ વ્યક્તિ તેના એક સ્વરૂપથી જાગૃત અને સભાન હોય છે. તેનું બીજુ સ્વરૂપ અજાગ્રત ઇચ્છાઓથી પ્રેરાઈને વર્તન કરે છે.
- **સ્થાનાંતર (Transference):** કોઈ એક વ્યક્તિ, પદાર્થ કે અનુભવાતી પરિસ્થિતિ અસ્વીકાર્ય હોય અથવા શક્ય ન હોય ત્યારે તેને બદલે અન્ય પદાર્થ કે વ્યક્તિ પ્રત્યે તે વ્યક્ત થાય તેને સ્થાનાંતર કહેવાય. જેમ કે કોઈ વ્યક્તિ મેડીકલ ફિલ્ડમાં ડોક્ટર નથી થઈ શકતો તો તે Ph.D. કરી ડૉક્ટરની ઉપાધી મેળવી સંતોષ અનુભવે છે.
- **રૂપાંતર (Conversation)** : અજાગ્રત મનની ઇચ્છાઓનું શારીરિક લક્ષણોમાં બદલાવું એટલે રૂપાંતર. રૂપાંતરમાં માનસિક સંઘર્ષથી વ્યક્તિ પેરેલિસિસ, હિસ્ટીરિયા જેવી સ્થિતિમાં મુકાય છે. આવી શારીરિક લાચારીની સ્થિતિમાં વ્યક્તિ દયા અને સહાનુભુતિ મેળવે છે અને તેની સુષુપ્ત ઇચ્છાઓ સંતોષાય છે.
- **ઉર્ધ્વીકરણ (Sublimation)** : અજાગ્રત મનની અસ્વીકાર્ય બાબતો સામાજિક રીતે સ્વીકાર્ય બને એવા સ્વરૂપે ફેરવવાની ક્રિયા એટલે ઉર્ધ્વીકરણ. અહિ વ્યક્તિની જાતીય ઇચ્છાઓ જ લલિતકળા સ્વરૂપે પ્રગટ થાય છે. માતૃપ્રેમ વિસ્તાર પામી રાષ્ટ્રપ્રેમ અને માનવતામાં વિસ્તરે છે. પ્રેમલક્ષણા ભક્તિ આ માટે ઉચિત ઉદાહરણ છે.

- **તાદાત્મ્ય (Identification):** વ્યક્તિ પોતે જે કાર્ય નથી કરી શક્યો તે કાર્ય અન્ય વ્યક્તિ કરે ત્યારે પોતે જ કર્યા બરાબર સમજે છે. જેમ કે કોઈ વ્યક્તિની ઇચ્છાઓ ભણીગણી આગળ વધવાની હોય અને અમુક સંજોગોને કારણે તે ભણી નથી શકતો પણ પછી તેનો ભાઈ કે બહેન ભણીને આગળ વધે છે ત્યારે તેને જોઇને પોતે જ તે કાર્ય કર્યાનો સંતોષ મેળવે છે.

બચાવ પ્રયુક્તિ વિશે વાત કરતી વખતે આપણે ઇડ, ઈગો અને સુપર ઈગોની વાત કરી. આ ત્રણેય માનવ ચેતનાના ભાગ છે. આ તમામ બચાવ પ્રયુક્તિઓ વ્યક્તિની ચેતનામાં આકાર લેતી હોય છે એટલે વ્યક્તિની ચેતનાને સમજવી આવશ્યક બને છે આ માનવ ચેતનાના વિવિધ સ્તર હોય છે પ્રથમ તેને સમજીએ.

ફ્રોઇડે માનવની ચેતનાને ત્રણ ભાગમાં વિભાજિત કરી છેઃ

(૧) આદિઅહમ (ID)
(૨) અહમ (EGO)
(૩) પરા અહમ્ (SUPER EGO)

- ઈડ (આદિઅહમ) -

ઈડના સ્પેલિંગમાં I છે. આ આઇ એટલે હું. જે આદિઅહમ છે અને ઇચ્છાઓનો જનક છે. ID દ્વારા મનના સૌથી નિમ્નભાગનું પ્રતિનિધિત્વ થાય છે. આ ઈડ સંપૂર્ણપણે અજાગ્રત મનમાં રહેલું તત્ત્વ છે. જે અચેતન મનનો ભાગ છે. IDમાં પૂર્વજો દ્વારા પ્રાપ્ત જાતીય ગુણ, વિશેષતાઓનો સમાવેશ થાય છે. જન્મ સમયે માનવીમાં રહેલી આદિમ એટલે કે પ્રાથમિક વૃત્તિઓ એટલે 'ઈડ' કહેવાય છે. 'ઈડ'નું કાર્ય પ્રાથમિક જરૂરીયાત એટલે કે ભૂખ, તરસ વગેરેને સંતોષવાનું છે. 'ઈડ' સારું ખરાબ કઈ હોતું નથી કે નથી હોતો તેની પાસે કોઈ તર્ક. જેમકે, બાળક. ઈડ તત્કાલ સુખોપભોગ ઇચ્છે છે. સુખ પ્રાપ્તિમાં કોઇ વિલંબ તેને માન્ય હોતો નથી. આ સુખ મહદ અંશે શારીરિક હોય છે, જે કામેચ્છા રૂપે પ્રગટ થાય છે. આ પ્રાથમિક વૃત્તિઓ અવ્યવસ્થિત અને અતાર્કિક હોય છે. બાળક લગભગ અજાગ્રત અવસ્થામાં જીવતું હોય છે. આ અવસ્થામાં થતી ક્રિયાઓ કાબૂ બહાર હોય છે. નૈતિક નિયમો અને ભાવનાઓ તેના પર અસર કરતી નથી. આ ઈડ જ દમિત ઇચ્છાઓ (કામવાસનાઓ)નું એકમાત્ર સંગ્રહાલય છે.

- ઇગો (અહમ)-

'ઈગો' એ 'ઈડ'નું જ રૂપાંતરણ છે. ઈગો બહારના તથા અંદરના ઉદ્દીપનોને ગ્રહણ કરે છે. ઈડની ઇચ્છાઓને સંતોષવાનું કાર્ય આગળ જતા ઈગો કરે છે. તે બહારના જગતને સમજીને તે મુજબ વર્તન કરે છે. આ અહમ વાણી વિકાસના તબક્કે મહત્ત્વનું કાર્ય કરે છે. શારીરિક આવેગો પર નિયંત્રણ રાખવાનું કાર્ય ઈગો કરે છે. શરૂઆતમાં તે ઈડને વશ રહીને કાર્ય કરે છે, સમય જતા સભાનપણે નિર્ણય લેતા અને લાગણીઓ પર નિયંત્રણ રાખતા શીખી જાય છે. ફ્રોઇડે અચેતન સ્વરૂપમાં અહમની વ્યાખ્યા આપી છે. ઇગો મોટેભાગે જાગ્રત અવસ્થા છે. આ ઇગોનો વાસ્તવિકતા સાથે સીધો સંબંધ છે. મનુષ્યના દરેક વ્યવહારોને નિયંત્રણ કરવાનું કાર્ય આ અહમ જ કરે છે. અહમ એ મનનું મુખ્ય શાસક ગણાવાય છે. બાહ્ય પરિવેશ સાથે અહમનો જેટલો સંબંધ છે તેટલો નૈતિકતા કે ધર્મ સાથે નથી. એટલે કે તેને તક મળે તો અનૈતિક અને અસામાજિક કામ કરી લે છે. અહમ મનની ઇચ્છાઓના પરિણામ વિશે વિચાર કરી તેને બાધ્ય કે અબાધ્ય કરે છે. આમ તો ઈડમાંથીજ અહમનો વિકાસ થાય છે. અહમ ધીમે ધીમે વાસ્તવિકતાના ભાન સાથે આત્મગૌરવનું સ્વરૂપ લે છે.

- સુપર ઇગો (પરાઅહમ- આદિઅહમ)

ફ્રોઇડ પરાઅહમને આદર્શ કે નૈતિક અહમ કહે છે. સભ્યતા, સંસ્કૃતિ અને ધર્મ સાથે તેનો અતૂટ નાતો(સંબંધ) છે. પરાઅહમ મુખ્યત્વે ચેતન(જાગ્રત) અવસ્થામાં હોવાને કારણે વાસ્તવિકતાનું સંપૂર્ણ જ્ઞાન(ભાન) રાખે છે. સમાજ દ્વારા નિર્માણ થતાં આદર્શોનું આચરણ અને સુપર ઇગોને કારણે માણસમાં પશ્ચાતાપની ભાવના જન્મ લે છે. આ સુપર ઇગો વ્યક્તિત્વનો પ્રમુખ નિર્ધારક બને છે. જે માનવને અનુચિત કાર્યથી દૂર રાખે છે. તેનો પ્રભાવ ઈડ અને ઇગો બંને પર પડે છે. સુપર ઇગોનું પ્રભુત્વ માનવની પ્રકૃતિ અને સ્વાભાવિક ઇચ્છાઓથી વિચ્છેદિત કરી નાખે છે. તો વિપરિત પરાહમની નિર્બળતા, માનવને પ્રાકૃત્ત ઇચ્છાઓનો દાસ બનાવી દે છે. ઈગોમાંથી જ સુપર ઈગોનો વિકાસ થાય છે. ક્યારેક સુપર ઈગો અહમના એક ભાગ તરીકે તો ક્યારેક તેનાથી વિપરીત વર્તે છે. સુપર ઈગો સમાજ, સંસ્કૃતિ, સભ્યતા, નીતિનિયમો, વગેરેને આધારે આકાર લે છે. સુપર ઇગોની અપેક્ષાઓ વધુ પળતી પ્રબળ હોય અને ઈગો એ મુજબ વર્તન કરી ન શકે ત્યારે અહમ

ભાંગી પડે છે. વ્યક્તિનો વિકાસ થાય તેમ તેમ તેનામાં સુપર ઈગોને આધારે ઉદાત્ત ગુણોનું ઘડતર થાય છે.

ઈડ એટલે માણસની બાલ્યાવસ્થા. જેમાં કોઈ આડંબર નથી હોતો. ઈગો એટલે સમજદાર યુવાન અને સુપર ઈગો એટલે અનુભવે પાકટ થયેલ વૃદ્ધ.

- ફ્રોઇડનો દ્વૈતવાદઃ

ફ્રોઇડના સિદ્ધાંતમાં પરસ્પર વિરોધી તત્ત્વો ઈડ, ઇગો અને સુપર ઇગો વચ્ચે સતત સંઘર્ષ ચાલ્યા કરે છે. જે વ્યક્તિનો અહમ બળવાન હોય તે આ સંઘર્ષને દબાવી શકે છે. તેનાથી વિપરીત જ્યારે વ્યક્તિનો અહમ નબળો પડે ત્યારે તે આંતરિક સંઘર્ષનો ભોગ બને છે. જે વ્યક્તિ આ સંઘર્ષને દવાબી દે છે તેની ઇચ્છાઓ એષણાઓ અજાગ્રત મનમાં દબાઇ જાય છે અને સમય આવતા તક મળતા કોઈને કોઈ સ્વરૂપે પ્રગટી ઉઠે છે. નિર્બળ અહમ વાળો વ્યક્તિ આ સંઘર્ષનો ભોગ બનતા વિવિધ બચાવ પ્રયુક્તિનો આશરો લે છે. આમ ઈડ અને ઇગો એકબીજાની વિરુદ્ધ દિશામાં ગતિ કરતા હોય છે. બંનેના સ્વભાવ એકબીજાથી વિરોધી છે. તેથી અહમની મનોભૂમિ પર ઈડ અને આદિઅહમ વચ્ચે યુદ્ધ ખેલાય છે.

## ❖ ૧.૫ ચેતનાના ત્રણ સ્તર

ઈડમાં અજાગૃત અને ઇગોમાં જાગૃત મનનું સ્થાન રહેલ છે. આ ઈડ અને ઇગો વચ્ચે અર્ધજાગૃત મન નિવાસ કરે છે. મનના આ ત્રણેય સ્તર પર સુપર ઇગો થોડા ઘણા અંશે વ્યાપેલ હોય છે. ફ્રોઇડે મનના ત્રણ સ્તરનું વર્ણન કર્યું છેઃ જાગૃત -ચેતનમન, અજાગૃત-અચેતનમન અને અર્ધજાગૃત- અર્ધચેતનમન. ફ્રોઇડ પહેલાના મનોવૈજ્ઞાનિકો માત્ર ચેતન મનની વાત કરે છે. જ્યારે ફ્રોઇડ અચેતનમન પર વધુ ભાર આપે છે.

- (૧) ચેતન- જાગૃતમન :

મનનો આ ભાગ જાગૃત અવસ્થામાં સક્રીય અને ક્રિયાશીલ હોય છે. તે બાહ્ય પરિસ્થિતિથી પ્રભાવિત થઈને કાર્ય કરે છે. મનનો આ વિચારશીલ ભાગ છે. શરીર કંઈ પણ ક્રિયા કરતા પહેલા વિચાર કરે છે. આમ આ ચેતનમન જ્ઞાન સાથે સંબંધિત છે. ચેતનમનની ઇચ્છાઓ વાસ્તવિક અને

બુદ્ધિ ગમ્ય હોય છે. મનના આ પ્રદેશમાં અહમનું પ્રભુત્વ રહેલું હોય છે. જીવનની તમામ દૈનિક અને રોજબરોજની ક્રિયાઓ, મંતવ્યો, સમાજિક પરિપાકો આ ચેતનમનને આભારી હોય છે.

- (૨) અર્ધચેતન-અર્ધજાગૃતમન :

ચેતન અને અચેતન મનની વચ્ચે આ અર્ધજાગૃત મન રહેલ હોય છે. અહમ દ્વારા દમિત થયેલ એષણાઓ તક મળતા જ જ્યાં પ્રગટ થાય છે તે સ્થાન આ અર્ધજાગૃત મન છે. જાગૃતમનની શુષુપ્તિનો લાભ લઇ અનુકુળ પરિસ્થિતિમાં આદિમ ઇચ્છાઓ અહીં પોષાય છે. આમ કહીએ તો જાગૃત અને અજાગૃત મન વચ્ચે આ અર્ધજાગૃત મન પડદા સ્વરૂપે હોય છે. વ્યક્તિ ક્યારે ક્યા સ્તરેથી ક્યા સ્તર પર સરી પડે કહી ન શકાય.

- (૩) અચેતન- અજાગૃતમન :

અચેતન મન ચૈતસિક વાસ્તવના વિશ્લેષણનું આધારભૂત તત્ત્વ છે. જાગૃત મન કરતા તેનો વિસ્તાર વધારે છે. એક હિમશીલા જ કલ્પી લો. જેમ હિમશીલા ૧/૯ ભાગ બહાર દેખાય છે, બાકીનો મોટોભાગ પાણીમાં ડૂબેલો હોય છે. આ ડૂબેલો ભાગ એટલે દમિત ઇચ્છાઓ, એષણાઓ. જે ઇચ્છાપૂર્તિ માટે સતત પ્રયત્નશીલ હોય છે. આ અચેતન મનમાં આવી ક્રિયાત્મક આવેગોનું સામ્રાજ્ય રહેલું છે. અહીં વિચાર, તર્કને કોઇ સ્થાન, માન નથી હોતું. યુંગે અચેતનમનની તુલના સાગર સાથે કરી છે. જેમાં ચેતનમન એક દ્વિપ સમાન છે. અચેતનમન દ્વારા સંપૂર્ણ, શારીરિક, માનસિક, ચેષ્ટાત્મક, સંવેગાત્મક ક્રિયાઓનું સંચાલન થાય છે.

આ અજાગૃત મન માનસિક શક્તિઓનો ભંડાર સમાન છે. અહીં હંમેશા વિરોધી ઇચ્છાઓ કે વિચારોનો સંઘર્ષ ચાલ્યા કરે છે. ફ્રોઇડના મતે અચેતનમન દમિત કામવાસનાઓનું સંગ્રહસ્થાન છે. અચેતનમન વિવિધ રક્ષાત્મક માનસિક ક્રિયાઓ કરે છે. જે માનસિક રોગ અને વ્યક્તિના વિચાર-વર્તન સાથે ઘનિષ્ઠ(ગાઢ) સંબંધ ધરાવે છે. આ ક્રિયાઓ માટે માનવને વાતાવરણમાંથી મળેલા આદર્શો અને નૈતિકતા જવાબદાર હોય છે. આ ક્રિયાઓ એટલે પ્રતીયગમન, યૌક્તિકિકરણ, વિસ્થાપન, પ્રક્ષેપણ, તાદાત્મ્ય, ઉદાતિકરણ, પ્રતિતીકરણ, રૂપાંતરણ, સંક્ષેપીકરણ, સ્થાનાંતરણ, ક્ષતિપૂર્તિ અને દમન. આ પ્રક્રિયાને ફ્રોઇડ મનોવિશ્લેષણનું કેન્દ્ર કહે છે.

માનસિક દુઃખ આપનાર ઘટના ચેતનમનથી દૂર હટી અચેતન મનમાં સ્થાન પામે છે. અનૈતિક અને અસામાજિક ઇચ્છાઓ, અપ્રિય અને દુઃખદ વિચાર-યાદો, દમન પામી અચેતનમનમાં સ્થાન પામે છે. અહીં તે નાબૂદ થતી નથી, પરંતુ આકસ્મિક ભૂલ, કુંઠા જેવી મનોગ્રંથી કે સ્વપ્નના સ્વરૂપે (રૂપ બદલી) પ્રગટ થાય છે. આ મનની વિવિધ પ્રક્રિયા માટે શરીરની વિવિધ અવસ્થાઓ જવાબદાર હોય છે. જે મનોવૈજ્ઞાનિક વાસ્તવનો ભાગ બને છે.

હવે આપણે સ્વપ્ન વિશે વાત કરીએ.

## ❖ ૧.૬ સ્વપ્ન : સંજ્ઞા અને વિભાવના

મનોવિજ્ઞાન માટે સ્વપ્ન એટલે ઇચ્છાપૂર્તિનું સાધન. સ્વપ્ન મનનો વ્યાપાર માત્ર છે. સ્વપ્નનું બીજ મનના અજાગ્રત સ્તરમાં પડેલું હોય છે. માનવ જેવો છે તેવો ક્યારેય પ્રગટ થતો નથી. તે મહોરા પહેરીને જીવે છે. માનવની સંકુલ લાગણીઓને જ્યારે પ્રગટ થવા માર્ગ નથી મળતો ત્યારે અજાગ્રત મનમાં સંગ્રહિત થાય છે. જ્યારે શરીર સુષુપ્ત અવસ્થામાં હોય છે ત્યારે જાગૃતમન પણ પોઢી જાય છે. આ સમયે દમિત લાગણીઓ સ્વપ્ન સ્વરૂપે પ્રગટ થાય છે.

સ્વપ્નને અંગ્રેજીમાં Dream કહેવામાં આવે છે. સૌથી પહેલા આ Dream શબ્દનો શબ્દકોશીય અર્થ સમજીએ. Dream એટલે ઊંઘ દરમ્યાનનો અનુભવ જ કહી શકાય.

Encyclopedia of Britannica મુજબ Dream એટલે ‘A hallucinatory experience that occurs during sleep.’ (https:// www.britannica.com /topic/dream-sleep-experience Dated: 24/11/2019 03:58 pm)

Webster Encyclopedia મુજબ – ‘Dream is - A series of images, thouths or emotions occuring in the mind during sleep or day.’ (https://www.merriam-webster.com/dictionary/dream Dated: 24/11/2019 03:58 pm)

Encyclopedia of Americana મુજબ – ‘Dream are ordinary sequence of images that are experienced by the mind, during the sleep.’ (Encyclopedia of Americana, DE, page.370)

New standerd and Encyclopedia મુજબ- 'Dream is a series of sensations images or thouths that pass though a sleeping person's mind.' (New standard Encyclopedia ,DE)

Word book મુજબ- 'Dream is a story that a person watches or appers to tack part in during sleep. Dream events are imaginating but they are related to real expereances in the dreamer's life.' (Word book Encyclopedia, volume 5)

Oxford Dictionary મુજબ- 'Dream is a series of thouths, images and sensations ocurring in a persons's mind during a sleep. A state of mind in wich someone is or seems to be unahere of thaire immediate surrounding.' (Oxford Dictioary, volume-4, page 217)

Free Dictionaryમાં psychologyના સંદર્ભે Dream એટલે 'Mental activity usually in the from of an imagined series of events occuring during certain phases of sleep.' (https://www.thefreedictionary.com/dream Dated: 24/11/2019 03:58 pm)

'શ્રીમદભગવદગીતા'માં સ્વપ્નને શરીરની એક અવસ્થા કહી છે.

'यथा सुषुप्तः पुरुषो विश्वं पश्यंति चात्मानि।
आत्मानमेकदेशस्थ मन्यते स्वप्न उत्थितः॥' (ભાગવત- ૬-૧૬-૫૩-૫૪)

હિન્દી 'જ્ઞાન શબ્દ કોશ'માં જણાવ્યું છે તે મુજબ સ્વપ્ન એટલે 'सुषुप्त अवस्था में मन का व्यापार,-विशेष, ख्वाब, सपना, ऊँची कल्पना.' (જ્ઞાન શબ્દ કોશ, પાના નં. ૮૧૯)

'હિન્દી સાહિત્ય કોશ' સ્વપ્નને તેત્રીસ સંચારીભાવમાંથી એક હોવાનું જણાવે છે. કાળ ક્રમે આ ભાવ જ શરીર સ્થિતિમાં પરિણમ્યો હશે તેવું સાહિત્ય કોશમાં જણાવવામાં આવ્યું છે. (ડૉ. વર્મા ધીરેન્દ્ર અને અન્ય, હિન્દી સાહિત્ય કોશ, પ્રથમ આવૃત્તિઃ૨૦૧૪, જ્ઞાનમંડલ પ્રકાશન-વારાણસી, પાના નં.૮૭૩)

'मानविकी पारिभाषिक कोश' માં જણાવ્યા મુજબ 'स्वप्न शब्द का अर्थ है अपने-आपमें रमण करना ।' આગળ સ્વપ્ન વિષે વિશેષ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, 'स्वप्न एक ऐसी पहेली है जिसके द्वारा अज्ञात मन की अतृप्त तथा दबी-घुटी इच्छाओ का लुके-�पे सन्तोषण अथवा समधान हो जाता है।' (પદ્મા અગ્રવાલ, માનવીકી પારિભાષિક કોશ- મનોવિજ્ઞાન ખંડ, રાજકમલ પ્રકાશન, દિલ્લી, પ્રથમ આવૃત્તિ-૧૯૬૮, પાના નં. ૬૧)

'ભગવદ્ગોમંડલ'માં સ્વપ્નને એક અવસ્થા તરીકે નિરૂપવામાં આવેલ છે. તેમાં સ્વપ્નને એક વ્યભિચારી ભાવ તરીકે દર્શાવ્યો છે. વધુમાં સ્પષ્ટ કરતા લખ્યું છે કે, સ્વપ્ન એટલે '(૧) નિદ્રામાં જે માયિક પ્રપંચ વ્યવહાર દેખાય તે. (૨) ઊંઘમાં ભાસતો દેખાવ.' (ભગવદ્ગોમંડળ, પ્રવીણ પુસ્તક ભંડાર-રાજકોટ, ૧૯૮૬, પાના નં.૯૦૨૪)

'ગુજરાતી વિશ્વકોશ'માં સ્વપ્નવિદ્યા અંતર્ગત જણાવાયું છે કે, સ્વપ્ન એટલે 'વ્યક્તિની જાગ્રતાવસ્થાની બોધનાત્મક પ્રવૃત્તિઓનું અને અન્ય અનુભવોના બદલાયેલા સ્વરૂપનું નિદ્રાવસ્થામાંથી બહાર આવતા થતું દર્શન.' (ગુજરાતી વિશ્વકોશ, ખંડ-૨૪, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ જાન્યુઆરી-૨૦૦૯, પાના નં. ૪૯૨)

'ભગવદ્ગોમંડલ' મુજબ 'સ્વપ્ન નિદ્રાવસ્થા દરમ્યાન હારમાળામાં આવતાં, કદીક આવેગપૂર્ણ તો કદીક અસંબંધ અને તત્ત્વાત્મક વિચારો અને પ્રતિભાવોનો સમૂહ છે.' (ભગવદ્ગોમંડળ, પ્રવીણ પુસ્તક ભંડાર-રાજકોટ, ૧૯૮૬, પાના નં.૯૦૨૪)

ભારતીય વેદ પરંપરામાં માનવની (આત્માની) ચાર અવસ્થા દર્શાવી છેઃ (૧) જાગૃતિ, (૨) નિદ્રા, (૩) સ્વપ્ન અને (૪) તુરીય. (પ્રાચીન ભૃગુ સંહિતા, ૨૦૦૭, સાહિત્ય સંગમ પ્રકાશન, પાના નં.૨૧૬) જ્યોતિષ શાસ્ત્રમાં સ્વપ્નશાસ્ત્ર નામે એક શાખા છે. સ્વપ્ન એટલે નિદ્રાની એક અવસ્થા. સ્વપ્ન એટલે માનવના મનમાં ઊંઘમાં ઉઠતા તરંગો. સ્વપ્ન એટલે અમુક પ્રકારના કલ્પનો જે નિદ્રામાં અનુભવાય છે. સ્વપ્ન એટલે ભ્રમ.

દિવસ દરમ્યાન માનવનું મન તેને ઘણી બાબતોથી રોકે છે. જીવનમાં ઘણી પરિસ્થિતિઓ માનવથી વિપરીત હોવાને કારણે તેની ઇચ્છાઓ અતૃપ્ત રહે છે. આ અતૃપ્ત ઇચ્છાઓ માનવના

Unconscious(અજાગ્રત) મનમાં ધકેલાય છે. જાગ્રત મન સુષુપ્ત અવસ્થામાં હોય છે ત્યારે ઇચ્છાઓ અજાગ્રત મનમાંથી બહાર નીકળી મનના ત્રીજા સ્તર અર્ધજાગ્રત મનમાં પ્રવેશી સ્વપ્ન દ્વારા પ્રગટ થાય છે. આમ સ્વપ્ન એ ઊંઘની જ એક અવસ્થા છે. સ્વપ્ન એ માનવની કામનાઓએ રચેલ સૃષ્ટિ છે. સ્વપ્ન વિશેની વ્યાખ્યાઓ પરથી નીચે મુજબના લક્ષણો તારવી શકાય.

- સ્વપ્ન માનવના ઊંઘ સમયનું જીવન છે તે અલગ હોવા છતાં જાગ્રત જીવનની સમરસ હોય છે.
- સ્વપ્ન સંસાર કાલ્પનિક અને અસ્થિર હોય છે પણ આ કલ્પનાઓ વાસ્તવ ઘટના કે લોકો સાથે ગાઢ રીતે જોડાયેલી હોય છે; જેમાં મોટે ભાગે વાસ્તવિકતાનું વિકૃત સ્વરૂપ જોવા મળે છે. તેમાં વર્તમાન અને ભૂતકાળની સામગ્રીઓનું મિશ્રણ હોય છે.
- સ્વપ્ન દશ્ય પ્રધાન હોય છે. સ્વપ્નનો અનુભવ આંખથી જોઈ શકાય તેવા ચિત્રો પ્રતિબિંબોના સ્વરૂપમાં થાય છે. ક્યારેક અવાજ અને સ્પર્શનો અનુભવ થાય છે પરંતુ ગંધ અને સ્વાદ બહુ ઓછાં અનુભવાય છે.
- સ્વપ્નની સામગ્રી વ્યવહાર જીવનના અનુભવમાંથી પ્રાપ્ત થાય છે. આ સામગ્રી ક્યારેક પ્રતીકાત્મક કે સાંકેતિક હોય છે, તે જે સ્વરૂપમાં હોય છે તેનાથી વિપરીત અર્થ ધરાવતી હોય છે.
- સ્વપ્ન સંપૂર્ણપણે આત્મગત કે વ્યક્તિગત અનુભવ છે.

આ તમામ લક્ષણો સ્વપ્નને વિગતે સમજવા મદદરૂપ બને છે. સ્વપ્ન એટલે શું તે જાણ્યા પછી પ્રશ્ન એ ઉદ્ભવે કે સ્વપ્ન કેવી રીતે આવે છે? અને શા માટે આવે છે? આ પ્રશ્નોના જવાબ મેળવવા સ્વપ્ન સિદ્ધાંત સમજવા આવશ્યક છે.

### ❖ ૧.૭ સ્વપ્ન સિદ્ધાંત

ડૉ. પદ્મા અગ્રવાલ સ્વપ્નના ચાર સિદ્ધાંતો દર્શાવે છે. જે નીચે મુજબ છેઃ

(૧) બોધનભ્રમ સિદ્ધાંત

(૨) અન્વીક્ષા વિભ્રમ સિદ્ધાંત

(3) ફ્રોઇડનો સ્વપ્ન સિદ્ધાંત

(૪) સ્વતઃ પ્રતીકાત્મક સ્વપ્ન સિદ્ધાંત. (ડૉ. પ્રજ્ઞા અગ્રવાલ, મનોવિશ્લેષણ ઔર માનસિક ક્રિયાએ, મનોવિજ્ઞાન પ્રકાશક, બનારસ આવૃત્તિઃ પાના નં.૧૬૧-૧૬૨)

ડૉ. મફત પટેલ પણ તેમના શોધનિબંધ 'હિન્દી કે મનોવૈજ્ઞાનિક ઉપન્યાસ'માં આ જ ચાર સિદ્ધાંતો જણાવે છે.

- બોધનભ્રમ સિદ્ધાંત :

બોધનભ્રમ એટલે કોઈ વસ્તુ સ્થિતિ હોય તેનાથી વિપરીત અથવા તો તે ન હોવા છતાં માત્ર ભ્રમ ઉભો થવો. આ એક પ્રાચીન સિદ્ધાંત છે. તેના અનુસાર સ્વપ્ન એ નિંદ્રાવસ્થાના ઉદ્દીપનોની પ્રક્રિયા છે. ઊંઘમાં આપણે આ ઉદ્દીપનોને તેના વાસ્તવિક સ્વરૂપમાં ન જોતા કોઈ અલગ જ સમજીએ છીએ અને એ પ્રકારે ભ્રમ ઉભો થાય છે. જેમ કે, કોઈ વ્યક્તિ ઊંઘતો હોય અને તેના પર પાણી છાંટવામાં આવે તો તેને વરસાદનો અનુભવ થાય છે. ઊંઘમાં વિચાર પ્રત્યક્ષીકરણ અને સ્મરણશક્તિ બંને પરસ્પર અસંબંધિત થઈ જાય છે. માનવીને ભૂતકાળમાં થયેલા અનુભવો તેની સ્મૃતિમાં સંગ્રહિત હોય છે. આ અનુભવો તેની ઇચ્છાઓ સાથે મિશ્રિત થઈ એક ભ્રામક સૃષ્ટીની રચના કરે છે. આ ભ્રામક સૃષ્ટી દ્વારા મનુષ્યમાં રહેલ ઈડ તેની કામનાઓની પૂર્તિ કરે છે.

- અન્વીક્ષા વિભ્રમ સિદ્ધાંત :

આ સિદ્ધાંતમાં પણ સ્વપ્ન પ્રત્યક્ષ ઉદ્દીપનની પ્રતિક્રિયા માનવામાં આવે છે. બોધનભ્રમ અને અન્વીક્ષા વિભ્રમ વચ્ચે ભેદ એટલો છે કે, આ સિદ્ધાંત મુજબ સ્વપ્નમાં આવતા ઉદ્દીપનનું પરિણામ જ નહિ પરંતુ વિવેચના પણ મળે છે. સ્વપ્નમાં જ ઉદ્દીપનનું વિશ્લેષણ મળે છે. જેમ કે, મચ્છરના આક્રમણનો અનુભવ થતાં જ આપણને સ્વપ્નમાં વાઘ કે કોઈ પશુના આક્રમણનું સ્વપ્ન આવતું નથી. પહેલા મન તે અનુભવનું વિવેચન કરે છે પછી વાઘનું આક્રમણ સ્વપ્નમાં અનુભવાય છે.

- ફ્રોઇડનો સ્વપ્ન સિદ્ધાંત :

ફ્રોઇડ તેના પુસ્તક 'Interpretation of Dream'માં સ્વપ્નની બે વિશેષતાઓ દર્શાવે છે: (૧) સ્વપ્ન એ ઇચ્છાપૂર્તિ છે. (૨) સ્વપ્ન કામુક(Sexual) વાસનાનો મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. ફ્રોઇડ તેના સ્વપ્ન સિદ્ધાંતમાં અજ્ઞાત મનને ખુબ જ મહત્ત્વ આપે છે. સ્વપ્નનો આ અજાગ્રત મન સાથે અતૂટ સંબંધ છે. ફ્રોઇડના મતે સ્વપ્ન એ કામવાસનાની કાલ્પનિક પૂર્તિ છે. સામાજિક અને સાંસ્કૃતિક કારણોસર માનવીની મનમાં રહેલી ઇચ્છાઓ મનમાં જ રહી જાય છે અથવા તો તે ઇચ્છાઓનું દમન કરવામાં આવે છે. તે બધી જ અતૃપ્ત ઇચ્છાઓ જ્યારે પણ અવસર મળે ત્યારે વિવિધ પ્રકારે અભિવ્યક્ત થાય છે. ફ્રોઇડના મતે માનવની સૌથી વધુ અને સૌથી પ્રબળ ઇચ્છાઓ કામ સંબંધી હોય છે. નૈતિકમન આ કામ પુર્તિના સંતોષને રોકે છે. રાત્રે જ્યારે માનવ શરીર પર આ નૈતિકમનનું પ્રભુત્વ રહેતું નથી ત્યારે ID સ્વપ્ન મારફતે તેની ઇચ્છાઓની પૂર્તિ કરે છે.

- સ્વતઃ પ્રતીકાત્મક સિદ્ધાંત (Auto Symbolic Theory) :

આ સિદ્ધાંત યુંગ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે. આ સિદ્ધાંત મુજબ સ્વપ્ન એ એક સાધારણ માનસિક ક્રિયા છે. જેમાં દમિત પ્રવૃતિઓ અને જાતિગત વિશેષતાઓ પ્રતીક સ્વરૂપે અભિવ્યક્તિ પામે છે. અજ્ઞાતમનનો સ્વભાવ છે કે, કોઈપણ વસ્તુ કે વિષયને સીધે સીધું નહિ પણ પરોક્ષ રીતે જ વિચારે છે. સ્વપ્ન પણ પરોક્ષ કથન જેવા ભાસે છે.

- સક્રિયકારણ અને સંશ્લેષણ સિદ્ધાંત:

હોબસના મત મુજબ મનુષ્યના અવરોધાયેલ પ્રત્યક્ષ જ્ઞાનને સ્વપ્ન મુક્ત કરે છે. જાગ્રત અવસ્થામાં વિવિધ જ્ઞાનેન્દ્રિયો અલગ અલગ છાપ જીલે છે. આ સમયે વ્યક્તિ અન્ય કામમાં રોકાયેલ હોય તેના પર વિશેષ ધ્યાન આપતો નથી અને તેનો અર્થ સમજવાનો સમય હોતો નથી આ અનુભવ વ્યક્તિની સ્મૃતિમાં સ્થિર થાય છે, સંગ્રહિત થાય છે. આ સંગ્રહિત અનુભવો સ્વપ્નમાં પ્રગટ થતા હોય છે. પાછળથી આ સિદ્ધાંત સાથે મેકકાર્લી પણ જોડાય છે. તેમના મત મુજબ સ્વપ્ન એ મનુષ્યના જીવનમાં ચાલતી જૈવિક ક્રિયાઓની આડપેદાશ છે. માનવની સ્મૃતિમાં સંગ્રહાયેલ માહિતીને પ્રગટ કરી સ્વપ્ન તેનું અર્થઘટન કરે છે. છૂટી છવાઈ માહિતીને ભેગી કરી તેને વ્યવસ્થિત ગોઠવવા માટે વ્યક્તિના બોધનતંત્રને સ્વપ્ન મદદ કરે છે. પેન્ફીલ્ડના સંશોધન મુજબ મગજમાં

એસેટિક કોલાઇનનું પ્રમાણ વધી જતા મનુષ્યના કોષમાં ચેતનાપ્રવાહ વહે છે. ચેતાતંત્ર જંકૃત થતા સંવેદન વિસ્તાર થતા સ્વપ્ન આવે છે

- ફાઉલ્કસે અને એન્ટ્રોબસેનો બોધાત્મક સિદ્ધાંત :

સ્વપ્ન સમયે મસ્તિષ્કના ચેતાતંત્રમાં ગતિશીલતા વધી જાય છે. મન શરીરના બાહ્ય ઉદ્દીપન કરતા આંતરિક ઉદ્દીપન પર ધ્યાન આપે છે. આ સમયે મગજના સંવેદન, પ્રેરણા અને આવેગ જેવી ક્રિયાઓ એકબીજા પર અસર કરે છે અને આ સ્વપ્ન વ્યક્તિને કંઇક કાર્ય કરવા પ્રેરે છે. ઘણા સાહિત્યકારોને સ્વપ્નમાંથી તેમના સર્જન અર્થે વિષયવસ્તુ પ્રાપ્ત થયા છે.

- કાર્ટરાઈટનો સમતુલા સિદ્ધાંતઃ

સ્વપ્નો જાગ્રત અવસ્થા સાથે સમતુલા જાળવતા હોય છે. જાગ્રત અવસ્થામાં મગજનો ડાબો ગોળાર્ધ વધુ સક્રિય હોય છે. તેની વિપરીત સ્વપ્ન દરમ્યાન મગજના જમણા ગોળાર્ધને ક્રિયા કરવાની તક મળે છે. જાગ્રત જીવનમાં જે ખૂટે છે તે માનવને સ્વપ્નમાં મળે છે. જાગૃતિમાં મેળવેલ અનુભવને વ્યક્તિ સ્વપ્નના આવેગ સાથે જોડે છે જેથી અનુભવ અને આવેગની સમતુલા રચાય છે. સ્વપ્ન સમયની ઝડપી તેજ ગતિવાળી ઊંઘને મગજની તાજગી સાથે સંબંધ છે. માનસિક કટોકટી માટે સારા સ્વપ્નતંત્રની પણ આવશ્યકતા છે.

- ક્રીચનો વ્યસ્ત શિક્ષણનો સિદ્ધાંત :

સ્વપ્ન એ અર્થહીન ઘોંઘાટ જેવી ઘટના છે. દિવસ દરમ્યાન જાગ્રત અવસ્થામાં વ્યક્તિ ઘણી નક્કામી અને બિનજરૂરી ક્રિયા કરી માહિતી મેળવે છે. આવી કચરા જેવી સામગ્રી મનુષ્યના સ્મૃતિતંત્ર માટે બોજરૂપ બને છે. આથી ઊંઘમાં સ્વપ્ન દરમ્યાન આ બિનજરૂરી માહિતી ચેતાતંત્રમાંથી બહાર કાઢે છે. આ રીતે સ્વપ્ન એ મગજની સફાઈ કરે છે. આવી નક્કામી સ્મૃતિ સ્વપ્ન મારફતે દૂર થવાથી મગજમાં ગૂંચવાડા થવાની સંભાવના ઘટી જાય છે. જેને પરિણામે ઉપયોગી માહિતી યાદ રાખવી સરળ બને છે. પરંતુ આ સિદ્ધાંતમાં સ્વપ્નને સાવ અર્થહીન કહેવાથી આ સિદ્ધાંત સામે ઘણા પ્રશ્નો ઉદ્ભવે છે.

- કાર અને વિલસનનો સ્મૃતિદઢીકરણ સિદ્ધાંતઃ

આ સિદ્ધાંતને જીવનસાતત્યની જાણવણીનો સિદ્ધાંત પણ કહેવામાં આવે છે. મનુષ્યની જાગ્રત અવસ્થામાં મળેલ અનુભવો અને માહિતી સ્વપ્ન દરમ્યાન દઢ બને છે. જે દિવસે વ્યક્તિ વધારે શીખે છે ત્યારે વ્યક્તિને વધુ લાંબી ઊંઘ અને સ્વપ્ન આવે છે. મનુષ્યે શીખેલ બાબતો આ કારણે તેને વધુ ચોક્કસ રીતે યાદ રહે છે. સ્વપ્ન દરમ્યાન વ્યક્તિ તેના તાજેતરના અનુભવોને ભૂતકાળના અનુભવો સાથે જોડે છે, ગોઠવે છે. આ બે સ્મૃતિ સાથે આવવાથી તેના વિશે વિચારવાથી મનુષ્યને જીવનનું સાતત્ય ટકાવવાનો રસ્તો મળે છે. સ્વપ્ન દ્વારા મનુષ્ય જીવનની અસ્પષ્ટતા, શંકાઓ અને અનિર્ણાયક સ્થિતિ વિશે માર્ગ જડે છે.

આ વાત તો થઈ સ્વપ્નની. હવે વાત કરીએ આ સ્વપ્નના કારણોની.

## ❖ ૧.૮ સ્વપ્નના કારણો

સ્વપ્ન સિદ્ધાંતોમાંથી પસાર થતા એ તારણ પર આવી શકાય કે સ્વપ્ન એક માનસિક પ્રક્રિયા છે. માનવની દમિત ઇચ્છાઓ પ્રગટ થવાનું સાધન છે. જેમાં ક્યાંક આ માનસિક પ્રક્રિયા સાથે શારીરિક બાબત પણ સંકળાયેલ છે. એટલે સ્વપ્નના મહત્ત્વના બે કારણો આપણે ગણાવી શકીએ:

(૧) મનોવૈજ્ઞાનિક કારણો

(૨) શારીરિક કારણો

- **મનોવૈજ્ઞાનિક કારણો :**

સ્વપ્નનું પ્રમુખ કારણ મનનો સંઘર્ષ અને દમન છે. આ સંઘર્ષ અને દમન જેના કારણે છે તે મનુષ્યની મૂળભૂત વૃત્તિઓ છે. આમ સ્વપ્નના મનોવિજ્ઞાનના મતે સ્વપ્નના ત્રણ કારણો તારવી શકાય: (૧) દમન, (૨) મનનો સંઘર્ષ અને (૩) મૂળભૂત વૃત્તિઓ. મનુષ્યની ઘણી ઇચ્છાઓ જાગ્રત અવસ્થામાં સંતોષી શકાતી નથી આથી જ્યારે મન નિદ્રામાં અસાવધ સ્થિતિમાં હોય છે ત્યારે વ્યક્તિ સ્વપ્ન અવસ્થામાં તેની અતૃપ્ત ઇચ્છાઓની પૂર્તિ કરે છે.

મનુષ્યના બાહ્ય ઉત્તેજન અને આંતરિક સંઘર્ષનો જન્મ માનવની મૂળભૂત વૃત્તિઓને કારણે ઉદ્ભવે છે. દરેક વ્યક્તિ પાસે મૂળભૂત બે લક્ષ્ય હોય છે: (૧) આત્મસંરક્ષણ (૨) વંશસંરક્ષણ.

આત્મસંરક્ષણનું કાર્ય અહમ વૃત્તિઓ કરે છે. જ્યારે વંશસંરક્ષણનું કાર્ય જાતીય વૃત્તિઓ કરે છે. આ જાતીય વૃત્તિઓને ફ્રોઇડ લીબેડો (Libido) તરીકે ઓળખાવે છે. ડર, ભય, હર્ષ જેવી લાગણીઓને પ્રગટ થવા માટે સ્વપ્ન Platform બને છે.

વ્યક્તિની મૂળભૂત વૃત્તિઓ અને કામનાઓનો અહમ અસ્વીકાર કરે છે અને તેની વચ્ચે સંઘર્ષ ઉત્પન્ન થાય છે. અહમ આ ઇચ્છાઓનું દમન કરવા પ્રેરે છે અને આ સંઘર્ષને ટાળવા વ્યક્તિની ઇચ્છાઓ છદ્મવેશ ધારણ કરી સ્વપ્ન સ્વરૂપે પ્રગટ થાય છે. વ્યક્તિની મૂળભૂત વૃત્તિઓ, ઇચ્છાઓ કોઈકને કોઈક પ્રકારે પોતાની તૃપ્તિ ઈચ્છે છે. આ તૃપ્તિ અર્થે તે સતત સંઘર્ષ કરે છે ક્યારેક આ વૃત્તિઓ આત્મસ્થાપન માટે પણ સંઘર્ષ કરે છે. કોઈ ઇચ્છા, લાગણી સ્વીકાર્ય છે કે નહિ તે માટે પણ અહમ સાથે સંઘર્ષ થતો હોય છે. સ્વપ્નનું કારણ કોઈ ઇચ્છા કે વૃતિ માત્ર નથી પરંતુ બે વિરોધી ઇચ્છાઓના સંઘર્ષનું પરિણામ છે. એક તરફ મૂળભૂત વૃત્તિઓ અને બીજી બાજુ આદર્શ હોય છે. આવા સમયે સંઘર્ષની શરૂઆત થાય છે. મન આદર્શને સંતોષવા દમન કરે છે અને આ દમન કરેલ ઇચ્છાઓ પરિવર્તિત સ્વરૂપે સ્વપ્નમાં પ્રગટ થાય છે અને એટલે જ સ્વપ્ન આપણને કોયડારૂપ લાગે છે. યુંગના માટે લીબેડો સિવાય પણ પરિસ્થિતિને કારણે અધુરી રહેલી ઇચ્છાઓ, દમન કરેલ લાગણીઓ પણ સ્વપ્ન મારફતે પ્રગટ થાય છે.

વ્યક્તિની તમામ બચાવ પ્રયુક્તિઓ સાથે દમનની વૃત્તિ જોડાયેલી છે. અહં ઈડમાં ઉદ્ભવતી એષણાઓનો અસ્વિકાર કરી તેનું દમન કરે છે. આ દમન કરેલ ઇચ્છાઓનો નાશ થતો નથી. તેના અવશેષો અજાગ્રત મનના નીચેના સ્તર પર થર જમાવે છે. ફ્રોઇડ માને છે કે, અતિદમનથી આ વૃત્તિઓ વિકૃતિનું સ્વરૂપ ધારણ કરે છે. દમનની આ પ્રક્રિયા અભાનપણે ચાલતી હોય છે. વ્યક્તિ સભાનપણે તેની ઇચ્છાઓનો ત્યાગ કરે અને તેને મનમાંથી દુર કરે તો એ દમન નહિ શમન તરીકે ઓળખાય છે. દમન થયેલી લાગણીઓ વ્યક્તિનું મન અજાગ્રત થતા તક જોઇને સ્વપ્નમાં પ્રતીકાત્મક સ્વરૂપે પ્રગટ થાય છે. રાત્રીના સમયે જ્યારે શરીર આરામ કરતું હોય છે ત્યારે આ અતૃપ્ત કામનાઓ સ્વપ્ન સ્વરૂપે પ્રગટ થાય છે. આમ અર્ધજાગ્રતમનનું નિદ્રાવસ્થામાં વિચરણ પણ સ્વપ્નનું એક કારણ બને છે. જાગ્રત અવસ્થામાં ઘણી ઇચ્છાઓ સંતોષી શકાતી નથી. આથી અહં જ્યારે અજાગૃત સ્થિતિમાં હોય છે ત્યારે વ્યક્તિ સ્વપ્ન અવસ્થામાં તેની અતૃપ્ત ઇચ્છાઓની પૂર્તિ કરે છે. ઘણીવાર જાગ્રત થયા બાદ તેમાનું કશું યાદ પણ હોતું નથી.

મગજને દિવસભરના ઘટનાક્રમ સ્વરૂપે અનેક સંકેતો પ્રાપ્ત થતા હોય છે. વ્યક્તિ, વસ્તુ તથા પરિસ્થિતિ દ્વારા પ્રાપ્ત થતા આ અનુભવોનો પ્રભાવ મન અને મગજ ઉપર પડે છે. માનવ ઘણી કલ્પનાઓ અને વિચાર વિમર્શ કરતો હોય છે. વ્યક્તિના મનમાં ઉદ્ભવેલ આ દરેક યોજના પૂર્ણ થતી નથી અને એટલે જ આપણી આ અપૂર્ણ ઇચ્છાઓ, યોજનાઓ સ્મૃતિપટ પર ઊંડાણથી અંકિત થઈ જાય છે. જે નિદ્રા અને તંદ્રા અવસ્થામાં સ્વપ્નના માધ્યમથી દશ્ય સ્વરૂપે રજૂ થાય છે.

- **શારીરિક કારણો :**

સ્વપ્નનું સૌથી મહત્ત્વનું કારણ છે મનની અજાગ્રત અવસ્થા. આ અજાગ્રત અવસ્થા માટે વ્યક્તિની બે સ્થિતિ મહત્ત્વની બને છે એક નિદ્રા અને બીજી તંદ્રા. સ્વપ્નનો બોધનભ્રમ સિદ્ધાંત અને અન્વીક્ષા વિભ્રમ સિદ્ધાંત  સ્વપ્નના શારીરિક કારણો તરફ આપણને લઇ જાય છે. વ્યક્તિ જ્યારે ઊંઘમાં હોય અને તેને કોઈ બાહ્ય ઉત્તેજન મળે તો એ સ્વપ્નનું કારણ બને છે. વ્યક્તિને નિદ્રા દરમ્યાન તરસ લાગે છે ત્યારે તે રણમાં હોવાનું સ્વપ્ન જુએ છે અને પાણી માટે વલખા મારે છે. માખી કરડે છે તો તલવાર કે ધારદાર હથિયાર વાગ્યાનો સ્વપ્નમાં અનુભવ કરે છે.

આયુર્વેદ અને યોગ શાસ્ત્ર મુજબ શરીરમાં રહેલ સુષુમ્ણા નાડીમાં મનનો પ્રવેશ સ્વપ્નનું કારણ બને છે. શરીરમાં કાર્ય કરતા વાત, કફ, પિત્તના અસંતુલનથી પણ સ્વપ્નમાં ભ્રામિક સૃષ્ટિનું સર્જન થાય છે. (પ્રાચીન ભૃગુસંહિતા ખંડ ૧-૯, સાહિત્યસંગમ પ્રકાશન, સુરત, આવૃત્તિ ૨૦૦૭, પાના ન.૨૯૨) તેમાં વાતદોષનું અસંતુલન થવાથી આવનારા સ્વપ્નમાં મનુષ્ય હવામાં ઊડે છે, ઝાડ પર ચડે છે, ઉંચાઈ પરથી કૂદે છે. પિત્તના વિકારની સ્થિતિમાં આગ સળગતી જુએ છે. રક્ત અને પીળા રંગની વસ્તુઓ દેખાય છે. કફની પ્રાકૃતિક સ્થિતિથી વ્યક્તિ પાણીમાં તરે છે. જળાશયમાં અને બગીચાઓમાં ભ્રમણ કરે છે. એક બાબત એવી પણ કહેવામાં આવે છે કે જ્યારે વ્યક્તિનો હાથ હૃદય પર ચાલ્યો જાય ત્યારે તેનાથી થતું ઘર્ષણ અને વિદ્યુત તરંગોથી હૃદયની ક્રીયાવિધિમાં અંતરાય ઉભો થાય છે, હૃદયની ક્રિયા અસ્વાભાવિક થઈ જાય છે. આ સ્થિતિમાં વ્યક્તિને ભયાનક સ્વપ્ન આવે છે.

## ❖ ૧.૯ સ્વપ્ન બાબતે મનોવૈજ્ઞાનિકોના મત

વિજ્ઞાનમાં દરેક માર્ગ વિષે સંશોધન કરનાર શાખાને વિશેષ નામથી ઓળખવામાં આવે છે. તેવી રીતે સ્વપ્નવિશ્લેષણ પર કામ કરનાર શાખાને Oneirology કહેવામાં આવે છે. સ્વપ્ન બાબતે દરેક મનોવૈજ્ઞાનિક એક મત સાથે સહમત છે કે સ્વપ્ન એ દમિત ઇચ્છાઓની, મૂળભૂત વૃત્તિઓની પૂર્તિનું સાધન છે. આ ઇચ્છાઓ કે વૃત્તિઓ કઈ હોઈ શકે એ બાબતે તેમનામાં મતભેદ જોવા મળે છે. આપણે એ વૈજ્ઞાનિકોના મતને સમજવાનો પ્રયત્ન કરીએ.

- **ફ્રોઈડ :**

સ્વપ્ન વિશે વાત કરીએ એટલે સૌથી પહેલું નામ સિગમંડ ફ્રોઈડનું આવે. ફ્રોઇડના કહેવા મુજબ સ્વપ્ન એ વ્યક્તિની દમિત ઇચ્છાઓ અને વાસનાઓની સંતુષ્ટિ કરે છે. સ્વપ્ન મનના અચેતન સ્તરે ઇચ્છાઓની પૂર્તિ કરે છે. આ સ્વપ્નની ભાષા પ્રતીકાત્મક હોય છે. ફ્રોઈડે આપેલ આ સિદ્ધાંત મનોવિશ્લેષ્ણ સંપ્રદાયની આધારશિલા બને છે. આગળ જઈને તેમના સાથીઓ અને શિષ્યો આ સિદ્ધાંતને આગળ વધારે છે. `Interpretation of Dream' માં ફ્રોઈડ સ્વપ્નવિશ્લેષણ સિદ્ધાંત વિશે વિગતે ચર્ચા કરે છે. જેમાં સ્વપ્નના કારણ અને સ્વપ્ન પ્રક્રિયા વિશે ઉદાહરણ સાથે સમજુતી આપે છે. ફ્રોઈડ આ સ્વપ્નને મનની ચાવી કહે છે. આ સ્વપ્ન દ્વારા વ્યક્તિની ઓળખ સંભવ બને છે. આગળ ફ્રોઈડ સ્વપ્નને ઊંઘના ચોકીદાર પણ જણાવે છે.

- **એડલર :**

એડલરના મત મુજબ 'આત્મસ્થાપનની વૃત્તિની ઇચ્છાપૂર્તિ થવી એ સ્વપ્નનું કારણ બની શકે છે. જેમ કે, દરેક વ્યક્તિને આત્મપ્રદર્શનની એક સ્વાભાવિક ઇચ્છા હોય છે. જ્યારે આ ઇચ્છાપૂર્તિનું કોઈ સાધન જીવનમાં નથી મળતું ત્યારે મનુષ્ય સ્વપ્નમાં કલ્પનાઓ દ્વારા તેની પૂર્તિ કરે છે. માનવની પ્રાકૃતિક ઇચ્છાઓ અતૃપ્ત અવસ્થામાં નથી રહી શકતી. વ્યવહાર જીવનમાં જો આ ઇચ્છાઓ અતૃપ્ત રહે તો કલ્પનાઓ સ્વપ્ન દ્વારા તેનું સમાધાન શોધે છે.' (woodworth Robert, contemporary schools of psychology, Bombay, Asia Publising House, 1961, page no. 185) આત્મસ્થાપનની ઇચ્છા ક્યારેક અતૃપ્ત રહેતા આપણે પોતાને ઉંચા પદ પર પ્રતિષ્ઠિત થયેલ જોઈએ છીએ. એડલરના મતે જીવનને પ્રતિ આપણો જે ભાવ છે તેને જ સ્વપ્ન વ્યક્ત કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો સ્વપ્ન જીવનની સમસ્યાઓ, કુંઠિત ઇચ્છાઓ અને ગ્રંથીઓનો વાહક છે.

- **યુંગ :**

યુંગ પ્રથમ તો ફ્રોઈડથી પ્રભાવિત હોય છે પરંતુ આગળ જતા તેઓ પોતે સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. યુંગ પણ મનના ત્રણ સ્તર જણાવે છે પણ તેમાં તેઓ સામુહિક અચેતન મનનો ઉલ્લેખ કરે છે. યુંગે ફ્રોઈડથી અલગ  જઈને જે વાત કરી તે મુજબ દરેક વખતે સ્વપ્નના પ્રતીકોનું એક સમાન અર્થઘટન કરવું યોગ્ય નથી. યુંગના મત મુજબ સમય અને પરિસ્થિતિ મુજબ દરેક સ્વપ્નદૃષ્ટાના સ્વપ્નનો અર્થ અલગ હોઈ શકે છે. યુંગ એમ પણ કહે છે કે, સ્વપ્નનો સંબંધ માત્ર સ્વાર્થરૂપ દમિત વાસનાઓ સાથે નથી હોતો એ સિવાય કોઈ ગંભીર અને આધ્યાત્મિક અનુભૂતિ સાથે પણ સ્વપ્નનો સંબંધ હોઈ શકે છે.

યુંગના મત મુજબ સ્વપ્નનો સંબધ કેવળ ભૂતકાળ સાથે જ નથી હોતો તે મનુષ્યના ભાવી જીવન સાથે પણ જોડાયેલું હોઈ શકે. આમ યુંગના કહેવા મુજબ માનવની દરેક ક્રિયા નિશ્ચિત લક્ષ્યની સિદ્ધિ માટે હોય છે અને સ્વપ્ન પણ મનની એક ક્રિયા છે.

- **મેકડુગલ :**

મેકડુગલના મતે કોઈ પણ વૃત્તિનું દમન કે તેનો અરસ પરસ સંઘર્ષ સ્વપ્નનું કારણ બને છે. જેમ કે, માણસ ભૂખ્યો હોય અને ભોજનનું સ્વપ્ન જુએ. એક તરફ મૂળભૂત વૃત્તિ સમાધાન ઝંખતી હોય છે. જ્યારે બીજી તરફ જીવન કે આદર્શ તે સમાધાનમાં બાધક બને છે અને ત્યારે સંઘર્ષ જન્મે છે. આમ સ્વપ્નનું કારણ મૂળભૂત વૃત્તિઓનું દમન કે સંઘર્ષ માત્ર નથી. આમ તો સ્વપ્ન એક પ્રાકૃતિક ક્રિયા છે તેનું કારણ વારસાગત વિશેષતાઓ પણ હોઈ શકે.

- **ફ્રોઇડ અને યુંગમાં સ્વપ્ન સંબંધી મતભેદ :**

| *ફ્રોઇડના મતે સ્વપ્ન* | *યુંગના મતે સ્વપ્ન* |
| --- | --- |
| *ફ્રોઇડના મતે સ્વપ્ન એક એવી અનુભૂતિ છે જે કામ વૃત્તિના દમનને કારણે જ ઉદ્ભવે છે.* | *યુંગના મતે બાકી બધા જ માનસિક અનુભવોની જેમ જ સ્વપ્ન પણ એક માનસિક અનુભવ છે. માનવ પ્રાકૃતિક ઇચ્છાઓનું દમન કરે કે ન કરે સ્વપ્ન તો આવે જ છે. સ્વપ્ન માટે માત્ર દમન જ આવશ્યક* |

| | |
|---|---|
| | નથી. |
| ફ્રોઈડના મતે સ્વપ્નનો સંબંધ માત્ર કામ વૃત્તિ સાથે છે. | યુંગ માનવસ્વભાવ અને પ્રાકૃતિક ઇચ્છાઓને મહત્ત્વપૂર્ણ માને છે. આના કારણે યુંગના મંતવ્ય મુજબ સ્વપ્નમાં માત્ર કામવૃત્તિનું રૂપ જ નથી મળતું પરંતુ, અન્ય વૃત્તિઓ પણ દેખા દે છે. આમ સ્વપ્નમાં કામ પ્રતીકની સાથો સાથ નૈતિક, ધાર્મિક અને માનસિક પ્રતીક પણ જોવા મળી શકે છે. |
| ફ્રોઈડના મતે સ્વપ્ન માત્ર બાહ્ય આવરણ (ભ્રમ) છે. | યુંગના મતે સ્વપ્ન એક વાસ્તવિક ક્રિયા છે. |
| ફ્રોઈડના મતે સ્વપ્ન એ ભૂતકાળના અનુભવોની અભિવ્યક્તિ હોઈ શકે ખાસ કરીને બાળપણની ઘટનાઓ સ્વપ્ન સાથે ગાઢ રીતે જોડાયેલ હોય છે. | યુંગના મતે સ્વપ્ન આદેશાત્મક હોય છે. ક્યારેક તે માનવની માનસિક સ્થિતિ અને આવશ્યકતાને પણ વ્યક્ત કરે છે. તો ક્યારેક ભવિષ્યમાં બનનારી ઘટના તરફ પણ સંકેત કરે છે. |
| ફ્રોઈડના મતે સ્વપ્નનો સંબંધ માનવના વ્યક્તિગત અનુભવો સાથે છે. | યુંગના મતે સ્વપ્નનો સંબંધ અવૈક્તિક અજાગ્રતમન સાથે પણ છે. |

ફ્રોઈડે શરૂ કરેલ આ સ્વપ્નવિશ્લેષણ શાખામાં સમયે સમયે અનેક મનોવૈજ્ઞાનિક સંશોધકોએ સંશોધન કરી નવા નવા રહસ્યો ઉજાગર કર્યા છે. શિરોમણી અને તેમના સાથીઓ સ્વપ્ન સમયે ચેતાતંત્રથી સ્થિતિ વિશે સંશોધન કરે છે અને તેમના સંશોધન મુજબ સ્વપ્ન જોતી વખતે મગજમાં લોહીનો પ્રવાહ વધે છે, પણ શરીરના સ્નાયુઓ સ્થિર રહે છે. ક્લેઈટમાન(Kleitman) અને એસેરન્સ્કી(Aserinsky) મુજબ જો કોઈ વ્યક્તિને નિદ્રાંથી વંચિત રાખવામાં આવે તો બીજા દિવસે તીવ્ર નેત્રગતિવાળી નિદ્રા આવે છે અને આ તીવ્ર નેત્રગતિવાળી નિદ્રા સમયે સ્વપ્ન આવવાની સંભાવના વધી જાય છે. મોરીના સંશોધન મુજબ જ્યારે કોઈ વ્યક્તિ સ્વપ્ન જોઈ રહી હોય ત્યારે તેની આસપાસના વાતાવરણમાં જો કોઈ પ્રકારનો ફેરફાર થાય તો તે વાતાવરણની અસર સ્વપ્નમાં વર્તાય છે. ક્લેના સંશોધન મુજબ વ્યક્તિની

આસપાસનું સામાજિક પ્રાકૃતિક વાતાવરણ તેના સ્વપ્ન પર અસર કરે છે. જો વ્યક્તિ તેના વાતાવરણ સાથે સુમેળ સાધી લેતો હોય તો સાધારણ સ્વપ્ન અને જો કુમેળ હોય તો આવેગપૂર્ણ સ્વપ્ન આવે છે. જર્મનીના મેક્સ પ્લાક(Max Planck)ના મત મુજબ મોટાભાગના સ્વપ્નોમાં વ્યક્તિની વર્તમાન ચિંતાનો પડઘો પડે છે. તો વુડ પણ તેના અભ્યાસ પરથી સ્વપ્ન ઘટના માટે આગલા દિવસમાં મનોભાર, ઉદ્વેગ અને ઉપાધીને જવાબદાર ગણાવે છે. હોલના અભ્યાસ મુજબ મોટાભાગના સ્વપ્નો ચીલા-ચાલુ વિષયના અને પરિચિત વાતાવરણમાંથી હોય છે.

હેજેકના સંશોધન મુજબ વ્યક્તિ જાગ્રત અવસ્થામાં જે કુટેવ રોકવાનો નિશ્ચય કરે છે સ્વપ્નમાં તે જ નિયમનો ભંગ કરે છે. કાર્ટરાઇટ મુજબ કોઈ વ્યક્તિ તેની બહુમુલ્ય વસ્તુ ગુમાવે છે તો ત્યારે તે ખોટને પુરી કરવાનું સ્વપ્ન જૂએ છે.

- સ્વપ્નોની અસર અને ઉપયોગીતા :
  - સ્વપ્નમાં મનુષ્યના આવેગ અને પ્રેરણાઓ પ્રગટ થાય છે. આથી સ્વપ્ન એ મનુષ્યના ભાવોનું વિરેચન કરે છે. જેના કારણે મનુષ્ય માનસિક રાહત અનુભવે છે.
  - સ્વપ્ન દ્વારા મનુષ્યની મનોદશાનો ખ્યાલ આવે છે.
  - સ્વપ્ન વ્યક્તિની ઊંઘમાં ખલેલ પડ્યા વિના ઊંઘમાં વિરામ લાવે છે.
  - સ્વપ્નો વ્યક્તિમાં વિશિષ્ટ મનોવલણો યુક્ત દૃષ્ટિ અને સૂજ ઉપજાવે છે.
  - સ્વપ્નોનું વિશ્લેષણ કરવાથી વ્યક્તિની મુંજવણના કારણો મળે છે.
  - સ્વપ્નોની મનુષ્ય પર રચનાત્મક અસર થાય છે જે તેને સર્જન કરવા પ્રેરે છે.
  - સ્વપ્ન મગજને પુનઃ સક્રિય કરે છે.

❖ ૧.૧૦ સ્વપ્ન વિશેની માન્યતાઓ

સ્વપ્ન એ જટીલ રીતે ગુંથાયેલું જાળું છે. તેને સમજવા ધીમે ધીમે એક પછી એક ગૂંચ ઉકેલવી જરૂરી બને છે. એન. ફરાડે કહે છે તેમ ‘Silence of understanding our Dreams is like learning a language of our hearts.’ (સ્વપ્નને ઉકેલવું એટલે હૃદયની ભાષાની સુક્ષ્મ અટકળોને સમજવું છે.) આમ સ્વપ્ન એક સુક્ષ્મ કળા છે. સ્વપ્નનો અર્થ શો? એ વિશ્વભરમાં ચર્ચાનો વિષય છે. સ્વપ્નાઓ ક્યાંથી આવે છે? કેવી રીતે આવે છે? કેટલાંક

લોકો સ્વપ્નને માત્ર મગજના તરંગોની આડપેદાશ જ માને છે. કોઇક વળી આ સ્વપ્નોને ઇચ્છાઓનું પ્રતિબિંબ હોવાની દલીલ કરે છે. તો અમુક લોકો એવું માને છે કે, સ્વપ્નાઓ તેમને ભગવાન સાથે જોડે છે. વિશ્વમાં હજારો વર્ષની સાંસ્કૃતિક પરંપરામાં સ્વપ્નના અર્થઘટનની પણ એક વિસ્તૃત કેડી કંડારાયેલી છે. આ વિષય જ એવો છે કે સમયે સમયે લોકો તેને ઓળખવા, સમજવા, વિશ્લેષણ કરવા આકર્ષાયા છે. મેસોપોટેમીયા, ઈરાક, પ્રાચીન ગ્રીક, ઈજીપ્ત, જર્મન, ચીન, જાપાન વગેરે જેવા દેશોમાં સ્વપ્ન વિશ્લેષણની એક આગવી પરંપરા આજ સુધી વિકસતી રહી છે.

- **મેસોપોટેમીયન સંસ્કૃતિ :**

મેસોપોટેમીયા (આજનો ઈરાક અને તિગ્રીસ તથા યુક્રેટીસ વચ્ચેનો ભાગ) જ્યાં સુમેરિયન સભ્યતા વિકસેલ. સ્વપ્ન વિશ્લેષણની પ્રારંભિક માહિતી અહીંથી મળે છે. સ્વપ્ન વિશેનું સૌથી જૂનું સંશોધન અહિ થયું છે. દુનિયાને સ્વપ્ન વિશ્લેષણ અને સ્વપ્ન પ્રતીકો વિશેની પ્રથમ પુસ્તક મેસોપોટેમીયામાંથી આજથી ઈ.સ. ૫૦૦૦ વર્ષ પૂર્વે મળી આવે છે. અહીંની સંસ્કૃતિ મુજબ સ્વપ્નાઓ દેવતા દ્વારા મોકલવામાં આવતા સંકેત રૂપી સંદેશાઓ છે. આ સ્વપ્નાઓનું ત્યાંના પાદરીઓ દ્વારા વિશ્લેષણ કરવામાં આવતું હતું. અહીંના લોકોના મતે સ્વપ્ન એ એક સમન્વયરૂપી કાર્ય કરે છે. વ્યક્તિને ચેતવે છે, સભાન કરે છે. અહીંથી જ સ્વપ્ન અર્થઘટન પ્રક્રિયાની અસર આગળ જતાં હિબ્રુ, અરબી અને ગ્રીક પરંપરામાં પણ વિકસે છે.

પ્રાચીન સુમેરીયનોમાં ઈ.સ. પૂર્વે ૩૧૦૦ સુધી સ્વપ્ન અર્થઘટનના પુરાવાઓ પ્રાપ્ત થાય છે. મેસોપોટેમીયાના સમગ્ર ઇતિહાસમાં, ભવિષ્યકથન માટે સપના હંમેશાં અત્યંત મહત્ત્વપૂર્ણ હોવાનું માનવામાં આવતું હતું અને મેસોપોટેમીયાના રાજાઓએ તેમની ઉપર ખૂબ ધ્યાન પણ આપ્યું હતું. સુમેરિયન શહેર લગાશના રાજા ગુડેઅ(Gudea)ને સ્વપ્નમાં નિન્ગિરસુ(Ningirsu)ના મંદિરનું પુનઃર્નિર્માણ કરવા આદેશ મળેલ. અક્કાદિયન ભાષામાં લખાયેલ 'ગિલગમેશ'ના મહાકાવ્યમાં સ્વપ્નની ભવિષ્યવાણી શક્તિના અસંખ્ય હિસાબોનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમાં ગિલગમેશે જાતે એન્કીડુના આગમન વિશે બે સ્વપ્નાઓ જોયા છે. આ સ્વપ્નઓને અન્ય દુનિયામાં જવાના સાધન તરીકે પણ જોવામાં આવે છે. સુમેરિયન લોકો માને છે કે, વ્યક્તિના ઊંઘી ગયા પછી આત્મા સ્થળ, વાતાવરણ છોડી અન્ય સ્થળ, વાતાવરણની મુલાકાત લે છે. મેસોપોટેમિયનના એસિરિયન (Assyrian) સામ્રાજ્યના રાજા આશુરનસિરપાલ (Ashurnasirpal) બીજાએ સ્વપ્નના દેવ કે

જેને તેઓ મામુ કહે છે તેમનું કાલ્હુ નજીક ઈમ્ગુર એન્લીલ (Imgur-Enlil, આજના ઇરાક નજીક) ખાતે એક મંદિર બંધાવ્યું હતું. વખત જતાં એસિરિયન (Assyrian) સામ્રાજ્યના રાજા આશુરબનિપાલ(Ashurbanipal) યુદ્ધ જેવી ભયાનક પરિસ્થિતિમાં મુકાયા હતા એ વખતે સ્વપ્નમાં તેમને દૈવી સંકેત મળ્યા હતાં. એ સંકેતથી તેમને વિજય તરફ દોરી જવાની ખાત્રી અપાઈ હતી. (Black, Jeremy; Green, Anthony (1992). Gods, Demons and Symbols of Ancient Mesopotamia: An Illustrated Dictionary. Austin, Texas: University of Texas Press. pp. 71–72.)

- **બેબીલોનીયન સંસ્કૃતિ :**

બેબીલોનના રહેવાસીઓએ સ્વપ્નોને સારા અને ખરાબ એમ બે પ્રકારમાં વહેંચ્યા છે. જેમાં સારા સ્વપ્ન દેવો દ્વારા અને ખરાબ સ્વપ્ન રાક્ષસો દ્વારા મોકવામાં આવે છે. તેવું તેઓ મને છે. (Oppenheim, L.A. (1966). Mantic Dreams in the Ancient Near East in G. E. Von Grunebaum & R. Caillois (Eds.), The Dream and Human Societies (pp. 341–350). London, England: Cambridge University Press.)

- **ઈજિપ્ત :**

પ્રાચીન ઈજિપ્તે પણ સુમેરિયન સંસ્કૃતિમાંથી ઘણા ખરાં વિચારો ગ્રહણ કરેલા હોય તેમ જણાય છે ઈજિપ્ત વાસીઓના મતે પણ પ્રાચીન ‘Dream Book' લખાયેલ છે. જે હાલ લંડન બ્રિટીશ સંગ્રહાલયમાં ઉપલબ્ધ છે. ઈજિપ્તમાં પણ સ્વપ્નના અનુવાદકો હતાં. ઈજિપ્ત વાસીઓ તેમના દેવતા હેલેનિસ્ટીકની પૂજા કરી તેમને બલિ આપતા જેથી દેવતાઓ ભવિષ્ય વિશેની માહિતી સ્વપ્ન દ્વારા લોકોને પહોંચાડતા. ઈજિપ્તની સભ્યતા એમ માનતી હતી કે, ઇશ્વર સ્વપ્નાઓ દ્વારા રાજાઓને મહત્ત્વપૂર્ણ સંદેશાઓ પહોંચાડવા માંગતા હતાં. ઈજિપ્ત વાસીઓએ તેમના સ્વપ્નાને કાગળ પર લખ્યાં છે. ઈજિપ્ત સભ્યતામાં નોંધપાત્ર સ્વપ્નાઓ ઇશ્વરના આશીર્વાદ સ્વરૂપ માનવામાં આવ્યા છે. તેઓ માનતા હતાં કે, દૈવી સાક્ષાત્કાર મેળવવાનો શ્રેષ્ઠ માર્ગ સ્વપ્નમાં રહેલો હોય છે. આમ તેઓ સ્વપ્નને પ્રેરણા સ્રોત માને છે. ઈજિપ્તવાસીઓ અભ્યારણમાં જઈ દેવતાઓની સલાહ, આરામ અથવા ઉપચારની આશાએ ખાસ ‘સ્વપ્ન પથારી’ પર ઊંઘતા હતાં. (Kracke, W.

(1991) Languages of Dreaming: Anthropological approaches to the study of dreaming in other cultures. In J. Gackenbach & A. A. Sheikh (Eds.), Dream images: A call to mental arms (pp. 203-224). Amityville, NY: Baywood.)

- **ગ્રીક સંસ્કૃતિ :**

ગ્રીક સંસ્કૃતિ એક સમયે શક્તિશાળી સંસ્કૃતિ હતી અને આ લોકો શાણપણના સ્રોત ગણાતા. તેમના નિર્ણયોની વિશ્વમાં મહત્ત્વપૂર્ણ અસરો થતી. ગ્રીસમાં ડોલ્ફીમાં ઓરેકલની સ્વપ્ન આધારિત ભવિષ્યવાણી ચર્ચાસ્પદ રહી છે. તે સમયની ગ્રીસ સભ્યતામાં લશ્કરી નિર્ણયો, કુટુંબજીવન અને ગ્રીસના વિકાસ પર સ્વપ્નએ ખુબ ઊંડી અસર કરેલી. પરંતુ ગ્રીસનું સ્વપ્ન અર્થઘટનતંત્ર માત્ર તેને ભવિષ્યની આગાહી સાથે જ જોડતું હતું તેવું ન હતું. જીવનમાં સમૃદ્ધિની ખાતરી કરવા માટે પણ સ્વપ્ન અર્થઘટનનો ઉપયોગ થતો હતો.

ગ્રીકવાસીઓ મોર્ફીયસને ઊંઘ અને સ્વપ્નનો દેવ ગણે છે. ગ્રીકવાસીઓ માને છે કે, મંદિરો અને તીર્થસ્થળોમાં રાત્રે સૂતા હોય તેવા લોકોને દેવતાઓ ચેતવણી અને ભવિષ્યવાણી પણ મોકલાવે છે. તેમની સ્વપ્ન વિશેની પ્રારંભિક માન્યતાઓ એ હતી કે, તેમના દેવો સ્વપ્નમાં માનવની મુલાકાત લે છે. જ્યાં તેઓ Key-hall દ્વારા પ્રવેશી દૈવી સંદેશ આપ્યા પછી તે જ માર્ગે બહાર નીકળી જાય છે. એન્ટીફોને ઈ.સ. પૂર્વે ૫મી સદીમાં સ્વપ્ન પર પુસ્તક પણ લખ્યું છે.

આધુનિક દવાના પિતા હિપોક્રેટસના મતે શારીરિક અને માનસિક સ્વાસ્થ્યના મહત્ત્વપૂર્ણ સંકેતો સ્વપ્ન વિશ્લેષણ દ્વારા મેળવી શકાય છે. સ્વપ્ન સિદ્ધાંત વિશે તેમણે સાદી અને સરળ સમજ એ રીતે આપેલી કે દિવસ દરમ્યાન આત્માને વિવિધ ચિત્રો-દૃશ્યો પ્રાપ્ત થાય છે. રાત્રે આ ચિત્રો અને દૃશ્યો સ્વપ્નમાં પરિવર્તિત થાય છે. સૌપ્રથમ સ્વપ્ન એ માત્ર દૈવી સ્રોત નથી તેવો ખ્યાલ ગ્રીસમાં ઉદ્ભવેલ.

- **રોમન સંસ્કૃતિ :**

પ્રાચીન રોમ દરેક બાબતની જેમ સ્વપ્ન અર્થઘટન માટે પણ ગ્રીક સાથે જોડાયેલ છે. રોમમાં સ્વપ્ન બાબતે અગસ્ત અને જુલિયર સીઝર તથા અનુયાયીઓએ નગરમાં એક કાયદો

ઘડેલો તે મુજબ દરેક વ્યક્તિએ તેમને આવેલ સ્વપ્ન વિશે નગરના બજારમાં આવીને વાત કરવાની રહેતી. જેના પર વિદ્વાનો ચર્ચા કરતા. વ્યક્તિની અપ્રિય વર્તણૂંક અને અપ્રિય બાબતો સ્વપ્ન દ્વારા સૂચવવામાં આવતી. ગ્રીસની જેમ જ અહિ રોમમાં પણ એ બાબત વિવાદાસ્પદ હતી કે સ્વપ્ન આપણા જુસ્સા, લાગણીઓ અને રોજિંદા જીવન અનુભવો દ્વારા પ્રેરિત છે અને દેવતાઓએ મોકલ્યા નથી.

- **ખ્રિસ્તી ધર્મ :**

પ્રાચીન ખ્રિસ્તીઓ તેમના સ્વપ્નાઓને તેમના ધર્મ સાથે જોડે છે. જો કે ખ્રિસ્તીઓ એકેશ્વરવાદી હતાં. તેઓ સારા સ્વપ્ન અને ખરાબ સ્વપ્નમાં ભેદ પણ પાડે છે. તેઓ માને છે કે સ્વપ્ન એ દૈવી સાક્ષાત્કાર છે. જે અમુક પરિસ્થિતિમાંથી તેમને ઉગારવાનો ઉપક્રમ હોય છે. દા.ત. સેમ્યુઅલને મળેલ આજ્ઞા. શિલોટના મંદિરમાં સુવાથી પ્રભુની આજ્ઞારૂપ શબ્દ પ્રાપ્ત થશે. (Bar, Shaul (2001). A letter that has not been read: Dreams in the Hebrew Bible. Hebrew Union College Press. Retrieved April 4, 2013.)

ખ્રિસ્તીઓ હિબ્રુની જ માન્યતાઓને અનુસરે છે. તેઓ માનતા હતા કે સ્વપ્નાઓ એક અલૌકિક અનુભવ હોય છે. સ્વપ્નની કથાઓ સાથે દૈવી પ્રેરણા જોડાયેલ હોય છે જેમાં સૌથી પ્રસિદ્ધ કથા જેકબનું સીડી વાળું સ્વપ્ન છે. જે પૃથ્વીથી પાતાળ સુધી વિસ્તરેલ છે. ખ્રિસ્તી પાદરીઓ તેમના ઉપદેશમાં પણ જણાવે છે કે, સ્વપ્ન દ્વારા ઈશુ લોકો સાથે વાતચીત કરે છે. જેકબ સિવાય મધર મેરી અને જીસસને આવેલ સ્વપ્નનો બાઈબલમાં ઉલ્લેખ થયેલ છે. (૧૮૮૭:૪૨) ખ્રિસ્તી ગ્રંથમાં એક નાખુદને આવેલ સ્વપ્નનો પણ ઉલ્લેખ જોવા મળે છે.

ત્રીજી સદીમાં પ્રતિભાશાળી પાદરી તુર્તીતીયને 'અમીના' નામના ગ્રંથમાં સ્વપ્ન વિશે વર્ગીકૃત માહિતી આપેલ છે. તેમણે સ્વપ્નને બે ભાગમાં વિભાજીત કર્યા છેઃ (૧) ઇશ્વર દ્વારા મોકલવામાં આવતા સ્વપ્ન અને (૨) શેતાન દ્વારા મોકલવામાં આવતા સ્વપ્ન. તેમણે Sexual Dream શેતાન દ્વારા મોકલવામાં આવતા સ્વપ્નની શ્રેણીમાં મુક્યા છે.

- **મુસ્લિમ ધર્મ :**

મુસ્લિમ ધર્મમાં પણ સ્વપ્ન વિશે વિસ્તારથી ચર્ચા થયેલી જોવા મળે છે. જેમાં મહમ્મદ ઈબ્ને સિરેનનું સ્વપ્ન અને યાસીફનું સ્વપ્ન ઉલ્લેખ પાત્ર બન્યું છે. મુસ્લિમો એવું માને છે કે, સ્વપ્ન દ્વારા પયંગમ્બર શાંતિ સંદેશ મોકલે છે. સ્વપ્નએ અલ્લાહના આશીર્વાદ હોય છે. 'Indeed the worst of Lies is that of a person who falsely claim to have Dream.' (સહીહ અલ-બુખારી)

ઇસ્લામમાં સ્વપ્નના ત્રણ પ્રકાર દર્શાવવામાં આવ્યા છે. (૧) સારા દ્રષ્ટિકોણના સ્વપ્ન (Ruyaa) (૨) ખરાબ સ્વપ્ન (Hulum) (3) સ્વ સ્વપ્ન (Dream from one's self) સારા સ્વપ્ન અલ્લાહ મોકલે છે. તો ખરાબ સ્વપ્ન શેતાન મોકલે છે. જ્યારે સ્વ સ્વપ્ન વ્યક્તિના વિચારોથી ઉદ્ભવે છે. જેમાં અલ્લાહ કે શેતાન જવાબદાર હોતા નથી. સાચું સ્વપ્ન એક પ્રકારની વહી છે જેથી સ્વપ્ન જોવા મળ્યે અલ્લાહના હુકમથી મોઢું ન ફેરવે. ઇસ્લામના એક ફતવામાં જણાવેલ છે કે, જો ખરાબ સ્વપ્ન આવે તો ડાબી બાજુ ત્રણવાર થૂકવું અને અલ્લાહનું શરણ લેવું. સારા સ્વપ્ન વિશે લોકોને વર્ણન કરવું પરંતુ ખરાબ સ્વપ્ન વિશે વાત કરશે કે કોઈ ચિત્ર દોરશે તો કયામતની રાત્રે તેના કાનમાં શીશું રેડાશે. (https://www.myislamicdream.com/ Dated: 23/11/2019 09:23 am)

મુસ્લિમ ફકીર ઇબ્ને ખુલ્દુન સાચા સ્વપ્ન માટે વ્યસનથી દુર રહેવા જણાવે છે. 'જ્યારે ઈન્સાની નફસ(આદત) શારીરિક વ્યસ્તાઓથી મુક્ત બને છે. તો એ રુહાનીયતની તરફ પલટાય છે. આ અવસર પર સ્વપ્નોમાં જે સ્થિતિ પેદા થાય છે તે સાચું સ્વપ્ન કહેવાય છે.' (સ્વપ્ન કી તાબીર)

જે પણ સ્વપ્ન જોવામાં આવે તે માત્ર કાલ્પનિક અને વ્યર્થ નથી હોતું બલકે એની અંદર કાંઈ ને કાંઈ વાસ્તવિકતા અવશ્ય હોય છે. તેમ ઓલિયા હઝરત ઈમામ ગમીલી જણાવે છે.

ઇબ્ને ખૂલ્દૂન કહે છે તેમ ઇન્સાન અને નબીઓના સ્વપ્નોમાં ફર્કના લીધે પોતપોતાની રૂહાની યોગ્યતા છે. લોકોની યોગ્યતામાં બધાથી વધારે રૂકાવટ સ્વયં અને ઉઘાડી ઇન્દ્રિયો છે.

બકરી ઇદની કથા જોઈએ તો હઝરત ઇબ્રાહિમે સ્વપ્ન જોઇને પોતાના પુત્રને અલ્લાહની રાહમાં ઝબહ(કુરબાન) કરવાની કોશિશ કરી હતી. મુસ્લિમ ધર્મમાં સ્વપ્ન વિશે વિસ્તારથી ચર્ચા

થયેલ છે. જેમાં તેમનો મુખ્ય મત એ છે કે સ્વપ્ન ઇશ્વરના આદેશ છે. આ સ્વપ્ન લોકોની લાયકાત મુજબ આવે છે. આ સ્વપ્નનું વિશ્લેષણ કરવા તેની તાબીર બતાવવા વાળા કોઈ નિશ્ચિત બંદાઓ હોય છે. અલગ અલગ સમયે આવેલ સ્વપ્ન અલગ અલગ ફળ આપે છે.  તેઓ એમ પણ માને છે કે વ્યક્તિ વ્યક્તિએ સ્વપ્નનો અર્થ અને તેની સત્યતા અલગ હોય છે. સ્વપ્નની તાબીર ગ્રંથમાં સ્વપ્ન વિશે વિગતે ચર્ચા કરવામાં આવી છે જેમાં સ્વપ્ન એટલે શું એના પ્રકારો, એનું ફળ અને તેમાં રહેલ પ્રતીકો વિશે વિગતે વાત કરવામાં આવી છે.

ઇસ્લામમાં શેતાનની જેમ જાપાનીઝ દંતકથામાં એક વિકરાળ બાકુંનો ઉલ્લેખ મળે છે. જે રાત્રે આવી ઊંઘમાં સ્વપ્નને ખાઈ જાય છે. જાપાન અને જર્મન બન્નેમાં Nightmare વિશે જ ચર્ચા છે. તો ક્યાંક સ્વપ્ન પહોંચાડનાર સુંદર સ્ત્રીનું વર્ણન પણ જોવા મળે છે.

- **ચિની સંસ્કૃતિ :**

ચિની ઇતિહાસમાં આત્માના બે મહત્ત્વના પાસાં વિશે વાત કરી છે. તે મુજબ સ્વપ્ન એક મુસાફરી છે. જેમાં વ્યક્તિને શરીરમાંથી મુક્ત કરવામાં આવે છે. (Bulkeley, Kelly (2008). *Dreaming in the world's religions: A comparative history*. pp. 71–73)

- **બૌદ્ધ ધર્મ :**

બૌદ્ધ ધર્મમાં સ્વપ્ન વિશેના વિચારો દક્ષિણ એશિયાના શાસ્ત્રીય અને લોકપરંપરાઓ જેવા છે. બુદ્ધે જ્યારે ઘર છોડ્યું તે પહેલા તેમને આવેલા સ્વપ્નને લોકો બહુવિધ પ્રકારે મુલવે છે. બુદ્ધિઝમ મુજબ સ્વપ્ન વ્યક્તિના જીવનને નિશ્ચિત ધ્યેય આપવાનું કાર્ય કરે છે. આ સ્વપ્નો ઈશ્વરીય માર્ગ સૂચવતા સંકેતો હોય છે. મિલિન્દ પન્ના (Milinda Panha)માં સ્વપ્ન વિશે વિસ્તૃત વિચારો અને ટીકાઓ રજૂ થયેલ છે જે પાલી ભાષામાં લખાયેલ છે.

બુદ્ધના જન્મપૂર્વે પણ તેની માતાને સ્વપ્ન આવે છે જેનો ઉલ્લેખ જાતકકથાઓમાં જોઈ શકાય છે. અજંતા-ઈલોરાની ગુફાઓમાં આ સ્વપ્નને ભીંતચિત્ર સ્વરૂપે કંડારવામાં આવ્યા છે. “Queen Maya sees a magnificent white elephant, which, by striking her right side with its trunk, is able to enter her womb. This dream is understood to be a prediction of the birth of a son who will be a

world ruler either through kingship or renunciation." (Serinity Young, '*DREAMS*', Indian Folklife, Volume 2, Serial No. 13, Issue 4, April-June 2003, Page No.08)

- **મેક્સિકન સંસ્કૃતિ :**

જેમ બાકીના સંપ્રદાયો અને દેશવાસીઓ માને છે તેમ જ મેક્સિકન સંસ્કૃતિ પણ માને છે કે સ્વપ્નાઓ પૂર્વજો સાથે સંપર્ક કરવાનો માર્ગ હોય છે. (Tedlock Barbara, 'Quiche Maya dream Interpretation', *Ethos*, 9 (4), 1981, page no. 313–350)

- **ભારતીય સંસ્કૃતિઃ**

ભારતીય પરંપરામાં સ્વપ્ન એ ભવિષ્યની આગાહીરૂપ માનવામાં આવતા. રાજાના દરબારમાં વિદ્વાનો સ્વપ્નનું અર્થઘટન કરતા. તે મુજબ દુશ્મન રાજા કે મિત્ર રાજા સાથેના સંબંધો પર ચર્ચા થતી. વેદકાળમાં માનવજીવનની ચાર અવસ્થામાંથી એક અવસ્થા તરીકે સ્વપ્નને ગણવામાં આવે છે. ભારતીય પરંપરામાં અને ખાસ હિંદુ પરંપરા મુજબ જ્યારે પણ ઇશ્વર જન્મ લેવાના હોય છે ત્યારે તેના માતા-પિતાને સ્વપ્ન દ્વારા જાણ કરવામાં આવે છે. વાલ્મીકિ 'રામાયણ'ના 'અયોધ્યાકાંડ'માં રામના રાજ્યાભિષેક પૂર્વે મહારાજા દશરથને એક દુઃસ્વપ્ન આવે છે. ભરતને મોસાળથી તેડવા આવે છે ત્યારે પણ એક અશુભ સૂચક સ્વપ્ન રજૂ થયું છે. 'સુંદરકાંડ'માં સીતાના હરણ બાદ અશોક વાટિકામાં ત્રીજટા રાક્ષસીને આવેલ સ્વપ્ન ભવિષ્ય નિર્દેશ અર્થે પ્રયોજાયું છે. પ્રાચીન શ્રુતિગ્રંથોમાં સ્વપ્નને એક વિદ્યા જેટલું મહત્ત્વ અપાયું છે.

'બૃહદારણ્ય' ઉપનિષદમાં સ્વપ્ન સંબંધી બે સિદ્ધાંત આપવામાં આવ્યા છેઃ (૧) સ્વપ્નાવસ્થામાં આત્મા બહિર્જગતમાં જોયેલા દશ્યોના અનુકરણ પર પોતાને અનુરૂપ નવા જગતની સૃષ્ટિ છે અને (૨) નિદ્રાવસ્થામાં આત્મા શરીરમાંથી નીકળીને ઇચ્છાનુસાર ભ્રમણ કરે છે (અધ્યાય ૪, ખંડ ૩, મંત્ર ૯થી૧૪)

'છાન્દોગ્ધ' ઉપનિષદમાં સ્વપ્ન પ્રતીક વિશે વાત કરતાં લખ્યું છે કે, કર્મફળ દરમ્યાન જો સ્વપ્નમાં સ્ત્રીને જોવામાં આવે તો કર્મની સફળતા નિશ્ચિત મનાય છે. (અધ્યાય ૮, ખંડ ૧૦, મંત્ર ૨)

'માંડૂક્ય' ઉપનિષદમાં જાગ્રત અવસ્થા બાદ સ્વપ્ન અવસ્થા વિશે વાત કરતા લખ્યું છે કે, સ્વપ્નનો પ્રમાતા તૈજસ છે જેને સાત અંગો અને ઓગણીસ મુખો છે જે સુક્ષ્મ વિષયોને ભોગવે છે. (અધ્યાય ૪, ખંડ ૨, મંત્ર ૩)

'ચરકસંહિતા' મુજબ રાત્રીના પ્રથમ પ્રહરમાં જે સ્વપ્ન જોવાય છે તે અલ્પફળ આપે છે. સ્વપ્નને જોઈ ફરી ઊંઘ ન આવે તેનું તરત ફળ મળે અને જો ખરાબ સ્વપ્ન આવે તે બાદ સારું સ્વપ્ન જોઈ લે તો શુભ ફળ આપે છે. 'શરંધર સંહિતા'ના પ્રથમ ખંડના ત્રીજા અધ્યાયમાં પણ સ્વપ્નના ફળાદેશની વાત કરવામાં આવી છે.

ભારતીય લોકો માને છે કે જાગ્રત અવસ્થામાં જે કંઈ જોયું સાંભળ્યું છે તેનાથી બંધાતી વાસનાઓ નિદ્રા સમયે જે પ્રપંચના અનુભવમાં આવે છે તેને સ્વપ્નાવસ્થા કહે છે. આપણી વાસનાઓ જાગ્રત અવસ્થામાં થયેલી હોય છે. જ્યારે આપણે વિષયોની આસક્તિમાં બંધાઇને એનો ભોગ કરીએ છીએ ત્યારે આપણા ચિત્તમાં એનો સંસ્કાર બને છે. આ વાસનાના બીજની આસપાસ આત્મસ્વરૂપનું આવરણ બને છે. ભારતીય પરંપરામાં આત્મા અને તેની સ્થતિ વિશે ગૂઢ ચર્ચા કરવામાં આવી છે. તે મુજબ સ્વપ્ન અવસ્થાનો સંબંધ સુક્ષ્મ શરીર સાથે વધુ હોય છે.

- **જૈન ધર્મ :**

જૈન શાસ્ત્રમાં નિમિત્ત જ્ઞાનના આઠ  પ્રકારો છે. તેને અષ્ટાંગ નિમિત્ત કહેવામાં આવે છે. આ આઠમાંથી એક નિમિત્ત એટલે સ્વપ્નશાસ્ત્ર નિમિત્ત. આ સ્વપ્ન નિમિત્તમાં સ્વપ્નના પ્રકારો, સ્વપ્નના ફળાદેશ વગેરે હકીકતો વિશે ૭૨ સ્વપ્નના ઉદાહરણ સાથે વાત કરવામાં આવી છે. આ ૭૨ સ્વપ્નમાંથી ૧૪ સ્વપ્નો શ્રેષ્ઠ મનાય છે જે તીર્થંકરોની માતાઓ તીર્થંકરના ગર્ભ સમયે અને ચક્રવર્તીના ગર્ભ સમયે અર્ધ નિદ્રાવસ્થામાં જોવા મળ્યા છે. આ સ્વપ્નમાં ૧૪ પ્રતીકો રજૂ થયા છેઃ (૧) હાથી (૨) વૃષભ (3) કેશરીસિંહ (૪) લક્ષ્મીદેવી (૫) ફૂલોની માળા (૬) સૂર્ય (૭) ચંદ્ર (૮) ધજા/પતાકા (૯) કળશ (૧૦) પદ્મસરોવર (૧૧) સમુદ્ર (૧૨) દેવ વિમાન (૧૩) રત્નરાશિ (૧૪) અગ્નિશિખા.

વાસુદેવ શ્રીકૃષ્ણની માતાને આ પૈકી સાત સ્વપ્ન અને બલદેવની માતાને ચાર સ્વપ્ન ગર્ભ સમયે આવે છે. જૈનધર્મમાં સ્વપ્નના વિવિધ આઠ પ્રકાર આપવામાં આવ્યા છે. જૈનોના માનવા

મુજબ રાત્રીના પહેલા પ્રહરમાં આવેલું સ્વપ્ન બાર મહિનામાં ફળ આપે છે. બીજા પ્રહરમાં આવેલ સ્વપ્ન છ મહિનામાં અને ત્રીજા પ્રહરમાં આવે તો ત્રણ મહિના, ચોથા પ્રહરમાં આવે તો એક મહિનામાં, છેલ્લી બે ઘડીમાં આવ્યું હોય તે સ્વપ્નનું ફળ દશ દિવસમાં અને સૂર્યોદય સમયે આવ્યું હોય તે સ્વપ્ન થોડા દિવસમાં જ તેનું શુભ-અશુભ ફળ આપે છે. જૈન શાસ્ત્ર મુજબ દિવસે આવેલ સ્વપ્ન કોઈ ફળ આપતું નથી. ઉપરા-ઉપરી સ્વપ્ન આવે તો એને માળા સ્વપ્ન કહેવામાં આવે છે.

જૈન માન્યતા મુજબ સારું સ્વપ્ન જોઇને જાગૃત થયા પછી સુવું નહિ. જાગ્રત રહી જિનેશ્વર સ્તવન સ્તુતિ કરવી. કેમ કે, પછી જો ખરાબ સ્વપ્ન આવે તો પૂર્વે આવેલ સારા સ્વપ્નને નાશ ન કરે. ખરાબ સ્વપ્ન આવે તો પુનઃ સુવું; ખરાબ સ્વપ્ન કોઈને પણ કહેવું ન જોઈએ.

ભારતીય જ્યોતિષ શાસ્ત્ર મુજબ વ્યક્તિ પોતાના કોઈ જન્માંતરના પ્રસંગોને વારંવાર જોયા કરતો હોય છે. પરિણામે સ્મરણીય ઘટનાઓ અને દશ્યો સુષુમ્ણામાં મુદ્રિત થઈ જાય છે. આ દશ્યો સ્મૃતિ વંટોળમાં સુષુમ્ણાના માધ્યમ દ્વારા પ્રવેશ કરી જાય છે. વ્યક્તિને ઘણીવાર એવું લાગે છે કે આ સ્થળે કેટલાય સમય પહેલા જઈ ચુક્યો છે.

ભારતીય પરંપરા મુજબ પણ સ્વપ્નને કોઈ દૈવી સંકેત માનવામાં આવે છે. સ્વપ્નના અધીષ્ઠાતા દેવ તરીકે અલગ અલગ સંપ્રદાયમાં અલગ અલગ બાબતોને સ્થાન મળ્યું છે. શૈવપંથી લોકો શિવને સ્વપ્નાધિપતિ કહે છે. સ્વપ્નની સાધના માટે શિવના મંત્રનો જપ કરવા જણાવ્યું છે. વૈષ્ણવ લોકો વિષ્ણુને સ્વપ્ન દેવ તરીકે સ્થાપીને તેમની સ્તુતિ કરે છે.

સ્વામીનારાયણ સંપ્રદાયમાં 'વચનામૃત'ના સાળંગપુરના છઠા પ્રવચનમાં શરીરની અવસ્થા વિશે વાત કરવામાં આવી છે જેમાં સ્વપ્નને શરીરની એક અવસ્થા તરીકે દર્શાવી છે.

અક્રમ વિજ્ઞાનમાં શરીરની અવસ્થા વિશે વાત કરતા છ અવસ્થામાં એક અવસ્થા સ્વપ્ન અવસ્થા વિશે વાત કરવામાં આવી છે. કૈવલજ્ઞાન વિશે વાત કરતા જણાવ્યું છે કે સ્વપ્ન આપણું કર્મ છે, સ્વપ્ન પ્રભાવ છે, ચેતનનો પ્રગટ પ્રભાવ છે. સ્વપ્નમાં સ્થૂળ દેહના બધા જ બારણાં બંધ હોય છે અને તે સમયે સુક્ષ્મ દેહ, મન, બુદ્ધિ, ચિત્ત કાર્ય કરે છે. અન્ય ધર્મની જેમ અહિ પણ એવું માનવામાં આવે છે કે, કાળક્રમમાં સૌથી ઉચ્ચ કક્ષાના માનવીઓની માતાઓને ઉત્તમ પ્રકારના સારામાં સારા સ્વપ્નાઓ આવે છે.

આમ તુંડે તુંડે મતીર ભિન્ના હોવા છતાં એક બાબતે આ બધી સંસ્કૃતિ, સભ્યતા અને ધર્મ એકરૂપ બને છે, તે એ કે દરેક સંસ્કૃતિ કે ધર્મ શરૂઆતમાં તો સ્વપ્નને ઇશ્વરનો આદેશ જ માને છે. આ સ્વપ્નાઓ શુભાશુભ ફળ આપે છે. પરંતુ ક્યાંક ક્યાંક સ્વપ્નો મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણથી પણ મુલવ્યા છે. જે આજના સ્વપ્ન વિશ્લેષણનો પાયો બને છે. આ માન્યતાઓ પરથી બે બાબત સ્પષ્ટ થાય છેઃ ૧) સ્વપ્ન ભવિષ્ય દર્શન અર્થે ઉપયોગી માનવામાં આવે છે અને ૨) સ્વપ્ન મનમાં રહેલ લાગણીઓ, ભય કે ઇચ્છાઓનો પડઘો છે. આ બંને બાબત સાહિત્યમાં વત્તે-ઓછે સ્વરૂપે પ્રયોજાઈ છે. મહાકાવ્યમાં સ્વપ્ન પ્રયુક્તિ ભવિષ્ય કથન માટે પ્રયોજાતી હતી. રામાયણ, મહાભરતમાં આવા અનેક ઉદાહરણ જોઈ શકાય છે.

## ❖ ૧.૧૧ સ્વપ્નના પ્રકારો

જેમ વાસ્તવ વિવિધ અર્થછાયા સાથે ભળી અનેક અર્થો આપે છે એવી જ રીતે સ્વપ્ન સાથે વિવિધ વિશેષણ જોડતા તેના પણ વિવિધ પ્રકારો ઉદ્‌ભવે છે. સ્વપ્નમાં રહેલ સામગ્રી પ્રમાણે સ્વપ્નના બે પ્રકાર પાડી શકાયઃ (૧) સરળ સ્વપ્ન (૨) કઠીન સ્વપ્ન.

- (૧) સરળ સ્વપ્નઃ કોઈ ઝાઝી અવઢવમાં મુકાયા વિના સ્વપ્નની સામગ્રીને સમજી શકાય ત્યારે તેવા સ્વપ્નને સરળ સ્વપ્ન કહેવામાં આવે છે. આ સ્વપ્નમાં કોઈ ગુઢ રહસ્ય કે પ્રતીકો વિના સાદી અને સરળ વાત રજૂ થઈ હોય છે.
- (૨) કઠીન સ્વપ્નઃ સરળ સ્વપ્નથી વિપરીત કઠીન નામ મુજબ આ સ્વપ્નમાં સ્વપ્નને સમજવા એક કોયડો બની જાય છે. આ સ્વપ્નને તેમાં રહેલ સામગ્રીના આધારે સમજવા માટે વિવિધ પ્રયુક્તિઓ કામે લગાડવી પડે છે.

સ્વપ્ન જોવાના સમય મુજબ પણ બે પ્રકારો પડેઃ (૧) રાત્રી સ્વપ્ન : રાત્રે જ્યારે વ્યક્તિ સુઈ જાય અને તેની સાથે તેનું જાગ્રત મન પણ સુષુપ્ત અવસ્થામાં પહોંચી જાય છે. આ સમયે એટલે કે રાત્રીએ વ્યક્તિને જે સ્વપ્ન આવે તેને રાત્રી સ્વપ્ન (Nightmare) કહેવામાં આવે છે. (૨) દિવાસ્વપ્ન : વ્યક્તિ દિવસના સમયે સભાન હોય છે પરંતુ ઘણીવાર આ સભાન અવસ્થામાંથી વ્યક્તિ તંદ્રાવસ્થામાં પહોંચી જાય છે અને આ સ્થિતિમાં પણ વ્યક્તિનું જાગ્રત મન નિષ્ક્રિય થઈ જાય છે ત્યારે વ્યક્તિના મનમાં જે સ્વપ્નચિત્ર ઉદ્‌ભવે કે આભાસ થાય તેને દિવાસ્વપ્ન કહેવામાં

આવે છે. આ સિવાય અતિ ડરામણા અને ભય ઉપજાવતા સ્વપ્નને દુઃસ્વપ્ન(nightmare) કહેવામાં આવે છે. તો ધાર્મિક માન્યતા મુજબ (૧) સારા સ્વપ્ન (૨) ખરાબ સ્વપ્ન પ્રકાર પડે છે. જે વ્યક્તિને સારી સુચના આપે, વ્યક્તિને આનંદ અને સુખ આપે તે સારા સ્વપ્ન અને જે ભય ઉપજાવે, ક્ષતિની ઓળખ આપે તેવા સ્વપ્નને ખરાબ સ્વપ્ન તરીકે ઓળખવામાં આવે છે. સારા ખરાબ સ્વપ્નને અમુક સમયે (૧) શુભફળ આપનારા (૨) અશુભ ફળ આપનારા એવા નામ પણ આપવામાં આવ્યા છે. સુકન ધાર્મિક માન્યતા મુજબ સ્વપ્નો ભવિષ્યમાં મળનાર ફળની આગાહી કરે છે. આ આગાહીમાં સારું મનગમતું ફળ મળનાર હોય તો તે શુભ ફળ આપનાર અને જો વિપરીત ફળ આપનાર હોય તો અશુભફળ આપનાર માનવામાં આવે છે.

મુસ્લિમ તાબીર સ્વપ્નના બે પ્રકાર જણાવે છે. એથી આગળ વધી એના પેટા પ્રકારો પણ જણાવે છે. (૧) ફિલસુફી આધારે - ભૌતિક, અભૌતિક. (૨) તાબીર બતાવવાવાળાને આધારે - હુકમ આપવાવાળા, વાતથી રોકવાવાળા, ભય આપવાવાળા, શુભ સૂચના આપવાવાળા. 'હદીસ શરીફ'માં સ્વપ્નના ત્રણ પ્રકાર દર્શાવવામાં આવ્યા છેઃ (૧) જીવનમાં મોમિનોને શુભ સુચના સંભળાવવા વાળા (૨) દુઃખ અને ચિંતામાં સપડાવનાર (૩) પરેશાન કરવા અને મનનું સુખ, ચેન ખતમ કરવાવાળા સ્વપ્ન. હઝરત મગરીબ સ્વપ્નની ખરાઈને આધારે તેના બે પ્રકાર પાડે છે (૧) સાચું (૨) જૂઠું સ્વપ્ન.

જૈન સંપ્રદાયમાં સ્વપ્નના આઠ પ્રકાર દર્શાવવામાં આવ્યા છેઃ (૧) અનુભુત સ્વપ્નઃ અનુભવમાં આવેલી વસ્તુઓનું સ્વપ્ન. (૨) શ્રુત સ્વપ્નઃ સાંભળેલી વાતોનું સ્વપ્ન (ભૂત પ્રેતની વાતો કરીને સુઈએ અને એ જ સ્વપ્નમાં આવે) (૩) દશ્ય સ્વપ્નઃ જોયેલી વસ્તુ કે સ્થળનું સ્વપ્ન. (૪) પ્રકૃતિ વિકારથી સ્વપ્નઃ વાત, કફ, પિત્ત. (૫) સ્વભાવ અનુસારઃ રજો, તમો, સત્ત્વગુણ. (૬) ચિંતા ફિકરના અતિરેકથીઃ મનમાં કોઈ બાબત ચિંતા હોય તો તે જ સ્વપ્નમાં દેખાવું (૭) દેવતાની પ્રેરણાથી આવેલ સ્વપ્નઃ ઈશ્વરીય સુચના કે આદેશ (૮) પાપના ઉદયથી આવેલ સ્વપ્ન : કોઈ ખોટું કાર્ય થયું હોય તે અંગેનું સ્વપ્ન.

જ્યોતિષ શાસ્ત્રમાં સ્વપ્નના તેના ભાવને આધારે નવ પ્રકારો જણાવ્યા છેઃ (૧) શ્રુત (૨) અનુભુત (૩) દશ્ય (૪) અદશ્ય (૫) ચિંતા (૬) પ્રકૃતિ (૭) વિકૃતિ (૮) પુણ્ય (૯) પાપ.

મિહિરચંદ્ર તેમના 'ધર્મસિન્ધુ' ગ્રંથમાં સ્વપ્ન વિચાર પ્રકરણમાં સ્વપ્નના બે પ્રકાર દર્શાવે છેઃ (૧) ઇષ્ટફળ પ્રાપ્તિ સૂચક સ્વપ્ન અને (૨) અનિષ્ટફળ પ્રાપ્તિ સૂચક સ્વપ્ન.

સ્વપ્નમાં રહેલ સામગ્રીના સ્વરૂપ મુજબ સ્વપ્નના બે વિભાગ પડે છેઃ (૧) વ્યક્તઃ એટલે કે, સ્વપ્નમાં જે દેખાય છે તે. જેમ કે સ્વપ્નમાં તુલસી છોડ દેખાવો, પૂજા પાઠ દેખાય તો સહેજે સમજાય કે કોઈ ધાર્મિક સ્થળ છે. આમ વ્યક્ત સ્વરૂપ એટલે જે રજૂ થાય છે તે. (૨) અવ્યક્ત : એ સામગ્રી કે જે સ્વપ્નમાં રજૂ થતી વખતે સમજાતી નથી પરંતુ સ્વપ્ન વિશ્લેષણ દ્વારા સમજાય છે. જેમ કે, સ્વપ્નમાં તુલસી છોડ દેખાવો એટલે મનમાં આધ્યાત્મિકતાનો ભાવ હોવો. સ્વપ્નમાં પોતાની જાતને ઉચ્ચ સ્થાન પર બિરાજમાન જોવું એટલે ત્યાં પહોંચવાની ઇચ્છા હોવી. સ્વપ્નના અવ્યક્ત સ્વરૂપ માટે  માનવના  અજ્ઞાત મનની કૂટનીતિ જવાબદાર હોય છે. ઊંઘમાં પણ ઘણી ઇચ્છાઓ તેના મૂળ સ્વરૂપે પ્રગટ થઈ શક્તિ નથી અને એટલે આ ઇચ્છાઓ પ્રતીકાત્મક સ્વરૂપે પ્રગટ થાય છે. આ અવ્યક્ત સ્વરૂપ જ સ્વપ્નનું વાસ્તવિક તત્ત્વ હોય છે. વ્યક્ત સામગ્રીવાળું સ્વપ્ન સરળ હોય છે. આવા સ્વપ્નના કારણ પણ સરળતાથી જાણી શકાતા હોય છે. ઘણીવાર સ્વપ્નના ઉદ્દીપકો બદલાય તો સ્વપ્નનું સ્વરૂપ બદલાતું હોય છે. આવા બદલાયેલ અવ્યક્ત સ્વપ્ન સ્વરૂપ સમજવા માટે સ્વપ્નની પ્રક્રિયા સમજવી આવશ્યક બની જાય છે.

## ❖ ૧.૧૨ સ્વપ્ન પ્રક્રિયા

આ સ્વપ્ન પ્રક્રિયા જ આપણી ઇચ્છાઓને પ્રતીક, કલ્પન અને રૂપક સ્વરૂપે પ્રગટ કરે છે. આ સ્વપ્ન પ્રક્રિયાને સમજાવવા ફ્રોઇડ તેના ચાર સ્તંભો વિશે વાત કરે છે. આ ચાર સ્તંભો નીચે મુજબ છેઃ

(૧) સંક્ષેપણ (Condensation)

(૨) વિસ્થાપન (Displacement)

(3) નાટ્યીકરણ (Dramatization)

(૪) દ્વૈતીયિક વિવૃત્તિ (Secondary Collaboration)

વળી, નરેશ વેદ સ્વપ્ન પ્રક્રિયાને સ્વપ્ન પ્રપંચ કહે છે અને પાંચ પ્રપંચો દર્શાવે છે. જે નીચે મુજબ છે. (નરેશ વેદ, લઘુનવલ વિમર્શ, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, પાના નં.૫૮) તેઓ સંક્ષેપણને સંઘનન કહે છે. આ પાંચેય સ્તંભને સમજીએ.

- **સંક્ષેપણ (Condensation) :**

સ્વપ્નમાં વ્યક્ત થતાં વિષયની અનેક બાબતો વ્યક્ત થતા પહેલા જ લુપ્ત પામી ચુકી હોય છે. આથી અનેક ઘટનાઓ માત્ર સંક્ષિપ્ત બની સંકોચાઇને પ્રતિક સ્વરૂપે જ સ્વપ્નમાં પ્રગટ થાય છે. દા.ત. કોઈ એવો અપરિચિત વ્યક્તિ સ્વપ્નમાં દેખાય જેમાં પરિચિતોની ઘણી વાતો એક સાથે હોય. અલગ અલગ વ્યક્તિ સાથેની દમિત લાગણીઓ અને વાસનાઓ કોઈ એક વ્યક્તિમાં એક જ સમયે સ્વપ્નમાં એક સાથે પ્રગટે ત્યારે તેને સંક્ષેપણ કે સંઘનનની પ્રક્રિયા કહેવાય છે. ઘણીવાર વ્યક્તિ સારું કે ખરાબ શું છે તેનો નિર્ણય ન કરી શકતો હોય અથવા અનેક યોગ્યતા કોઈ એક વ્યક્તિમાં ઇચ્છતો હોય ત્યારે આવી સમસ્યા થવાની સંભાવના વધી જાય છે. આવા સમયે સ્વપ્નની કલ્પના શક્તિ તેની કાર્યકુશળતા મનમાં ચાલી રહેલ દ્વિધા અને ઇચ્છાઓને પ્રગટ કરવા આવું સંમિશ્રણ કરે છે. જેને Over Determination કહેવામાં આવે છે.

- **વિસ્થાપન (Displacement) :**

આ પ્રક્રિયામાં સ્વપ્નની મુખ્ય ઘટના, સ્થિતિ, વ્યક્તિ કે પદાર્થ ગૌણ બને છે અને ગૌણ બાબત મુખ્ય સ્વરૂપે પ્રગટ થાય છે. આવું કરવાનો ઉદ્દેશ્ય એટલો જ કે મનમાં રહેલ અહમ દમન કરેલ ઇચ્છાને ઓળખી ના શકે. ઘણી ઇચ્છાઓ જાગ્રત અવસ્થામાં તો શું અજાગ્રત અવસ્થામાં પણ સરળતાથી પ્રગટ થઈ શકતી નથી. આવી દમિત ઇચ્છાઓ અન્ય વ્યક્તિ પર આરોપિત થઈને સ્વપ્નમાં પ્રગટ થાય છે. આ પ્રક્રિયાને વિસ્થાપન કે સ્થાનાંતર પ્રકિયા કહેવામાં આવે છે. આ પ્રપંચમાં સ્વપ્નના વિષયની અને સ્વપ્નદષ્ટાની વાસ્તવિક ઇચ્છા મુશ્કેલીથી જાણવા મળે છે. આ સમયે સ્વપ્ન વિશ્લેષકની કુશળતા અનિવાર્ય બને છે. નહિ તો વાસ્તવિક સત્ય સુધી પહોંચી શકાતું નથી.

- **નાટ્યીકરણ (Dramatization) :**

નાટક એટલે દશ્ય અને સંવાદ. સ્વપ્નની ઘણીખરી સામગ્રી ત્રુટક ત્રુટક હોય છે. દરેક વખતે કોઈ સ્પષ્ટ ચિત્ર સ્વપ્નમાં પ્રગટ થતું નથી અને અવાજ પણ સંવાદની કક્ષાએ ભાગ્યે જ પહોંચે છે. આ પ્રપંચમાં મનમાં રહેલ ઇચ્છા અને અતૃપ્ત વાસના ચિત્ર સ્વરૂપથી આગળ વધી દશ્ય-શ્રાવ્ય સ્વરૂપે પ્રગટ થાય છે. આ પ્રપંચ દ્વારા મનમાં દબાયેલ લાગણીઓને મૂર્ત સ્વરૂપ મળે છે. અનેક ચહેરા મહોરા સાથે જાણે તે જીવનનો એક ભાગ હોય એમ મન આ પ્રપંચ દ્વારા તેની ઇચ્છાઓની પૂર્તિ કરે છે. દા.ત. વ્યક્તિના લગ્ન ન થતા હોય અને તેના મનમાં સતત લગ્ન કરવાની ઉત્સુકતા હોય ત્યારે તે સ્વપ્નમાં પોતાના લગ્ન થતા જૂએ છે. જેમ નાટક ભજવાતું હોય એમ આ પ્રપંચમાં વ્યક્તિની ઇચ્છાઓ સ્વપ્નમંચ પર ભજવાય છે.

- **દ્વૈતીયિક વિવૃત્તિ (Secondary Collaboration) :**

દ્વૈતીયિક વિવૃત્તિમાં વિશ્લેષણ કે વિવેચનનો દષ્ટિકોણ રહેલો હોય છે. આમ તો સ્વપ્ન પૂર્ણ થયા બાદ વિશ્લેષણ થતું હોય છે પણ જ્યારે સ્વપ્ન પોતે જ તેનું વિશ્લેષણ આપે છે ત્યારે આ પ્રપંચ દ્વૈતીયિક પ્રપંચ બને છે. આ પ્રક્રિયામાં સ્વપ્નના મૂળ અંશથી બહાર રહીને વર્ણન કરવામાં છે. આમ તો દ્વૈત એ અધ્યાત્મનો શબ્દ છે જેનો અર્થ થાય છે બંનેનું અલગ હોવું. જીવ અને શિવ બંને અલગ છે એવું દ્વૈત સંપ્રદાય કહે છે. આમ જ આ પ્રપંચમાં સ્વપ્ન સામગ્રીથી અલગ રહી સ્વપ્ન વિશે વિચારણા કરવામાં આવે છે.

- **પ્રતીકીકરણ (Symbolization) :**

પ્રતીક એટલે સિમ્બોલ, નિશાની. કોઈ ઇચ્છાને સ્થાને તેની તરફ અંગુલી નિર્દેશ કરતી નિશાની એટલે પ્રતીક. અજાગ્રત મનનું મુખ્યકાર્ય પ્રતીકીકરણ છે. જેના દ્વારા અજાગ્રત મનની દમિત ઇચ્છાઓને પ્રગટ થવા માટે સહાય મળી રહે છે. આ પ્રતીકો વ્યક્તિની ઇચ્છાઓને પ્રગટ થવા એક આવરણ પૂરું પડે છે. મનોવિશ્લેષકો દ્વારા આવા અનેક સ્વપ્ન પ્રતીકો વિશે વિગતે ચર્ચા કરવામાં આવી છે. ધાર્મિક માન્યતા મુજબ પણ સ્વપ્નમાં પ્રગટ થતા આ પ્રતીકોના અર્થની ચાવીઓ આપવામાં આવી છે. જેમ કે વ્યક્તિની લીબેડો શક્તિ મોટેભાગે પ્રતીક તરીકે પ્રગટ થાય છે. વ્યક્તિની દુઃખદ અને અસહજ વાસનાઓ અને ઇચ્છાઓ તેના મૂળ સ્વરૂપમાં પ્રગટ થઈ શકતી

નથી. આથી આવી વાસનાઓ પ્રતીક સ્વરૂપે પ્રગટે છે. પ્રતીકીકરણને કારણે અજાગ્રત મનની નિંદનીય ઇચ્છાઓ અભિવ્યક્ત પામે છે. આમ થવાથી નૈતિક મન એમાં બાધ્ય બનતું નથી.

### ❖ ૧.૧૩ સ્વપ્ન વિશ્લેષણની પ્રવિધિ

સ્વપ્નમાં રહેલ અવ્યક્ત બાબતો અને પ્રતીકને જાણવા તેનું વિશ્લેષણ આવશ્યક બને છે. તે માટે નીચે મુજબની બાબતો ધ્યાનમાં લેવાય છે.

- *એક તો સ્વપ્નદૃષ્ટા પાસે સ્વપ્નનું વર્ણન એ જ ક્રમમાં સાંભળવું કે જે ક્રમમાં તેને સ્વપ્ન આવેલ હોય.*
- *સ્વપ્નમાં વર્ણવેલ ઘટનાઓમાંથી કોઈ વિશિષ્ટ ઘટનાનું ચયન કરી તેના આધારે વિશ્લેષણની શરૂઆત કરવી. મોટેભાગે મનોવૈજ્ઞાનિકો જે ઘટનાને મહત્ત્વપૂર્ણ ગણે છે તે સ્વપ્નદૃષ્ટાના જીવનથી વિશેષ સંબંધ ધરાવતું હોય છે.*
- *સ્વપ્નદૃષ્ટાએ સ્વપ્ન જોયું હોય તેના નજીકના ભૂતકાળની ઘટનાને આધારે તે સ્વપ્નનું વિશ્લેષણ કરવું.*
- *સ્વપ્નદૃષ્ટા કોઈ રોક-ટોક કે છોછ વિના જાતે જ ઇચ્છા અનુસાર સ્વપ્નનો સંબંધ જણાવે. આ રીતમાં સ્વપ્નદૃષ્ટા પોતે વિવેચક તરીકેનું કાર્ય કરે છે.*

સ્વપ્ન પ્રક્રિયા અને સ્વપ્ન વિશ્લેષણ બન્ને અલગ બાબત છે. સ્વપ્ન પ્રક્રિયામાં આપણે જોઇએ છીએ કે સ્વપ્ન કેવી રીતે આવે છે. જ્યારે વિશ્લેષણ સ્વપ્નના વાસ્તવિક તત્ત્વ કે અવ્યક્ત અંશ સુધી પહોંચવાનો પ્રયત્ન છે. ફ્રોઇડના મતે સ્વપ્ન વિશ્લેષણની બે મુખ્ય પદ્ધતિઓ છે:

(૧) અબાધમન (Free Association)

(૨) સ્થાનાપન્ન વિધિ (Cipermethod)

- અબાધમન (Free Association) :

આ પદ્ધતિમાં સમીક્ષક સ્વપ્નદષ્ટા પાસેથી સ્વપ્ન સાંભળ્યા પછી આગ્રહ રાખે છે કે, સ્વપ્નના સંબંધિત કે અસંબંધિત, આવશ્યક કે અનાવશ્યક, ભૂતકાળ કે વર્તમાનની જે વાતો તેના મનમાં આવે તે મુક્તપણે કહે. આ વર્ણિત સામગ્રીમાંથી અમુક સ્વપ્ન સમજવા માટે ઉપયોગી થશે; જે ઉપયોગી નહિ થાય તે પણ કોઈને કોઈ રીતે આધાર તો જરૂર બનશે. આ વિશ્લેષણ પદ્ધતિની સફળતાનો આધાર સ્વપ્ન વિશ્લેષણની Intuition પર એ તેની વિશ્લેષણ શક્તિ પર રહેલો છે.

- સ્થાનાપન્ન વિધિ (Cipermethod) :

આ પદ્ધતિમાં સ્વપ્નમાં આવેલ પ્રતીક કોઈ બાબત, વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિનું પ્રતિનિધિત્વ કરે છે. તેની એક સૂચી હોય છે, જેની મદદથી આપણે સ્વપ્નનું વિશ્લેષણ કરી શકીએ છીએ. આ રીતે આ પદ્ધતિ વૈજ્ઞાનિક નથી લાગતી. જો કોઈ બે વ્યક્તિ સ્વપ્નમાં એક જ વસ્તુ સામગ્રી જૂએ છે તો સંભવ છે કે બન્ને માટે તેનો અર્થ અલગ હોય. સ્થળ, સમય અને સંસ્કૃતિ પણ સ્વપ્ન પ્રતીકોના અર્થ પર અસર કરી શકે છે. વાસ્તવમાં સ્વપ્નમાં જે કાંઈ ઘટના કે વસ્તુ દેખાય છે તે કોઈ નિશ્ચિત વસ્તુ કે ક્રિયાનું પ્રતીક હોય એ ધારણા દર વખતે સાચી ન હોઈ શકે. દરેક બાબત અને વસ્તુ, પદાર્થનો અર્થ સભ્યતા અને વ્યક્તિ બદલાતાં બદલાતો હોય છે. આથી આ વિધિ સ્વપ્ન વિશ્લેષણમાં પ્રયોજતા પૂર્વે સાવધાનીથી તમામ બાબતો પર વિચાર કરવો જોઈએ.

જેમ સ્વપ્ન વિશ્લેષણની બે પ્રવિધિ છે તેમ જ સ્વપ્ન વિવેચનમાં બે દષ્ટિકોણ હોય છે. (૧) વિશ્લેષક (Reductive or Analytic Method) (૨) સંશ્લેષ્ક કે નિર્ણાયક (Synthetic or Constructive)

વિશ્લેષક દષ્ટિકોણમાં સ્વપ્નની વિવેચના કર્યા બાદ આપણને અજ્ઞાતમનના ઉદ્‌ગારોનું જ્ઞાન થાય છે. અજ્ઞાત મનને ઓળખવું એ જ વિશ્લેષણનો મુખ્ય ધ્યેય હોય છે. સંશ્લેષક કે નિર્ણાયક દષ્ટિમાં સ્વપ્નદષ્ટાની ભાવી લાલસા, ઇચ્છા અને તેના જીવન કે સિદ્ધાંત જાણવાનો કે સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આમ જોઈએ તો વિશ્લેષક દષ્ટિકોણ ભૂતકાળ તરફ નજર કરે છે કે વ્યક્તિના મનમાં કેવી લાલસાઓ દમન થઈને પડી છે. જ્યારે સંશ્લેષ્ક દષ્ટિકોણમાં ભવિષ્યની યોજનાઓના તર્કનો અભ્યાસ થાય છે. સ્વપ્નના અર્થઘટન માટે આ બંને દષ્ટિકોણ મહત્ત્વના બને છે. ફ્રોઇડનો દષ્ટિકોણ વિશ્લેષણનો છે તો યુંગ વિશ્લેષણ અને સંશ્લેષણ બંને તરફ નજર કરી બંને દષ્ટિકોણનો સમન્વય કરે છે.

## ❖ ૧.૧૪ સ્વપ્નનો અન્ય ક્ષેત્રો સાથેનો સંબંધ

સ્વપ્ન પ્રક્રિયા વિશે આટલી બધી ચર્ચા કર્યા પછી પણ આપણને પ્રશ્ન થાય કે સ્વપ્નમાં આવતા વિશિષ્ટ ચિહ્નો અને પ્રતીકો કેવી રીતે ગોઠવાય છે? એવા તો કેવા અનુભવો હોય છે કે અમુક બાબત માટે અમુક જ પ્રતીકનું નિર્માણ થાય છે? આ પ્રશ્નોના જવાબ આપણને સંસ્કૃતિ, પરંપરા અને વ્યવહારમાંથી મળશે. રહસ્યવાદ અને સૌંદર્ય શાસ્ત્ર પાસે આપણને આ સવાલો દોરી જાય છે.

- સ્વપ્ન અને પુરાકથા (Mythology) :

અતૃપ્ત ઇચ્છાઓનું દમન થતા તેનો વિનાશ નથી થતો. આ અતૃપ્ત ઇચ્છાઓ મનના અજાગ્રત સ્તરે બિરાજમાન રહે છે. આ દમિત ઇચ્છાઓ પરોક્ષ સ્વરૂપે જ જાગ્રત વ્યવહારમાં પોતાની છાપ છોડતી જાય છે. મનોવૈજ્ઞાનિકોના કહેવા મુજબ પ્રતીકની રચના Regressionના સ્વરૂપે થાય છે અને તે મોટેભાગે ચિત્રાત્મક ચિંતનના સ્વરૂપમાં હોય છે. મનોવૈજ્ઞાનિકો આ પ્રતીકોને પ્રારંભિક અનુકૂલનના સ્વરૂપમાં જુએ છે. ફ્રોઇડના મતે શરૂઆતનો સમાજ અંકુશ અને દમનથી પર હતો. પરંતુ જ્યારથી સમાજના લોકોએ કામવૃત્તિ પર દમનનું હથિયાર ચલાવ્યું ત્યારથી દમિત ઇચ્છાઓ પ્રતીક સ્વરૂપે પ્રગટ થવા લાગી. આ સ્વપ્ન પ્રતીકો જે તે સંસ્કૃતિના મિથનો સહારો લે છે. જેમ કે આપણે ત્યાં મર્યાદાની વાત આવે તો રામ અને સીતા પ્રતીક બની સ્વપ્નમાં આવી શકે એ જ રીતે જ્યારે પ્રણય કે શૃંગારની વાત આવે ત્યારે કૃષ્ણ પુરાકલ્પન સ્વરૂપે સ્વપ્નમાં આવી શકે છે. પાશ્ચાત્ય સાહિત્યમાં તેમની પુરાકથામાં આવા પુરાકલ્પનો સ્વપ્ન સામગ્રી બનવાની શક્યતા વધુ રહે છે.

- સ્વપ્ન સાથે ધર્મ, સંસ્કૃતિનું જોડાણ :

ધર્મએ દમનનું ઉદ્ભવ સ્થાન બની રહ્યું છે. ફ્રોઇડ સંપૂર્ણપણે માને છે કે ધર્મની કલ્પના મનુષ્યના અપરાધી મનની જ ઉપજ છે. ધર્મની શરૂઆતનો તબક્કો એક સુનિશ્ચિત અને સુનિયંત્રિત સમુદાય ઉભો કરવાનો હતો. પરંતુ ધીરે ધીરે આ ધર્મ પ્રકૃતિથી દુર થયો અને સંસ્કૃતિના નામે ડર ફેલાવવાનું કાર્ય કરતો થઈ ગયો. આવું ન કરાય પાપ લાગે, ઇશ્વર દંડ આપે. ભારતીય શાસ્ત્રોમાં તો આ માટે આખું ‘ગરૂડપુરાણ’ આપવામાં આવ્યું છે. આમ ધર્મે એક ડર અને ભયનું વાતાવરણ

ઊભું કર્યું. જેને પરિણામે વ્યક્તિ તેની મૂળભૂત વૃત્તિઓને ખાસ કરીને કામ વૃત્તિને દબાવવા લાગ્યો. લોકો શું કહેશેના ડરે વ્યક્તિનો અહમ તેની ઇચ્છાઓનું દમન કરવા વિવશ બન્યો. અને આ જ ઇચ્છાઓ સ્વપ્ન સ્વરૂપે પ્રગટ થાય છે. સ્વપ્ન પ્રતીકોના અર્થઘટન સાથે પણ ધર્મ, સંસ્કૃતિ તથા સભ્યતા જોડાયેલી છે. જો કોઈ ભારતીયને તુલસીનો છોડ દેખાય છે તો એ ધાર્મિક બાબત સાથે જોડે છે જ્યારે ભારત બહારના વ્યક્તિને તે છોડ દેખાય તો ચિકિત્સા કે હરિયાળીનો સંદર્ભ લઈને આવે છે. આમ સ્વપ્નના કારણથી લઈને તેના અર્થઘટન સુધી ધર્મ સીધી કે આડકતરી રીતે સંકળાયેલ છે.

- સ્વપ્ન અને રહસ્યવાદ :

રહસ્યાદના બીજ હિંદુધર્મના મૂળ સુધી પહોંચે છે. વેદ, ઉપનિષદ, પુરાણો, ધર્મગ્રંથો રહસ્યવાદ તરફ નજર તાકે છે. રહસ્યવાદનું સર્વોત્તમ લક્ષ્ય આત્માનું પરમાત્મામાં લીન થવું છે. રહસ્યવાદના તત્ત્વોની અનેક કથાઓ આપણને મળી આવે છે. જેમાં અનેક પ્રકારની કલ્પનાઓ, કામવાસનાઓને દમન તરફ લઇ જવામાં આવે છે. વ્યક્તિની જિજ્ઞાશા વૃત્તિ તેને રહસ્યવાદના પડ ખોલવા તરફ લઈ જાય છે. આમ જોઈએ તો સ્વપ્નની સંકુલ બાબતો, તેની પ્રતીકાત્મકતા એક પ્રકારનું રહસ્ય જ છે. જેમ રહસ્યવાદ આત્મા અને તેના સ્તરની વાત કરતી વખતે મન અને તેની ક્રિયાઓ વિશે ચર્ચા કરે છે તેમ જ સ્વપ્ન શાસ્ત્ર પણ મન અને તેના તંત્ર વિશે વિચારણા કરે છે.

- સ્વપ્ન અને સૌંદર્ય શાસ્ત્ર :

માનવ સૌંદર્યપ્રિય રહ્યો છે. માનવે તેની આસપાસ રહેલ વસ્તુ, સ્થળ કે માનવને પણ પોતાના દષ્ટિકોણથી જો તે અવ્યવસ્થિત લાગે તો તેને વ્યવસ્થિત કરી તેનો કલાકીય આંનદ લીધો છે. ઉપયોગી ચીજોને વ્યવસ્થિત કલાકીય ઓપ આપી તેનો સૌંદર્યપ્રિય સ્વભાવ પ્રગટ કર્યો છે. સ્વપ્નમાં પણ માનવનું આ જ સૌંદર્યપ્રિય મન કાર્ય કરે છે. તેની કલ્પના શક્તિ સ્વપ્નની સંરચનામાં સહાયક ભૂમિકા ભજવે છે. કળાકાર જેમ તેની મૂળભૂત ઇચ્છાઓ, દમિત લાગણીઓને કલાકૃતિ સ્વરૂપે પ્રગટ કરે છે તેમ જ સ્વપ્ન જોનાર મનુષ્ય સ્વપ્નનું અજાગ્રત અવસ્થામાં સર્જન કરે છે.

- સ્વપ્ન અને નિયતિવાદ :

'A psychic cause is a wise motive intention ... Every abnormal sypton has an him being driven by an unconciour motive, If the nerostic subject dit not want his phobia or obssion consciously'(Woodworth Robert., Contemporary Schools of Psychology, Bombay, Asia Publising House, 1961, page-172-173) વર્ડઝવર્થ ફ્રોઇડના નિયતિવાદના સિદ્ધાંતને મહત્ત્વનો ગણાવે છે. નિયતિવાદ મુજબ કોઈ પણ ઘટના પ્રસંગ કે કાર્યને કારણ હોય છે તે સિદ્ધાંત. ઘણીવાર આ પ્રેરકબળ ઘણું જટીલ અને અગોચર હોય છે કે તેની શોધ મુશ્કેલ બની જાય છે.

ફ્રોઇડના કહેવા મુજબ આપણી જાગ્રત અવસ્થાની ઘણી ભૂલો, વિસ્મૃતિઓ અજાગ્રત મનમાં પડેલ હોય છે. આ ભૂલો અને વિસ્મૃતિઓ સ્વપ્નનું કારણ બનતી હોય છે. જે પ્રેરણા આપણને જાગ્રત અવસ્થામાં ન મળે ત્યારે તે અજાગ્રત મનમાં વસેલી હોય છે. કોઈ બાબતથી બીક, કોઈ બાબતની ના-પસંદગી, આપણી લાગણીઓ, સંસ્મરણો, સ્ખલનો અને સ્વપ્નનું કારણ આ નિયતિવાદ છે. આપણા જાગ્રત તથા અજાગ્રત અવસ્થાના વર્તન માટે આવી કોઈક પ્રેરણા ભાગ ભજવતી હોય છે.

- **સ્વપ્ન અને બુદ્ધિઃ**

આમ તો જ્યાં મન આવે ત્યાં બુદ્ધિ ગૌણ બની જાય છે. સ્વપ્નમાં એવી પણ ઘણી બાબત આવી શકે છે જેને બુદ્ધિ દ્વારા સ્વીકાર્ય ન કરી શકાય. જેમ કે, માણસનું હવામાં ઉડવું, પ્રાણી-પક્ષીઓનું માનવની જેમ બોલવું....

બુદ્ધિ જે બાબતોને અહમનો સહારો લઈ દમન તરફ ધકેલી દે છે તેવી અજાગ્રત મનમાં પડેલ બાબતો જ સ્વપ્નમાં પ્રગટ થતી હોય છે. આમ સ્વપ્ન બુદ્ધિ દ્વારા દમન પામેલ ઇચ્છાઓનું જ પરિણામ છે તેમ કહી શકાય. માનવ સંસ્કૃતિ ડહાપણ યુક્ત વર્તનની અપેક્ષા રાખે છે. જેમાં બુદ્ધિ સૌથી વધુ કાર્યશીલ હોય છે. સ્વપ્ન એ અજાગ્રત કે અર્ધજાગ્રત અવસ્થામાં ઉદ્ભવે છે. તો બુદ્ધિ જાગ્રત અવસ્થામાં કાર્યશીલ હોય છે. આમ બુદ્ધિ અને સ્વપ્ન બંને વિરુદ્ધ પ્રદેશો છે.

માનવની બચાવ પ્રયુક્તિના કારણમાં પણ બુદ્ધિ જ રહેલી હોય છે. જ્યારે માનવીની આદિમ ઇચ્છાઓ પૂર્ણ થતી નથી ત્યારે બુદ્ધિ જ તેને બચાવ પ્રયુક્તિને રસ્તે લઈ જાય છે. જેથી

મનુષ્યની ઇચ્છાઓનું નિશ્ચિત સમાધાન થઈ શકે. બુદ્ધિ વ્યક્તિના કોઈ પણ વર્તન માટે તાર્કિક કારણ રચવાનું કાર્ય કરે છે. આ કારણ આગળ જતા બચાવ પ્રયુક્તિનું સ્વરૂપ લે છે. આમ સ્વપ્ન સમયે બુદ્ધિ ભલે ગૌણ હોય પરંતુ સ્વપ્ન સુધીના રસ્તે જવા બુદ્ધિ એક માર્ગદર્શક જરૂર બને છે.

- **સ્વપ્નમાં રહેલ પ્રતીકાત્મકતા :**

દરેક સ્વપ્ન સમજાઇ જાય એવા સરળ હોતા નથી. મનની સંકુલ લાગણીઓ જટિલ સ્વરૂપમાં સ્વપ્ન દ્વારા અવ્યક્ત સ્વરૂપે પ્રગટ થાય છે. સ્વપ્ન પ્રતીકો દ્વારા માનવ મનના અપ્રગટ વિચારોને પ્રગટ કરે છે. ક્યારેક આ પ્રતીકોનો અર્થ વાસ્તવિક સ્વરૂપમાં કરવો પડે છે, તો ક્યારેક આ પ્રતીકોને સાંસ્કૃતિક પરિપ્રેક્ષમાં જોવા પડે છે. સ્વપ્ન નિઃસંકોચ પણે પ્રતીકોથી જ ભરેલા હોય છે. ક્યારેક આ પ્રતીકો વિશ્લેષકોનું કામ સરળ કરે છે. તો ક્યારેક એ જ પ્રતીકો સ્વપ્નને દુર્ગમ બનાવી દે છે.

સાહિત્યમાં પ્રતીક સંજ્ઞા સાથે જ એક બીજી સંજ્ઞા સમાંતર ચાલતી હોય છે તે છે રૂપક. રૂપક જે બાબત, પદાર્થ કે ભાવ નિર્દેશ થયો હોય તેનાથી અલગ અસ્તિત્વ ધરાવે છે જ્યારે પ્રતીક જે-તે બાબત, પદાર્થ કે ભાવનું પ્રતિનિધિત્વ કરે છે. તેનું અસ્તિત્વ તેનાથી અલગ નથી હોતું. હવે આપણને એમ થાય કે સાહિત્યમાં વર્ષોથી પ્રયોજાતી આ પ્રતીક સંજ્ઞા સ્વપ્ન પ્રતીક તરીકે કાંઈ અલગ રીતે કાર્ય કરે છે ? સ્વપ્નમાં કેવા પ્રતીકો દેખાય છે? આ પ્રતીકોનું મહત્ત્વ શું? આ પ્રતીકોનો અર્થ શું?

સ્વપ્નમાં જ્યારે પાણી, ટ્રેન, પહાડ, બાગ-બગીચા, વૃક્ષ, છોડ વગેરે જોવા મળે ત્યારે ફ્રોઇડ તેને યૌન પ્રતીકો તરીકે જુએ છે. સ્વપ્નમાં પ્રગટ થનારી સંખ્યા, બિલ્ડીંગ, ધારદાર વસ્તુઓ(છરી, સોય) વગેરે યૌન અંગોના પ્રતીક તરીકે માનવામાં આવ છે. પરંતુ યુંગ અને એડલર તેને આત્યંતિકતા કહી બાકાત રાખે છે. ફ્રોઈડ આ પ્રતીકોનું કારણ વ્યક્તિનું અજાગ્રત મન ગણાવે છે. જ્યારે યુંગ એ માટે સામુહિક અચેતન મનને જવાબદાર ગણે છે. ફ્રોઇડના મતે જળ એ જન્મનું પ્રતીક છે. આનું પ્રમાણ આપણી પૌરાણિક કથાઓ પણ આપે છે. સજીવ સૃષ્ટિની ઉત્પત્તિ જ જળમાંથી થયેલી છે. પરંતુ યુંગના મતે જળ અજ્ઞાત મનનું પ્રતીક છે. જળનો નિરંતર અને અસ્થિર પ્રવાહ અને અજ્ઞાતમનમાં સમાનતા જોવા મળે છે. ઘણીવાર મનુષ્ય અંતર્મુખી હોય તો ત્યાં જળનું

સ્વપ્ન તેની માનસિક અવસ્થાને દર્શાવે છે. ફ્રોઇડના મતે યાત્રા એ મૃત્યુનું પ્રતીક છે તો ભારતીય પરંપરા મુજબ તે જીવનરૂપી યાત્રાનું દ્યોતક બને છે. ફ્રોઇડના મતે સ્વપ્નમાં ઉડવાનો અર્થ કામવૃત્તિ સૂચવે છે. આ સિવાય સ્વપ્નમાં જો કાપડ જણાય તો તેનો અર્થ નગ્ન અવસ્થા થાય છે. તો સ્ટેકલના મતે કાપડ દેખાવાનો અર્થ પિતૃપ્રેમ થાય છે. એડલર આ બંનેથી અલગ આ પ્રતીકમાં જીવનની અપૂર્ણતાનો સંદર્ભ જૂએ છે.

આમ પ્રતીકનો કોઈ નિશ્ચિત અર્થ સંભવી શકે નહિ. વ્યક્તિ, સમય, સ્થળ, અનુભવ બદલાતા તેનો અર્થ બદલાય છે. જેથી આ પ્રતીકોને માનવના વ્યક્તિગત, સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષમાં જોવા આવશ્યક બને છે. આથી આગળ વધીને કહીએ તો સાહિત્યમાં- નવલકથામાં સ્વપ્ન એક પ્રયુક્તિ સ્વરૂપે આવે છે. ત્યાં પાત્રના અજ્ઞાત મન કરતા  સર્જકના અજ્ઞાતમનની ભૂમિકા વિશેષ રહેલી હોય છે. ભાવક કે વિવેચક તેના અનુભવોનો અર્થ કરવાનો ગમે તેટલો પ્રયત્ન કરે પણ સર્જકના મન સુધી તે ભાગ્યે જ પહોંચી શકે છે. આથી આ પ્રતીકોના અર્થની સંભાવના સુધી પહોંચીને જ અટકવાનું થાય.

આપણને થશે કે, સ્વપ્નમાં સરળ સીધી વાત કેમ નથી આવી જતી? શા માટે પ્રતીક સ્વરૂપે પ્રગટે છે? તો તેનો જવાબ છે નૈતિકતા, સંસ્કૃતિ અને સભ્ય સમાજના નીતિ નિયમો. જે બાબત આપણું નૈતિકમન સ્વપ્નમાં પણ સ્વીકારવા તૈયાર નથી હોતું. આ બાબત ફ્રોઇડના મતે પ્રતીકો દ્વારા પ્રગટ થાય છે. અજ્ઞાતમનમાં રહેલ અહમના સેન્સરથી બચવા માટે આ પ્રતીકોનો ઉપયોગ કરે છે.

સ્વપ્નમાં આવતા પ્રતીક પર ઘણી બાબતો અસર કરે છે. જેમાં પ્રેરણા અને અનુભવ વધુ મહત્ત્વના બને છે. આ સ્વપ્ન પ્રતીકોને દરેક સ્થળ, કાળ, સભ્યતામાં એક સમાન કલ્પી શકતા નથી. આ પ્રતીકોને ત્રણ વિભાગમાં આપણે વહેંચી શકીએઃ (૧) અનુભવો સાથે જોડાયેલા પ્રતીકો (૨) પુરકથા(સાંભળેલ કથાઓ) સાથે જોડાયેલા પ્રતીકો (૩) સંસ્કૃતિ અને સભ્યતા સાથે જોડાયેલા પ્રતીકો. આ સિવાય નિર્જીવ પદાર્થના પ્રતીકો, પ્રાકૃતિક સંપદાના પ્રતીકો, વ્યક્તિગત જીવનના જીવિત કે મૃત વ્યક્તિઓ, ઇન્દ્રિયગમ્ય પ્રતીકો, પશુ-પક્ષીના પ્રતીકો વગેરે...


## ❖ ૧.૧૫ વિવિધ કળાઓમાં સ્વપ્ન

કળાને આપણે લલિત કળા અને લલિતેતર કળા એમ બે વિભાગોમાં વહેંચીએ છીએ. અહીં ઉપયોગી કળા નહીં પરંતુ લલિત કળાઓ સંદર્ભે સ્વપ્નને પ્રમાણવાનો ઉપક્રમ રહેલ છે. લલિત કળાઓમાં લાલિત્ય, સૌંદર્ય, રસિકતા, આનંદપ્રાપ્તિના હેતુઓ પ્રમુખ હોય છે. આ લલિત કળામાં શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, સંગીત અને સાહિત્યનો સમાવેશ કરવામાં આવે છે. આ કળાઓમાંથી ચિત્ર અને સાહિત્યમાં આપણને સ્વપ્નાઓનું આલેખન થયેલું જોવા મળે છે. ચિત્રકળામાં રંગ અને પીંછી દ્વારા તો સાહિત્યમાં શબ્દ દ્વારા સ્વપ્ન દશ્યો કંડારવામાં આવે છે. અજંતા-ઇલોરાની ગુફાઓમાં પત્થર અને ટાંકણા દ્વારા બુદ્ધના જન્મ સમયે તેમની માતાને આવેલ સ્વપ્નને કંડારાયું છે જેને આપણે શિલ્પ અને સ્થાપત્ય બંને કળામાં સમાવી શકીએ છીએ. (અજંતા- ઈલોરામાં ભીત ચિત્રનો ફોટો અહિ મુકવો)

ચિત્રકળામાં સ્વપ્નને એક કથા સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. ગ્રીક લોકો સ્વપ્નને બોલાવવા ડ્રીમકેચરનો ઉપયોગ કરે છે. જેના ચિત્રો પણ આપણને જોવા મળે છે. બુદ્ધ અને મહાવીરના જન્મ સમયે તેમની માતાને આવેલ સ્વપ્નના ચિત્રો પણ આપણને જોવા મળે છે. પાશ્ચાત્ય ચિત્રકારોમાં સ્વપ્નના પ્રતીકો સાથેના ચિત્રો પણ દોરવામાં આવ્યા છે. દરેક સભ્યતા અને તેની સ્વપ્ન વિશેની માન્યતાઓની કથાઓ તેમની સંસ્કૃતિના ચિત્રોમાં દશ્ય સ્વરૂપે પ્રગટે છે.

## ❖ ૧.૧૬ સાહિત્યમાં સ્વપ્ન

સાહિત્ય એ અભિવ્યક્તિનું માધ્યમ છે જેથી તેમાં મનમાં પડેલ અનુભવો, લાગણીઓ, ઇચ્છાઓ પ્રગટ થાય છે. આ રીતે સાહિત્ય પણ સર્જકનું એક સ્વપ્ન છે. વાસ્તવ જગતમાં જે ઘટના સંભવિત નથી તે સ્વપ્નની જેમ જ સાહિત્યમાં શક્ય બને છે. આમ સાહિત્ય પણ સ્વપ્નની જેમ સર્જકની લાગણીઓનું વિરેચન કરવાનું કાર્ય કરે છે. સાહિત્યમાં પદ્ય અને ગદ્ય એમ બે વિભાગ સંદર્ભે વિચારણા થયેલ જોવા મળે છે. શરૂઆતનું ગુજરાતી સાહિત્ય બહુધા પદ્યમાં જ રચાયેલ જોવા મળે છે. 'રામાયણ' જેવા મહાકાવ્યમાં 'બાલકાંડ' નામના અધ્યાયમાં રામના જન્મ પૂર્વે કૌશલ્યામાતાને દિવ્ય સ્વપ્ન આવે છે. રામના રાજ્યાભિષેક પૂર્વે દશરથને અમંગળ સૂચન આપતું સ્વપ્ન આવે છે તો ભરતને મોસાળથી તેડી લાવવા દૂત જાય છે ત્યારે અયોધ્યામાં કશુંક અમંગળ



બુદ્ધની માતા મહામાયાને આવેલ સ્વપ્નનું અજંતાની ગુફા નં ૧૭માં કંડારાયેલ ભીંતચીત્ર




મહાવીરના જન્મ પૂર્વે તેમની માતા ત્રિશલાદેવીને આવેલ સ્વપ્નનું ચિત્ર



Dream of Polish Volunteers in French Army 1914



Nightmare



ચીનમાં આવેલા 'Dreaming of the Tiger'નું સ્મારક

થયું હોવાનો નિર્દેશ કરતું સ્વપ્ન ભરતને આવે છે જેમાં દશરથ રાજાની દારુણ સ્થિતિ ભરતને સ્વપ્નમાં જોવા મળે છે. ‘સુંદરકાંડ’માં ત્રિજટાનું સ્વપ્ન વધુ એક ભવિષ્ય કથનનું ઉદાહરણ બને છે. વેદ અને ઉપનિષદમાં સ્વપ્ન વિશે થયેલ વાત આપણે આગળ કરી ચુક્યા છીએ. તો સંસ્કૃત ભાષાનું નાટક ‘સ્વપ્નવાસવદતમ્’ સ્વપ્નકથાને જ પ્રગટ કરે છે. જેમાં નાયક સ્વપ્નમાં નાયિકાના સ્પર્શનો અનુભવ કરે છે. તે સમયે જ વાસ્તવમાં નાયિકા તેનો સ્પર્શ કરીને જતી રહે છે. નાયક તે અનુભવને માત્ર સ્વપ્ન સમજી લે છે. બાણ ભટ્ટ રચિત ‘હર્ષચરિત’માં પ્રભાકર વર્ધનના મૃત્યુની આગાહી રૂપ સ્વપ્ન તેના પુત્રને આવે છે જેમાં તેને વિરુદ્ધ દિશામાંથી સિંહ આવતો જણાય છે. ત્યારબાદ તેને એક નનામી દેખાય છે. અંતે ખાટકી વેશે સાધુને જૂએ છે. અહિ રાજગુરુ સ્વપ્નનું અર્થઘટન જણાવતા નથી અને પોતાને અગ્નિને હવાલે કરી દે છે. તેઓ પોતાના મુખે પોતાના રાજાના મૃત્યુને ભાંખવા માંગતા ન હતા.

લોકસાહિત્યમાં પણ સ્વપ્ન દ્વારા ભાવી જીવનની સુંદર કલ્પનાઓ રજૂ થઈ છે.

*"આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,*

*ખળખળતી નદીઓ રે સાહેલી મારા સપનામાં.."*

આ લોકગીતમાં એક લગ્નવાંછુંક કન્યા પોતાના સાસરીયા વિશેની કલ્પનાઓ સ્વપ્નમાં જૂએ છે જ્યાં ડોલતો ડુંગર એ સસરાનું પ્રતીક બને છે. ખળખળતી નદીઓ સાસુનું પ્રતીક બને છે. આવી જ રીતે સાસરિયાના તમામ સંબંધો પ્રતીકાત્મક રીતે અહીં રજૂ થાય છે. બાળકના હાલરડાં ગાતી વખતે પણ મીઠાં સ્વપ્નાની કલ્પના કરવામાં આવે છે.

ગુજરાતી સાહિત્યમાં મધ્યકાળનું મોટા ભાગનું સાહિત્ય સર્જન બહુધા પદ્યમાં જ મળે છે. આ પદ્ય સ્વરૂપને પણ બે સ્વરૂપે જોઈ શકાય. એક તો ઊર્મિ કાવ્યો કે જેને ગાઈ શકાય અને બીજા કથનાત્મક પદ્ય સ્વરૂપો કે જેમાં કોઈ કથા હોય. જેમ કે, પ્રબંધ, આખ્યાન, પદ્યવાર્તા વગેરે. આ બીજા પ્રકારોમાં સ્વપ્નનોનું આલેખન વધારે થયો છે. ઊર્મિ કાવ્યોમાં સ્વપ્નનો ઉલ્લેખ અલગ અલગ રીતે થતો આવ્યો છે. કાવ્યનું ફલક ટૂંકું હોવાથી તેમાં સ્વપ્નને રજૂ કરવા વધુ અવકાશ રહેતો નથી. તેમ છતાં સ્વપ્નનો ઉલ્લેખ ચોક્કસ જોવા મળે છે.

મધ્યકાળનો કવિ નરસિંહ પણ તેના પદમાં લખે છે કે,

*"જાગીને જોઉં તો જગત દિશે નહિ,*

*ઊંઘમાં અટપટા ભોગ ભાસે."*

સ્વપ્નમાં વાસનાઓ જે રીતે પ્રગટ થાય છે તે ચિત્ર અહીં અધ્યાત્મિક દષ્ટિકોણથી રજૂ થયું છે. શેખાદમ આબુવાલા  તેમની ગઝલમાં સ્વપ્નને કંઈક આ રીતે પ્રગટ કરે છેઃ

*"આ ચાંદની આંખે જ જૂઓ સૂરજના સપનાને*

*આકાશની લીલામાં તો સામેલ છે બંને."*

તો રઈશ મણિયારનો આ શેર જુઓ,

*"શમણું ભલેને નભમાં વિહરવાનું હોય છે.*

*આંધી બનેલ ધૂળને ઠરવાનું હોય છે."*

અવિનાશ વ્યાસની આ પંક્તિઓમાં તો સ્વપ્ન મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણથી રજૂ થાય છે:

*"આવી ન આવી એ સૂરત શમણે, ત્યાં ક્યાં રે ખોવાઈ ગઈ?*

*હું તો જોતી ને જોતી રહી, મારા લાલ રે લોચનીયા."*

કૈલાશ પંડિત પોતાના બાળકને સુતો જોઈ તેના સ્વપ્નની કલ્પના કરે છે

*"હાલક ડોલક થાય છે પાપણ મરક્યા કરે હોઠ,*

*શમણે આવી વાત કરે છે રાજકુમારી કો'ક,*

*"રમતાં રમતાં હમણાં એણે આખડી મિચેલ છે.."*

હરીન્દ્ર દવે તેમની કવિતામાં સ્વપ્નના ભાવોને કંઈક આ રીતે પ્રગટાવે છે.

*"એક હસે, એક રડે,*

*આંખ બે આપસમાં ચડભડે."*

આવા તો અનેક ઉદાહરણો કવિતામાં સ્વપ્ન માટે મળે. પદ્ય સ્વરૂપોનું ફલક સીમિત હોય તેમાં સ્વપ્નને વિકસવા અવકાશ મળી શકતું નથી. તેની અપેક્ષાએ ગદ્ય સ્વરૂપોમાં તે અવકાશ મળી રહે છે.

પ્રેમાનંદ રચિત 'ઓખાહરણ' આખ્યાનમાં ઓખાને એકદંડિયા મહેલ પર રાખવામાં આવે છે ત્યારે યુવાનીમાં પગ માંડતી ઓખાને એક રાત્રીએ સ્વપ્નમાં અનિરુદ્ધનો મેળાપ થાય છે. અહિ સ્વપ્ન પ્રયુક્તિનો પ્રેમાનંદે સુંદર ઉપયોગ કર્યો છે.

અર્વાચીન સમયમાં અંગ્રેજી કેળવણી અને પાશ્ચાત્ય સાહિત્યની અસર તળે ગુજરાતી સાહિત્યમાં અનેક નવા સ્વરૂપોમાં ખેડાણ થાય છે. ગુજરાતી સાહિત્ય પદ્યની સાથે ગદ્યરૂપોમાં પણ આગળ વધે છે. નવલકથા, લઘુનવલ, નવલિકા, નિબંધ અને નાટક જેવા સ્વરૂપોમાં પરંપરા તો ક્યાંક પ્રયોગના ચમકારા જોઈ શકાય છે. પ્રથમ ઐતિહાસિક નવલકથા બાદમાં સામાજિક પરિવેશ અને આગળ જતા મનોવૈજ્ઞાનિક નવલકથા ગુજરાતી સાહિત્યની ઉપલબ્ધિમાં વધારો કરતી રહે છે.

ગુજરાતી સાહિત્યની સાથોસાથ અન્ય ભારતીય ભાષાની નાવાલકથામાં પણ સ્વપ્નવાસ્તવની રચના પ્રયુક્તિનો વધતો ઓછો પ્રયોગ જોઈ શકાય છે. આપણી ભગીની ભાષા હિન્દીમાં ધર્મવીર ભારતી પાસેથી 'સુરજ કા સાતવા ઘોડા' જેવી નવલકથા મળે છે. તો બંગાળી ભાષામાં મહાશ્વેતા દેવી પાસેથી મળેલ 'હજાર ચુરાશીરની મા' નવલમાં અંતમાં વ્રતીના પુનઃ જન્મ દેખાય છે તેવું સ્વપ્ન તેની માતાને આવે છે.

પાશ્ચાત્ય સાહિત્યમાં શેક્સપિયરના નાટક 'હેમલેટ'માં શરૂઆતમાં નાટકને તેના પિતાનો આત્મા સ્વપ્નમાં આવીને પોતાના મૃત્યુ વિશેની હકીકત જણાવે છે અને પોતાના મૃત્યુનો બદલો લેવા કહે છે. 'મીડ સમર નાઇટ'માં પણ સ્વપ્ન પ્રયુક્તિનો ઉપય્ગ શેક્સપિયર દ્વારા કરવામાં આવ્યો છે. દોસ્તોએવસ્કીની નવલકથાઓ ફ્રોઈડને પણ પ્રેરણારૂપ રહી છે. જેમાં 'ક્રાઇમ એન્ડ પનિશમેન્ટ' અને 'વોર એન્ડ પીશ' મહત્ત્વની ગણાવી શકાય.

ગુજરાતી સાહિત્યમાં નવલકથાની સાથે જ નવલિકામાં પણ આ સ્વપ્ન નિરૂપણ રીતિનો ઉપયોગ જોવા મળે છે. જેમાં ઉમાશંકર જોશીની 'ગુજરીની ગોદડી', 'દ્વિરેફ'ની 'એક સ્વપ્ન', સુરેશ જોશીની 'કુર્માવતાર', 'કુરુક્ષેત્ર', 'ચુંબન', 'ઉપેક્ષિતા', 'પ્રત્યાખ્યાન' , 'અને મરણ', 'પંખી'

જેવી વાર્તાઓ મળે છે. આધુનિક સમયમાં નવલકથાની જેમ વાર્તાઓમાં પણ આવી કથન પ્રયુક્તિનો ઉપયોગ થયો સુરેશ જોશી પછી બક્ષી પાસેથી 'મોટરસાયકલ', મધુ રાય પાસેથી 'સાત સમંદર તેરો નદી'માં દિવાસ્વપ્નમાં કથાનો વિકાસ થાય છે. તો તેમની એક બીજી વાર્તા 'કરોળિયા અને કાનખજૂરા'માં ઉપેક્ષિત વ્યક્તિની મનોદશા રજૂ કરવા સ્વપ્નનો સહારો લેવાયો છે. તેમની 'ખો' વાર્તામાં તો સ્વપ્નની હારમાળા રચવામાં આવી છે. કિશોર જાદવ પાસેથી 'લીલા પત્થરો વચ્ચે ચમત્કારિક પુરુષ', 'કાળવિપર્યાસ' અને 'સર્કસના કુવામાં કાગડો' જેવી વાર્તામાં સ્વપ્નોનો યથાવકાશ વિનિયોગ થયેલ જોવા મળે છે.

વાર્તા અને નવલકથાઓ કલ્પનાના માધ્યમથી મનના વાસ્તવને પ્રગટ કરે છે. આ બંને સ્વરૂપો સ્વપ્નવાસ્તવને રજૂ કરવા સૌથી કારગર નીવડ્યા છે. નવલકથા પાસે વિશાળ ફલક છે. જેના દ્વારા તે સ્વપ્નનની માવજત કરી શકે છે. જ્યારે વાર્તા સ્વરૂપનું ફલક નવલકથા કરતા ઓછું હોય ત્યાં સ્વપ્નવાસ્તવને પ્રગટ કરવા ઓછો અવકાશ રહે છે. અમુક વાર્તાઓમાં સ્વપ્નવાસ્તવ રજૂ થયું હોય તેવા ઉદાહરણો જો શોધવા જઈએ તો ચોક્કસપણે મળી શકે.

આમ અલગ અલગ કથા સ્વરૂપોમાં સ્વપ્ન દ્વારા ભૂતકાળ તો ક્યાંક ભવિષ્ય વિશે વાત કરવામાં આવી છે. અર્વાચીન પૂર્વે ભારતીય સાહિત્યમાં સ્વપ્નનો ઉપયોગ મોટેભાગે ભવિષ્ય કથન માટે કરવામાં આવ્યું છે. જ્યારે પાશ્ચાત્ય સાહિત્યના પરિચય અને પ્રવાહ બાદ અર્વાચીન સાહિત્યમાં સ્વપ્નનો પ્રયોગ માણસની મનઃસ્થિતિ રજૂ કરવા અર્થે થાય છે. આમ થવાનું કારણ આધુનિક મનોવિજ્ઞાન ક્ષેત્રે થયેલ શોધ પણ હોઈ શકે છે. સર્જકોને થયેલ આધુનિકતાના અનુભવો અને ટેક્નોલોજી વિકાસની અસર સાહિત્ય પર આવે છે. જેમાં મનોવૈજ્ઞાનિક અભિગમને ધ્યાનમાં લઈ સર્જકો સાહિત્ય સર્જન અર્થે વિવિધ પ્રયુક્તિનો વિનિયોગ કરે છે. જેમાંની એક પ્રયુક્તિ એટલે સ્વપ્ન.

સ્વપ્ન એટલે શું? સ્વપ્નની પ્રક્રિયા, સ્વપ્નના કારણો, સ્વપ્નની સામગ્રી, સ્વપ્નનું વિશ્લેષણ આ તમામ બાબતો જાણ્યા પછી આ સ્વપ્ન જ્યારે કળામાં પરિવર્તિત થાય ત્યારે કેવી રીતે પ્રગટે છે? કેવા સાધનો સાથે તે કામ કરે છે? ક્યાં અને કેવી રીતે ? શા માટે ? પ્રયોજાય છે. આ તમામ પ્રશ્નો સ્વપ્નની નિરૂપણ પદ્ધતિ સાથે જોડાયેલા છે. માર્ક શોરર કહે છે તેમ જ્યારે આપણે ટેક્નિકની વાત કરીએ છીએ ત્યારે આપણે તેના સમગ્ર રૂપની ચર્ચા કરીએ છીએ. 'સાહિત્યમાં જ્યારે ટેક્નિક

પ્રયોજાય છે ત્યારે પ્લોટની સંરચના માટે, ઘટનાની વ્યવસ્થા માટે, રહસ્યની પરાકાષ્ઠા માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે જેમાં ભાષા સાધનરૂપ બને છે.' (Technique as Discovery, Mark Schorer, Spring, 1948, Vol. 1, No. 1, pp. 67)

સ્વપ્ન વાસ્તવની ટેક્નિક નવલકથાના તમામ ઘટક તત્ત્વો સાથે સંકળાયેલી છે. તે કથાવસ્તુ હોય કે પાત્ર, વાતાવરણ હોય કે પછી ભાષાશૈલી હોય. આ ઘટકતત્ત્વો જ્યારે સ્વપ્નવાસ્તવ ટેક્નિક સાથે સંકળાય છે ત્યારે તેની સાથે એકરૂપ થઈને જ કૃતિને આસ્વાદ્ય બનાવે છે. કૃતિમાં સ્થળ, સમય અને પરિમાણ અર્થે પ્રયોજાતી આ વિશિષ્ટ ટેક્નિક કેવી રીતે રચનાત્મક બને છે. તે જોવા માટે એક પછી એક આ તમામ પાસાઓ પર પ્રકાશ પાડવો આવશ્યક બને છે.

- વસ્તુસંકલના :

Plot માટે ગુજરાતીમાં વસ્તુસંકલના સંજ્ઞા પ્રયોજાય છે. ગદ્ય સાહિત્યમાં કથા કે ઘટનાની વસ્તુની યોજના કે ગૂંથણી એટલે વસ્તુસંકલના એમ કહી શકાય. કથાને અનુરૂપ વાતાવરણ, પાત્ર, પરિવેશ, કથનકેન્દ્ર, ભાષાની જાળ રચી એક સાદશ્ય આકાર આપવા અર્થે વસ્તુસંકલના પડકારરૂપ કાર્ય કરે છે. આધુનિક સમયમાં આ નવલકથાના તમામ ઘટકોને પ્રતીકાત્મક રીતે પ્રયોગાત્મક તરીકે પ્રયોજવાનું શરૂ થયું. જેના માટે વિવિધ ટેક્નિક સહાયક પુરવાર થાય છે. નવલકથામાં જેને રચના  પ્રપંચ પણ કહી શકાય. વસ્તુસંકલનાની ચર્ચા માટે જો ભૂતકાળમાં નજર કરીએ તો છેક એરિસ્ટોટલ સુધી જવું પડે.

ગુજરાતીમાં વસ્તુસંકલનાને સમજવા અનેક પર્યાયો પ્રયોજાય છે જેમ કે, વસ્તુસંરચના, વસ્તુ, વસ્તુસંઘટના, ઘટનાતંત્ર કે કથાવસ્તુ. વસ્તુસંકલના માટે એક ઉદાહરણ સામાન્ય પણે પ્રચલિત છે કે, રાજા મરી ગયો અને તે પછી રાણી મારી ગઈ આ ઘટના બને છે, પણ રાજા મારી ગયો અને તેના શોકમાં રાણી મારી ગઈ આ વસ્તુસંકલના છે. વસ્તુસંકલનનો સંબંધ કાર્યકારણનો છે. કથામાં આવું શા માટે? એવા પ્રશ્નનો જવાબ વસ્તુસંકલનામાંથી જ મળે. 'ધૂમકેતુ'ની વાર્તા 'પોસ્ટઓફિસ'માં અલી ડોસો મુસ્લિમ શા માટે? કેમ કે, તેની કબર પર પત્ર મુકવાનો છે એટલે.

કથા પ્રતીતિજન્ય લાગે એ માટે વસ્તુસંકલના કારગર હથિયાર તરીકે કાર્ય કરે છે. નવલકથાકાર કથામાં બાહ્યવાસ્તવ અને આંતરવાસ્તવનો વિનિયોગ કરતો હોય છે. મનુષ્યના આંતરવાસ્તવને પ્રગટ કરવા અર્થે સ્વપ્નવાસ્તવની પ્રયુક્તિ ઉપયોગી બનતી હોય છે, વ્યક્તિ જેવો

છે તેવો વાસ્તવિક સ્વરૂપમાં સ્વપ્ન દ્વારા જ પ્રગટ થઈ શકે છે. સ્વપ્ન પ્રયુક્તિ વસ્તુસંકલનામાં એક માળખાગત નિર્માણ પ્રક્રિયા તરીકે કાર્ય કરે છે. આ પ્રયુક્તિ કથામાં કુતૂહલ અને વિસ્મય વૃત્તિને પણ સંતોષે છે. વ્યક્તિના ચરિત્ર તથા તેના સંઘર્ષ નિર્માણ અર્થે પણ સ્વપ્ન પ્રયુક્તિ પ્રયોજાય છે.

આજનો નવલકથાકાર સ્થૂળ વાસ્તવ કરતા સૂક્ષ્મ વાસ્તવ તરફ નજર ફેરવે છે. સુરેશ જોશી ઘટનાના તિરોધાનની વાત કરે છે ત્યારે નવા પ્રકારની વસ્તુ સંકલનાની અપેક્ષા ઉપસ્થિત થાય છે. સ્વપ્ન પ્રયુક્તિ દ્વારા રચના રીતિનો આધાર લઇ હવેની નવલકથાઓમાં મનુષ્યના સમાજના આંતરલોકનું સ્વરૂપ પ્રગટ થાય છે. પરંપરાના જૂના બંધાયેલા બંધનો તુટી જાય છે. વસ્તુ જગતનું ચેતનાના સ્તરે નિરૂપણ કરવા સ્વપ્ન પ્રયુક્તિ પ્રયોજાય છે.

નવલકથામાં જ્યારે સ્વપ્નવાસ્તવનું નિરૂપણ થાય છે ત્યારે વસ્તુસંકલના પાસે અમુક બાબતોની અપેક્ષાઓ રહે છે. સ્વપ્ન એ દિવાસ્વપ્ન, નિદ્રા કે તંદ્રા સમયનો મનનો વ્યાપાર છે એટલે સ્વપ્ન આવતી વખતે પાત્ર અજાગ્રત અવસ્થામાં હોવું અનિવાર્ય છે. ઘણા સર્જકો વાચકને ખબર પડે એમ સ્વપ્ન પ્રયોજતા હોય છે. જેમ કે પાત્રને ઊંઘાડે છે અને જગાડે પણ છે. જેથી જાણ થાય કે પાત્ર જાગૃત અવસ્થામાં નથી. આ માટે સર્વજ્ઞ કથક હોય તો કથન દ્વારા અને પ્રથમ પુરુષ હોય તો પોતાની જ ક્રિયા દ્વારા સ્વપ્નાવસ્થા વ્યક્ત થાય છે.

સ્વપ્ન એ સંપૂર્ણ ચલચિત્ર હોતું નથી એટલે કે સ્વપ્ન અલગ અલગ કોલાજ ફ્રેમનો સંપુટ હોય છે. પરંતુ મોટે ભાગે સાહિત્યમાં આવતા સ્વપ્નો દીર્ઘ કથા બનીને આવતા હોય છે. સ્વપ્નમાં સંવાદો પણ નહીંવત હોય છે પરંતુ કથામાં પ્રયોજતા સ્વપ્નોમાં ઘણીવાર સંવાદોનો અતિરેક પણ જોઈ શકાય છે. દા.ત. 'સરસ્વતીચંદ્ર' નવલકથામાં આલેખાયેલા સ્વપ્નો.

સ્વપ્નવાસ્તવને નવલકથામાં પ્રયોજતી વખતે તેનું યોગ્ય કારણ કથામાં હોવું આવશ્યક બને છે. અગાઉ સ્વપ્નના કારણો વિશે ચર્ચા કરતી વખતે આપને મનોવૈજ્ઞાનિક અને શારીરિક કારણો વિશે આપને વિસ્તારથી ચર્ચા કરી ચુક્યા છીએ. આમ તો સાહિત્યમાં અકારણ કશું જ હોય તો ઔચિત્યનો ભંગ થાય છે.

- ચરિત્રનિર્માણ :

ગુજરાતી સાહિત્યની શરૂઆતની નવલકથાના પાત્રો ઉદ્દાત અને ગાંભીર્ય ધરાવતા હતાં. જેમાં આદર્શનું તત્ત્વ મોખરે હતું. સમય જતાં ધીરેધીરે આપણે આદર્શમાંથી વાસ્તવની ધરતી પર આવ્યા. આધુનિક સમયમાં માનવ એકલો અટૂલો થયો, આત્મકેન્દ્રી બન્યો, માનસિક તાણ અને સંઘર્ષ ભર્યા જીવનમાં ગૂંચવાયો. આવા સંકુલ માનવ ચરિત્રો નવલકથાનાં પાત્રો સ્વરૂપે આલેખાવા લાગ્યા ત્યારે આ ચરિત્રોના નિર્માણ માટે તેમની રીત-ભાત, ક્રિયા-કલાપો, વર્તન-વ્યવહાર આલેખવા વિવિધ મનોવૈજ્ઞાનિક પ્રયુક્તિઓ ઉપયોગમાં લેવાઈ જેમાંની એક પ્રયુક્તિ એટલે સ્વપ્ન પ્રયુક્તિ.

બોલ્ટન પાત્રાલેખન માટે ત્રણ બાબતો પર ભાર મુકે છે: (૧) પાત્રોની અરસ-પરસ ક્રિયાઓ (૨) સંકુલતા (3) સુસંગતતા. આધુનિક યુગના સંકુલ ભાવ અને લાગણીઓને રજૂ કરવા માટે સ્વપ્ન પ્રયુક્તિ સહાયક બને છે. નવલકથામાં વ્યક્તિના ચરિત્રને બે રીતે વિકસાવી શકાય: (૧) બાહ્ય વર્ણન દ્વારા (૨) તેના વર્તન વ્યવહાર દ્વારા. હવે આમાં આપણે ત્રીજી રીત ઉમેરી શકીએ એ સ્વપ્ન દ્વારા. યુંગે વ્યક્તિત્વના મુખ્ય બે પ્રકારો આપ્યા છે: (૧) અંતર્મુખી (૨) બહિર્મુખી. અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિઓ તેમના સાચા સ્વરૂપમાં જાગ્રત અવસ્થામાં ભાગ્યે જ પ્રગટ થતા હોય છે. જેથી તેમનું ખરું વ્યક્તિત્વ સ્વપ્ન દ્વારા પ્રગટ થવાની સંભાવના વધુ રહેલી હોય છે.

ચરિત્રના વર્તન વ્યવહાર સ્વપ્નમાં સુક્ષ્મ કક્ષાએ જોડાયેલ હોય છે. આ ચરિત્રના આંતરિક વ્યક્તિત્વને ઉપસાવવા સ્વપ્ન પ્રયુક્તિ અન્ય પ્રયુક્તિ કરતાં વધુ ઉચિત સાબિત થાય છે. સ્વપ્નમાં વ્યક્તિ જેવો છે તેવો વાસ્તવિક સ્વરૂપમાં પ્રગટ થાય છે. આ પ્રયુક્તિ દ્વારા લેખકે ચરિત્ર નિર્માણ અર્થે કશું કહેવું કે વર્ણવવું પડતું નથી. સ્વપ્નના અર્થઘટન દ્વારા પાત્રની સંકુલતાને પણ સ્પષ્ટ કરી શકાય છે. સ્વપ્ન પ્રયુક્તિ દ્વારા વ્યક્તિના ભૂતકાળને જાણી શકાય છે. સ્વપ્નના માધ્યમથી ફ્લેશબેકમાં જવાનો પણ અવકાશ મળે છે. પાત્રને ઓળખવા માટે તેનું બાહ્ય વ્યક્તિત્વ અને આંતરિક વ્યક્તિ બંને મહત્ત્વના હોય છે. વ્યક્તિનો આંતરિક સંઘર્ષ સ્વપ્નમાં સુપેરે રજૂ થઈ શકે છે.

નવલકથામાં જ્યારે કોઈ પાત્રને સ્વપ્ન આવે છે ત્યારે તે પાત્રની સંકુલતા રજૂ થવી જરૂરી બની જાય છે. કથામાં બહુધા મુખ્ય પાત્રને સ્વપ્ન આવતું હોય છે. જે પાત્રને સ્વપ્ન આવે છે તે વ્યક્તિ માનસિક તાણમાં હોય અથવા તો તેની કોઈ ઇચ્છાઓ દમન પામી હોય શકે. માનવી તેની બુદ્ધિ અને હૃદયને કારણે સતત સંઘર્ષમાં જીવતો હોય છે. નવલકથામાં રજૂ થતું પાત્ર પણ આવા

કોઈ વ્યક્તિગત, સામાજિક કે પારિવારીક સંઘર્ષમાં રહેતો હોય ત્યારે તેની દમિત ઇચ્છાઓ, લાગણીઓ, સંઘર્ષો સ્વપ્ન દ્વારા પ્રગટ થઈ તે પાત્રના વ્યક્તિત્વને પ્રગટ કરે છે. જેના પરિણામે પાત્ર કાલ્પનિક હોવા છતાં વાસ્તવિક લાગે છે.

- કથનકેન્દ્ર (Point of view) :

કથનકેન્દ્ર ટેક્નિક સાથે ગાઢ રીતે સંકળાયેલ અંગ છે. નવલકથાની સંરચનાનો અનિવાર્ય હિસ્સો કથનકેન્દ્ર છે. નવલકથાની કથા આપણી સમક્ષ કોઈ ને કોઈ કેન્દ્રથી રજૂ થતી હોય છે. સર્જક-કથક વિશ્વને અનેક બારીઓથી જોતો હોય છે અને પછી કોઈ એક દૃષ્ટિકોણથી ભાવક સમક્ષ રજૂ કરતો હોય છે. આ દૃષ્ટિકોણ એટલે કથનકેન્દ્ર. આપણે ત્યાં કથનકેન્દ્રના બે સ્વરૂપો સૌથી વધુ પ્રયોગમાં છેઃ (૧) હું, પ્રથમ પુરુષ (૨) સર્વજ્ઞ, ત્રીજો પુરુષ. કથક તેની અનુકૂળતા મુજબ એકથી વધુ કથનકેન્દ્રોનો પ્રયોગ કરતો હોય છે.

કથા રજૂ કરવા ક્યારેક એકથી વધુ કથનકેન્દ્ર પ્રયોજાતા હોય છે. જેમાં સ્વપ્ન પોતે પણ એક કથનપ્રયુક્તિ બને છે. કથામાં સ્વપ્ન ભૂતકાળ કે ભવિષ્યમાં ડોકિયું કરવા એક દૃષ્ટિકોણની ગરજ સારે છે. સ્વપ્ન દ્વારા વ્યક્તિના વ્યક્તિત્વની સમજ પડે છે. વળી આ સ્વપ્ન રજૂ કરવા માટે ક્યારેક પ્રથમ પુરુષ તો ક્યારેક સર્વજ્ઞ કથકની પ્રયુક્તિ ઉપયોગમાં લેવાય છે. વ્યક્તિ પોતે જૂએ અને તે તેના જ શબ્દોમાં રજૂ કરે ત્યારે પ્રથમ પુરુષનું કથનકેન્દ્ર કહેવાય અને જ્યારે કથક બધું જ જાણે છે તેમ નવલકથાના પાત્રોએ જોયેલ સ્વપ્ન રજૂ કરે ત્યારે સર્વજ્ઞ કથનકેન્દ્ર પ્રયોજાયું છે એમ કહી શકાય. પ્રથમ પુરુષનું કથનકેન્દ્ર તિવ્રતાભારી સંવેદન સૃષ્ટી રચી આપે છે અને એટલે બહુધા સ્વપ્ન નિરૂપણ અર્થે પ્રથમ પુરુષ એકવચનની પ્રયુક્તિ પ્રયોજાતી હોય છે. પ્રથમપુરુષની કથન પ્રયુક્તિ બાબતે એક દ્વિધા એ છે કે સ્વપ્ન પૂરું થયા બાદ વ્યક્તિને તે શબ્દસહ યાદ હોવું મુશ્કેલ હોય છે. વળી તેમાં સત્યતાના અંશ બાબતે પણ શંકા રહે છે. પ્રથમ પુરુષના કથનકેન્દ્રમાં કથકની ઉંમર, પરિવેશ અને મનોદશા પણ અપેક્ષિત હોય છે.

ગુજરાતી સાહિત્યમાં જે નવલકથાઓમાં સ્વપ્ન પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેમાં મોટાભાગની કૃતિઓમાં પ્રથમ પુરુષનું એકવચનનું કથન કેન્દ્ર પ્રયોજાયું છે. ‘હું’ના કથનકેન્દ્ર દ્વારા સંવેદનની તીવ્રતાનો અનુભવ કરી શકાય છે. પણ સાથો સાથ તેની સત્યતા પર પ્રશ્ન પણ

ઉદ્‌ભવી શકે છે. વ્યક્તિને આખું સ્વપ્ન યાદ રહેવું મુશ્કેલ હોય છે એવો એક મત છે, તો બીજી બાજુ એમ પણ કહી શકાય કે પોતાના સ્વપ્નને અન્ય વ્યક્તિ પોતાના જેટલી સંકુલતાથી રજૂ કરી શકશે નહિ. મનોવૈજ્ઞાનિક નવલકથાઓમાં માનવમનની સંકુલ લાગણીઓ અને અંર્તમનને પ્રગટ કરવા પ્રથમ પુરુષ એકવચન ‘હું’નું કથનકેન્દ્ર શ્રેયસ્કર રહ્યું છે.

- વાતાવરણ :

વાતાવરણને સ્થાને પરિવેશ, આબોહવા, દશ્ય સજાવટ જેવા શબ્દો પ્રયોજાતા રહે છે. કથા વાંચતા, સાંભળતા ભાવકના ચિત્તમાં જે ચિત્ર ખડું થાય એ જ વાતાવરણ. આ વાતાવરણ શબ્દ સ્થળ, કાળ, સમાજ અને વ્યક્તિ સાથે ગાઢ રીતે સંકળાયેલ હોય છે. વાતાવરણના આમ તો અનેક પ્રકાર પાડી શકાય. જેમ કે, ઐતિહાસિક વાતાવરણ જેમાં ઈતિહાસને લગતા પાત્ર, પહેરવેશ, સ્થાપત્ય, ઉચ્ચ આદર્શ હોય. સામાજિક વાતાવરણ જેમાં સમાજનું પ્રતિબિંબ હોય. સમાજની માન્યતાઓ, રહેણી-કરણી, પહેરવેશ, ભાષા, રીતરિવાજ, માનવીય સંબંધોના તાણાવાણા હોય છે. ભૌતિક વાતાવરણ જેમાં સ્થળ, રાચરચીલું, સ્થાપત્ય મહત્ત્વની ભૂમિકા ભજવે છે તો મનોવૈજ્ઞાનિક વાતાવરણમાં વ્યક્તિના સુક્ષ્મ ભાવો, લાગણીઓ અને તેની ચેતનાને પ્રગટ થવાનો અવકાશ મળે છે. આ વાતાવરણને ગ્રામીણ અને શહેરી વાતાવરણ સ્વરૂપે અન્ય વિભાગમાં વહેંચી શકાય છે. એ સિવાય સામાજિક વાતાવરણ, નૈસર્ગિક વાતાવરણ, ભારતીય વાતાવરણ, ડાયસ્પોરિક વાતાવરણ વગેરે અનેક નામો ગણાવી શકાય.

ગુજરાતી સાહિત્યમાં નવલકથાની શરૂઆત ઐતિહાસિક પરિપ્રેક્ષથી થઈ પછી સામાજિક પર્યાવરણમાં પ્રસરી અને આધુનિક સમયમાં મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણ સાથે આગળ વધી રહી છે. મનોવૈજ્ઞાનિક વાતાવરણ રચવા વિવિધ આધુનિક પ્રતુક્તિઓ જેવી કે આંતરએકોક્તિ, ચેતનાપ્રવાહ, સ્વગતોક્તી, મોન્ટાઝ, કોલાજ, સ્વપ્ન વગેરે પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે. આધુનિક નવલકથાકારો ચૈતસિક લીલાઓને પ્રગટ કરવા સ્વપ્ન પ્રયુક્તિનો ઉપયોગ કરે છે. માનવના મનની વિચ્છિન્નતા, રિક્તતા, વિષાદને ઉપસાવવા આ સ્વપ્ન પ્રયુક્તિ ઉપયોગી બને છે.

આ ચૈતસિક સ્વપ્નવાસ્તવમાં એટલે કે, નવલકથાના મનોવૈજ્ઞાનિક વાતાવરણમાં ચમત્કારનું તત્ત્વ રહેલું હોય છે. Fantacy અને અદ્‌ભુત રસનો પણ આ સ્વપ્ન વાસ્તવની ટેક્નિક દ્વારા

વિનિયોગ કરવામાં આવે છે. સ્વપ્નને પણ પોતાનું એક વાતાવરણ અપેક્ષિત હોય છે. સ્વપ્ન નિદ્રા અને તંદ્રાનો ભાગ છે એટલે સૌથી પહેલા તો નિદ્રા અને તંદ્રાનું વાતાવરણ આવશ્યક બને છે. જાગ્રત સમય કરતા સ્વપ્નનું વાસ્તવ સાવ અલગ હોય છે. આંખ બંધ થતા પ્રકાશના પડળ પણ બંધ થાય છે એટલે સ્વપ્નમાં અંધકારનું સામ્રાજ્ય હોય છે. સ્વપ્નમાં ઝાંખો પ્રકાશ હોઈ શકે જેમાં ધૂંધળા ચહેરાં જોઈ શકાય. સ્વપ્નમાં Fantcyનું વાતાવરણ હોય છે. આ કલ્પના બે પ્રકારની હોઈ શકે- સારી અને ખરાબ. એક સંશોધન મુજબ આપણા ૫૮% સ્વપ્નાઓ દુઃસ્વપ્ન હોય છે. નવલકથામાં પણ સીધી સરળ વાત કહેવા કરતા અલગ રીતે કહેવા સ્વપ્નનો ઉપયોગ થતો હોય છે. ત્યારે આ સ્વપ્ન પણ સીધું સરળ ભાગ્યે જ હોવાનું. માનવની સંકુલતા સ્વપ્નમાં Nightmare સ્વરૂપે પ્રગટે ત્યારે ભય ઉપજાવે તેવા વાતાવરણની આવશ્યકતા રહેલી હોય છે.

- ભાષા :

દરેક સાહિત્ય સ્વરૂપ માટે ભાષા એ માધ્યમની ગરજ સારે છે. ભાષા દ્વારા જ સર્જક તેના અનુભવને રૂપાંતર કરીને વ્યક્ત સ્વરૂપમાં ભાવક સમક્ષ રજૂ કરતો હોય છે. ભાષા એ નવલકથામાં ચરિત્ર, પરિવેશ, વસ્તુસંકલના, કથન સાથે સંકળાયેલ બાબત છે. નવલકથામાં ભાષા કથન, વર્ણન, અને સંવાદના સ્વરૂપે રજૂ થતી હોય છે. નવલકથામાં પાત્ર, પાત્રનું અંતઃતત્ત્વ, એની સ્થિતિઓમાં કથાની ઘટનાની સંયોજના, કથાનો સૂર વગેરેની ગૂંથણી ભાષા દ્વારા જ શક્ય બને છે.

સ્વપ્નનું કથન વર્ણન સંભળાવવા કરતા દશ્ય સ્વરૂપે દેખાડવાનું હોય છે. જેના કારણે સ્વપ્નની ભાષા રસાળ અને પ્રવાહી હોય છે. તેમાં દશ્યાત્મકતા અને ચિત્રાત્મકતા ઉભી કરવાની ક્ષમતા હોવી જોઈએ. વ્યક્તિ બોલતો હોય છે એનાથી બમણી ગતિથી તે વિચારતો હોય છે. એટલે જ વાસ્તવ કરતા સ્વપ્નવાસ્તવ(ચૈતસિક વાસ્તવ) વધુ ગતિશીલ હોય છે. આવા ગતિશીલ વાસ્તવને રજૂ કરવા ભાષા પણ ગતિ ધારણ કરે છે.

સ્વપ્નવાસ્તવમાં રહસ્ય જન્માવવા માટે પ્રતીક, કલ્પન અને રૂપકોનો ઉપયોગ કરવામાં આવે છે. વ્યક્તિનું આંતરમન અહીં સ્વપ્ન દ્વારા પ્રગટ થાય છે અને એટલે જ મનના વિવિધ સ્તરને પ્રગટ કરવા ભાષાના સ્તરો પણ બદલાય છે.

- સમયસંકલના :

નવલકથાનો કોઈ નિશ્ચિત સમય હોય છે. તે ભૂતકાળ, વર્તમાન કે ભવિષ્યની કથા હોઈ શકે છે. આ સમય ક્યારેક રૈખિક ગતિમાં તો ક્યારેક વિરુદ્ધ ગતિમાં ચાલે છે. તો ક્યારેક ત્રુટક ત્રુટક ગતિમાં પણ હોય છે.

નવલકથામાં મનોવૈજ્ઞાનિક વાતાવરણ ખડું કરવા માટે સ્વપ્નવાસ્તવ જેવી ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રયુક્તિ ચેતના પ્રવાહની પ્રયુક્તિનો જ પેટાપ્રકાર છે. એ રીતે સ્વપ્ન પ્રયુક્તિ પણ ચેતનાપ્રવાહની પ્રયુક્તિનો જ એક ભાગ છે એમ કહી શકાય. કથાને વાસ્તવિક સમયમાંથી ચૈતસિક સમયમાં લઇ જવા માટે આ પ્રયુક્તિનો ઉપયોગ થાય છે.

## ❖ ૧.૧૭ સ્વપ્નવાસ્તવ ટેક્નિક અને અન્ય ટેક્નિક વચ્ચે તાત્વિક ભેદ

અત્યાર સુધી આપણે વાસ્તવ અને સ્વપ્ન બંને શબ્દને સમજવા પ્રયત્ન કર્યો પરંતુ જ્યારે આ બંને શબ્દ સંયોજાય અને નવલકથામાં પ્રવેશે છે ત્યારે તે એક ટેક્નિક સ્વરૂપે આવે છે. આ ટેક્નિકને આપણે પ્રયુક્તિ, રચના રીતિ, રચના પ્રપંચ, શિલ્પ, રચના ઢાળ વગેરે નામથી ઓળખીએ છીએ. રચના પ્રયુક્તિ કે રચનારીતિ અર્થે ઘણા સંશોધન થયેલ છે. અહીં રચનારીતિ વિશે વિસ્તારથી વાત કરવાને બદલે મૂળ બાબત પર જ આવું છું.

સર્જક તેના મનમાં રચાતાં અનુભવના પીંડને આકાર આપવા અવનવી રચના પ્રયુક્તિનો ઉપયોગ કરતો હોય છે. ગુજરાતી સાહિત્યની શરૂઆત ઐતિહાસિક નવલકથાથી થઈ છે. આમ જોઈએ તો ગુજરાતી નવલકથા ૧૫૦ વર્ષ પૂરા કરવા તરફ ગતિ કરી રહી છે ત્યારે આ દોઢ સો વર્ષમાં ગુજરાતી નવલકથાના સ્વરૂપમાં અનેક પરિવર્તનો આવ્યા. તેની સામેનો માનવ સમાજ બદલાયો, માનવીય મુલ્યો, રીત-રિવાજો પરંપરાઓ પરિવર્તન પામી અને તેની સીધી અસર નવલકથા સ્વરૂપે ઝિલી. સુધારા યુગમાં સુધારાનો સૂર હતો. ખોટા રીત-રિવાજો, અંધશ્રદ્ધા સામે આ સમયમાં બંડ પોકારાયું. આ સમયના સાહિત્યએ સામાજિક મુલ્યો તરફ તેની નજર ઠેરવી. પંડિત યુગમાં વ્યવસ્થિત અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કરી ભારતીય સંસ્કૃતિના પુનરુત્થાનના પ્રયાસો થાય છે. અતિશય પંડિતાઈ સામે ગાંધીજી કોશિયો પણ સમજી શકે તેવા સાહિત્યની માંગ જન્માવે છે. અસ્પૃશ્યતા, હિન્દ છોડો આંદોલન તથા દ્વિતીય વિશ્વયુદ્ધના પ્રભાવે નવલકથા નવી દિશામાં વળાંક લે છે. શરૂઆતમાં નવલકથાના કેન્દ્રમાં સમાજ આવ્યો અને આધુનિક સમયમાં વ્યક્તિ આત્મકેન્દ્રી

બનતા હવે સમાજથી સંકોચન પામી વ્યક્તિની સંકૂલ ભાવનાઓ અને લાગણીઓ નવલકથાનો વિષય બને છે. આમ નવલકથામાં ક્યાંક પુરાતન જગત હોય તો ક્યાંક સામાજિક જગત તો ક્યાંક વ્યક્તિનું આંતરજગત હોય છે. આ અલગ અલગ સૃષ્ટિને રજૂ કરવા કોઈ એક જ રચના રીતિ કારગર ન નીવડી શકે એટલે કથાવસ્તુ મુજબ સર્જક અલગ પ્રયુક્તિનો આશરો લે છે. નવલકથાનું વસ્તુ સ્થૂળથી સુક્ષ્મ તરફ ગતિ કરે છે. અત્યાર સુધી નવલકથામાં કથા મહત્ત્વની હતી. આ કથા સાથે અનેક સ્થૂળતા તરી જતી હોય છે. હવે નવલકથામાં નાવિન્યપૂર્ણ પરિવર્તન આવ્યા. હવે કથા ઓગળે છે, પાત્ર ઘટે છે. બાહ્ય વાતાવરણને સ્થાને હવે વ્યક્તિનું આંતર જગત સર્જકોને આકર્ષે છે.

ગુજરાતી સાહિત્યની શરૂઆતની નવલકથાઓમાં ઐતિહાસિક સંઘર્ષ હતો. ત્યાર બાદ વ્યક્તિનો સમાજ સાથેનો સંઘર્ષ આવ્યો, આજે વ્યક્તિનો તેની જાત સાથેનો સંઘર્ષ મુખ્ય ધારામાં છે. વ્યક્તિના મનમાં ચાલી રહેલા વિચાર અને લાગણીઓને પ્રગટ કરવા જૂના હથિયાર બુઠ્ઠા સાબિત થયા એટલે વ્યક્તિના માનસિક સંઘર્ષને રજૂ કરવા નવી ટેક્નિકો તરફ સર્જકની નજર ગઈ. નવલકથામાં આંતરવિદ્યાઓ અરસ પરસ સહાયક બની જેમાં મનોવિજ્ઞાન સાથે નવલકથાનો નાતો મજબૂત બન્યો. આ વ્યક્તિગત મનોવિજ્ઞાનને રજૂ કરવા આજના સર્જકો નવી ટેક્નિકોનો આશરો લેતા થયા. જેમાં ચેતના પ્રવાહ, એકોક્તિ, સ્વગતોક્તી, મોન્ટાજ, કોલાજ, મિરર ઈમેજરી, ફ્લેશબેક, ફાસ્ટફોરવર્ડ, બાયોફોકલ, પ્રતીક, કલ્પન અને સ્વપ્ન જેવી ટેક્નિક સર્જકને નવલકથા નિરૂપણ અર્થે સહાયક બને છે. આ ટેક્નિકો વિશે પણ વિગતે વાત અહીં અપેક્ષિત ન હોઈ માત્ર સ્વપ્નપ્રયુક્તિ સાથે તેના સંબંધ વિશે ચર્ચા કરીશું.

નવલકથામાં મનોવૈજ્ઞાનિક વાતાવરણ ઊભું કરવા તથા વ્યક્તિના ચેતનાના વિવિધ સ્તરને પ્રગટ કરવા ઉપર જણાવેલ પ્રયુક્તિઓનો ઉપયોગ થાય છે. જેમાં ચેતના પ્રવાહ પ્રયુક્તિ મુખ્ય છે. બાકી પ્રયુક્તિઓ તેની સહાયક કે તેનો જ એક પેટા પ્રકાર કહી શકાય. આ પ્રયુક્તિમાં આંતર એકોક્તિ, મુક્ત સાહચર્ય અને સ્વગતોક્તિ મુખ્ય છે. જે પાત્રની જાગ્રત અવસ્થા સમયે જ પ્રયોજાય છે. સ્વપ્ન પ્રયુક્તિ માટે પાત્રનું નિદ્રા કે તંદ્રામાં હોવું આવશ્યક છે. ઉપર જણાવેલ ત્રણેય પ્રયુક્તિમાં વ્યક્તિ એકલો જ હોય છે. જ્યારે સ્વપ્નમાં વ્યક્તિ એકલો હોય પણ અને ન પણ હોય. કપોળ કલ્પના, પ્રતીક, કલ્પન વગેરે પ્રયુક્તિઓ સ્વપ્ન પ્રયુક્તિની પૂરક પ્રયુક્તિ તરીકે તો ક્યારેક સહાયક તરીકે પ્રયોજાય છે. કેમ કે સ્વપ્નમાં Fantacy અને પ્રતીકાત્મકતા બન્ને આવશ્યક હોય છે.

સ્વપ્નનું કારણ ભૂતકાળમાં રહેલું હોય છે અને તેનું ફળ ભવિષ્ય તરફ નિર્દેશ કરે છે. આ રીતે સ્વપ્ન પ્રયુક્તિ Flash-back અને Fast-forword પ્રયુક્તિ સાથે પણ સંકળાયેલ છે.

સ્વપ્ન પ્રયુક્તિ નવલકથાના કોઈ એકમાત્ર ઘટક સાથે નહિ પરંતુ સમગ્ર વસ્તુસંકલના અર્થે પ્રયોજાય છે. નવલકથાના તમામ ઘટકો સાથે તેનું વિશિષ્ટ સંયોજન સધાય છે. કયારેક સ્વપ્ન આ ઘટક તત્ત્વો પર અસર કરે છે તો ક્યારેક આ ઘટક તત્ત્વો સ્વપ્નને અસર કરતા હોય છે. આ અસર તળે બંનેમાં જરૂરી ફેરફાર આવતા હોય છે.

સંશોધનમાં એ પ્રશ્ન પહેલેથી જ છે કે કૃતિ પહેલા કે સિદ્ધાંત? સ્વપ્નવાસ્તવ પ્રયુક્તિની સૈદ્ધાંતિક ચર્ચા બાદ આ રચના પ્રયુક્તિ નવલકથાની વસ્તુસંકલના, પાત્ર, ભાષા, પરિવેશ વગેરે ઘટકતત્ત્વ સાથે કેવી રીતે કાર્ય કરે છે એ પસંદગીની કૃતિના અવલોકન દ્વારા જાણવાનો ઉપક્રમ હવે પછીના પ્રકરણોમાં રહેશે. અંતે તો કોઈપણ સિદ્ધાંત સાહિત્યિક કૃતિને કેટલો ઉપકારક છે એ જ જોવાનું રહ્યું.